卐 णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स 卐

શ્રી જૈન પ્રવચનના ગ્રાહકોને વર્ષ ૨૨ માના અંક ૪૩ થી ૪૮ ભેટ

શ્રી પર્યુષણ સંદેશ લેખમાળા

[આઠ લેખોના સંગ્રહ]

★

લેખક

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી-પટ્ટપ્રભાકર, પૂ સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર-પૂ. પરમ શાસનપ્રભાવક, મહારાષ્ટ્ર દેશોદ્ધારક, વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

★

છુટક નકલનું મૂલ્ય-એક રૂપીઓ

卐 શ્રી વીર સંવત્ ૨૪૭૮ સને ૧૯૫૧ વિક્રમ સંવત્ ૨૦૦૮ 卐

પ્રકાશક
નવાબ ચદુલાલ મોતીલાલ, શ્રી જૈન પ્રવચન
શ્રી જૈન પ્રવચન કાર્યાલય, ટંકશાળની પોળ, અમદાવાદ

નિવેદન

આ લેખસંગ્રહને પુસ્તકાકારે છપાવવાની વિચારણા ચાલુ હતી, તે દરમ્યાનમા શેઠ અમૃતલાલ દલસુખભાઈ હાજી અને શેઠ હીરાલાલ છોગાલાલ ઝવેરીએ જણાવ્યું કે–'આવા સાહિત્યના પ્રકાશન અને પ્રચારમા વાપરી શકાય તેવી રૂપીઆ પદર સોની રકમ અમારા હસ્તક છે' અને આ પ્રકાશન માટે મજકુર રકમ શ્રી જૈન પ્રવચન કાર્યાલયને સુપ્રત કરવાની તેમણે સહર્ષ ઇચ્છા વ્યક્ત કરી આથી મજકુર રકમમાથી આ નાનકડું પુસ્તક પ્રગટ કરવામા આવ્યું છે

અમારા દષ્ટિદોષ આદિ કોઈ કારણે આ પુસ્તકમા જો કાઈ પણ ભૂલ રહી જવા પામી હોય, તો તે બદલ મિચ્છા મિ દુક્કડ દઈએ છીએ

–પ્રકાશક

મુદ્રક
ગોવિંદલાલ મોહનલાલ જાની
શ્રી કિશા પ્રિન્ટરી, રતનપોળ, અમદાવાદ

પ્રાસંગિક વાતો

આ લેખમાળા અસ્તિત્વમાં આવી, તેનો સુયશ અમદાવાદના 'સંદેશ' નામના સુપ્રસિદ્ધ દૈનિકના અધિપતિ શ્રીયુત ઓડીવાળાને ફાળે જાય છે 'સંદેશ' કાર્યાલયના વૃત્તાન્ત નિવેદક શ્રીયુત ચન્દ્રકાન્ત વ્યાસ દ્વારા જો તેઓ માગણી કરત નહિ અને શ્રીયુત વ્યાસ વારંવાર આ વિષેનો આગ્રહ સેવત નહિ, તો આ લેખમાળા અસ્તિત્વમાં આવવા પામત નહિ કારણ કે-આવી કોઈ લેખમાળાને તૈયાર કરવાની પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજે વિચારણા કરેલી નહિ તેમજ શાસનની આરાધના, પ્રચારણા અને પ્રભાવના આદિને લગતી વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓશ્રી ખૂબ જ રોકાએલા હતા

આ લેખમાળા તૈયાર થયા બાદ, તેઓશ્રીએ, આ આખી ય લેખમાળા શ્રી જૈન પ્રવચન કાર્યાલયને આપી અને શ્રી જૈન પ્રવચન કાર્યાલય તરફથી ભાઈ શ્રીકાન્તે 'સંદેશ' કાર્યાલયના વૃત્તાન્તનિવેદક શ્રીયુત વ્યાસને તેની નકલ સુપ્રત કરી તે પછી, 'સંદેશ' પત્રમાં તેમજ 'સેવક' પત્રમાં આ લેખમાળાના પ્રકાશનને લગતી જાહેરાત, શ્રીયુત ઓડીવાળા તરફથી પોતાની સહી સાથે કરવામાં આવી, જેની નકલ આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે તે પછી બીજા જ દિવસથી આ લેખમાળાના આઠ લેખો ક્રમશ 'સંદેશ' દૈનિકમાં પ્રગટ થવા શરૂ થયા

નોંધપાત્ર બીના એ પણ છે કે-દૈનિક પત્રોમાં પ્રગટ થતા લેખોના મુદ્રણમાં જેવી અશુદ્ધિઓ આવવી એ સ્દન

સ્વાભાવિક મનાય છે, તેવી અશુદ્ધિઓ પણ આવી જવા પામે નહિ, તેની બનતી કાળજી 'સંદેશ' કાર્યાલય તરફથી રાખવામા આવી હતી આ લેખોને વાચવાને માટેનું આક- ર્ષણ વધે એવી ગોઠવણ કરવા પ્રત્યે પણ 'સંદેશ' કાર્યાલયે લક્ષ્ય આપ્યું હતું વળી દરેકે દરેક લેખમા, 'સંદેશ' કાર્યા લયે પોતાના તરફથી બનાવેલો પૂ આચાર્યદેવશ્રીનો બ્લોક પણ પ્રગટ કર્યો હતો

આ લેખમાળાના આઠ લેખો ઉપર જે તિથિ, તારીખ અને વાર છાપવામા આવેલ છે, તે એટલુ જ સૂચવે છે કે-તે તે લેખ તે ત દિવસના 'સંદેશ' દૈનિકમા પ્રગટ થયો હતો વળી, આ લેખમાળા શ્રી પર્યુષણપર્વને જ આશ્રયીને લખવામા આવી નહોતી, પરન્તુ આ લેખમાળા શ્રી પર્યુષણા અઠ્ઠાઈના જ દિવસોમા 'સંદેશ' પત્રમા પ્રગટ થવાની હોવાથી, સાતમા અને આઠમા લેખાકમા શ્રી પર્યુષણપર્વને આશ્રયીને વિચારણા રજૂ કરાએલી છે આથી જ, આ લેખમાળા સાથે 'શ્રી પર્યુષણ' અને 'સદેશ' એ બે શબ્દો યોજવામા આવ્યા છે

આ લેખો ક્રમશ શ્રી જૈન પ્રવચન સાપ્તાહિકમા પ્રગટ કરવાના હતા, પરન્તુ આ લેખમાળા પુસ્તકાકારે છપાવીને શ્રી જૈન પ્રવચનના ગ્રાહકોને મોકલવી એ વધારે ઠીક થઈ પડશે એમ લાગવાથી, શ્રી જૈન પ્રવચનના ચાલુ વર્ષ ૨૨ માના અક ૪૩ થી અક ૪૮-એમ છ અકોના બદલામા, આ પુસ્તક શ્રી જૈન પ્રવચનના ગ્રાહકોને મોકલી આપવાનો નિર્ણય કરવામા આવ્યો છે -પ્રકાશક

પૂ સદ્‌આગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વર્ગસ્થ
આચાર્યદેવ શ્રીમદ્



વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના
– પટ્ટાલંકાર –



પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્
વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ, આચાર્યવર્ય શ્રીમદ્
વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના
— પટ્ટપ્રભાકર —



પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ,
આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

અમદાવાદ અને સારાયે મહાગુજરાતની

જૈન આલમને તથા અન્ય જૈનેતર

જનતાને પ્રાપ્ત થનારો સુવર્ણ અવસર

અમદાવાદ અને સારાયે મહાગુજરાતની જૈન આલમને તથા અન્ય જૈનેતર જનતાને જણાવતાં અમને અત્યંત આનંદ થાય છે કે છેલ્લાં અગીયાર અઠવાડીયાથી અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં દર રવિવારે સવારમાં જેમનું વ્યાખ્યાન સાંભળવા માટે હજારો જૈન ભાઈ–બ્હેનો તેમજ જૈનેતરો તલપાપડ થઈ રહ્યા હોય છે તે પ્રખર વિદ્વાન આચાર્ય મુનિ શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને આગામી પવિત્ર પર્યુષણપર્વ પ્રસંગે દરરોજ 'સંદેશ'ના લાખો વાંચકોને તેમનો સંદેશો વાંચીને મનન કરી શકે તેવી રીતે દરરોજ જુદા જુદા વિષયો ઉપર પોતાના સ્વહસ્તે લખેલા લેખો આપવા અમે વિનતિ કરી હતી મુનિશ્રીએ અમારી આ વિનતિનો સહર્ષ સ્વીકાર કર્યો છે અને અમને તેમજ અમારા લાખો વાંચકોને ખુબજ આભારી કર્યા છે મુનિશ્રીના સ્વહસ્તે લખાયેલ આઠ લેખો પર્યુષણ પર્વના દિવસોમાં બુધવારના દિવસથી દરરોજ એક એક પ્રગટ કરીશું

જૈનેતર ભાઈઓને પણ આ લેખમાળા વાંચવાની અમારી ખાસ વિનતિ છે કારણ કે "જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો માત્ર જૈનોના હિતને માટે હોતી નથી પરંતુ જગતના જીવમાત્રના હિતને માટે હોય છે પછી ભલેને તે જૈનોને ઉદ્દેશીને કહેવાયેલી હોય "

(પાછળ)

અમે અમારા વાંચકોને યાદ આપવા માગીએ છીએ કે મુનિશ્રીનાં વ્યાખ્યાનો તેમજ લેખો ક્રાંતિકારી અને આધુનિક વિચારશ્રેણિ ધરાવતા હોઈ માનવહૃદયના તાર ઝણઝણાવી મૂકે તેવા હોય છે, પછી તે માનવી ગમે તે ધર્મનો હોય. 'સંદેશ'માં પ્રગટ થતા આ લેખો વાંચજો અને તેનો સંગ્રહ કરજો અને અમે આપને ખાત્રી આપીએ છીએ કે તમારા જીવનમાં ચમત્કારિક ફેરફારો જણાશે અને તમને ખુબ શાંતિ મળશે.

× × ×

પર્યુષણ પર્વના આઠે દિવસ પ્રખર વિદ્વાન મુનિશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના મનનીય લેખો "સંદેશ"માં જ આવવાના છે અને સંભવ છે કે એ દિવસથી કોપીઓ મેળવવામાં મુશ્કેલી પડે તો પહેલેથી જ તમારી કોપી મેળવવાનો પાકો બંદોબસ્ત કરી લેશો અને ગોરખધંધા કરનારા એજંટો અને ફેરીયાઓની જાળમાં ફસાશો નહિ.

લી.
નંદલાલ બોડીવાળા
તંત્રી "સંદેશ"

ઉપરની જાહેરાત, વિ. સં. ૨૦૦૭—શ્રાવણ વદી ૧૧—તા. ૨૮-૮-૧૯૫૧ મંગળવારે સવારે "સંદેશ"માં અને તે જ દિને સાંજે "સેવક"માં પ્રગટ થઈ હતી. આ જાહેરાતો સાથે પૂ. આચાર્યદેવનો બ્લોક પ્રગટ કરાયો હતો.

—પ્રકાશક

શ્રી પર્યુષણ સંદેશ લેખમાળા

[આઠ લેખોનો સમૂહ]

અનુક્રમણિકા



લેખાંક પહેલો

"માણસ માત્રે સેવવા યોગ્ય ધર્મ જ છે અને મેળવવા યોગ્ય મોક્ષ જ છે!"

—આ વાતને હૈયામાં ઠેરા કરવી હોય, તો તમે જિનાજ્ઞાભાવપૂર્વકના સભ્ય સ્વભાવે જ, તમારા પોતાના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો પણ, સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરો!

આર્ય દેશમાંથી સૂક્ષ્મ બુદ્ધિવાળાઓ ખૂટી ગયા નથી, છતા જડતા શાથી આવી ગઇ છે!

જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો માત્ર જૈનોના હિતને માટે જ હોતી નથી, પરન્તુ જગતના જીવ માત્રના હિતને માટે હોય છે, પછી તે ભલે ને જૈનોને જ ઉદ્દેશીને કહેવાઇ હોય

લેખક

પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ,

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

આપે બીજી તરફ 'સંદેશ'ના બહોળા વાચકવર્ગમાંનો બહોળો વર્ગ શ્રી જૈન ધર્મનો અનુયાયી નથી, એ વાત પણ એમના ખ્યાલ બહાર નહિ હોય વળી શ્રીયુત ઓડીવાળા પોતે પણ શ્રી જૈન ધર્મના અનુયાયી નથી આટલુ છતા પણ શ્રીયુત ઓડીવાળાએ આવો સદેશ મેળવવાનો નિર્ણય કર્યો, એની પાછળ એક ગુણ મહત્ત્વનો ભાગ ભજવતો હોય, એવી કલ્પનાને ઘણો મોટો અવકાશ છે જે ગુણની કલ્પનાને અહીં અવકાશ છે, તે ગુણની અપેક્ષા આને વાચનાર માત્ર તરફથી પણ રાખવામાં આવે છે 'જિજ્ઞાસુ ભાવપૂર્વકનો મધ્યસ્થભાવ' એ એક એવો ગુણ છે કે-માણસને સાચી દિશાની શોધમા ખૂબ મદદગાર નિવડે આ ગુણવાળો, કોઈની પણ વાતનો નિર્દોષપણે વિચાર કરી શકે અને એથી એ વાતના વાસ્તવિક મર્મને પામવામા એ વિચારણા એને ઘણી જ સહાયક નિવડે એક વાતમા વિચારબદ્ધ બની જઇને જો બીજી વાતને વિચારવામા આવે, તો એ વિચારબદ્ધતા ના યોગે બીજી વાતની વિચારણા દૂષિત બન્યા વિના રહે નહિ એટલા માટે તો, ન્યાયાધીશોએ જ્યા સુધી મુકદ્દમો ચાલે ત્યા સુધી માત્ર મધ્યસ્થભાવે ગુણ-દોષને જોયા કરવાના હોય છે અને તે પછી જ એ ગુણ-દોષના આધારે નિર્ણય કરવાનો હોય છે સ્વચ્છ માનસની વિચારણાનો આ પણ એક નમુનો છે એટલે આ સદેશના વાચકો, અહીં કહેવ ની વાતોનો વિચાર, 'આ તો એક જૈનાચાર્યે કહેલી વાતો —એ રીતિએ નહિ કરતા, કહેવાતી વાતોના મર્મને પામ પ્રયત્ન કરશે, એવી આશા રાખવામા આવે છે

જન્મે છે, વિવેક જન્મે છે અને એમાથી ક્રમે કરીને સઘળા ગુણોનું પ્રગટીકરણ પણ થઈ શકે છે જે આત્માઓ કૃતજ્ઞ નથી હોતા, તેઓ પરોપકારી પણ બની શકતા નથી પોતાના ઉપર કરાયેલા બીજાના ઉપકારને જે જાણે નહિ અને ગણે નહિ, તેના હૈયામા બીજાના ઉપર ઉપકાર કરવાનો સાચો ભાવ પ્રગટેજ નહિ એટલે આ 'સદેશ'ના વાચકોને માટે, સૌથી પહેલો સદેશ તો કૃતજ્ઞ બનવાના સૂચન રૂપ છે જે આત્માઓ કૃતજ્ઞ હશે અગર કૃતજ્ઞ બનશે, તે આત્માઓને એમ પણ લાગશે કે–આ વાત પણ આપણા ઉપરના ઉપકારના ભાવથી જ આપણી સમક્ષ મૂકાઈ છે, અને હૈયામા એ જાતિનો ભાવ પ્રગટવાના યોગે, તેઓ આ વાતને મધ્યસ્થપણે વિચારવાની સાથે, આ વાતને આચારમા ઉતારવા જેવી લાગશે તો, આ વાતને આચારમા ઉતારવાનો યથાશક્ય પ્રયત્ન કર્યા વિના પણ રહી શકશે નહિ

જિજ્ઞાસુભાવપૂર્વકનો મધ્યસ્થભાવ જોઈએ

શ્રીયુત લોડીવાળાએ જ્યારે મારી પાસેથી 'સંદેશ'ના વાચકોને માટેનો 'સદેશ' મેળવવાની ઇચ્છા કરી હશે, ત્યારે એ વાતનો એમને ઓઘ રીતિએ પણ ખ્યાલ તો હશે જ કે–એક માણસ જ્યારે શ્રી જૈન ધર્મના આચાર્યપદેથી 'સદેશ' આપશે, ત્યારે તે 'સદેશ' કેવા પ્રકારનો હશે કોઈ પણ માણસ, પોતાની સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકે એવી આ વાત છે કે–કોઈ પણ જૈનાચાર્ય જો સદેશ આપે, તો તે સદેશ શ્રી જૈનધર્મના ફરમાનોને અનુસરીને જ આપે અને તે સદેશ શ્રી જૈનધર્મના ફરમાનોને અનુસરતોજ

હોય છે આ કારણે, જે કોઈ આત્માઓ 'જિજ્ઞાસુભાવ પૂર્વકના મધ્યસ્થભાવે' જૈનાચાર્યોની વાતોનો, જૈનાચાર્યો દ્વારા રજૂ કરાતી વાતોનો વિચાર કરે છે, તેઓ જો સૂક્ષ્મ બુદ્ધિને ધરનારા હોય છે, તો તેઓ જગતમા વિદ્યમાન એવા સદ્‌ના અને અસદ્‌ના વિવેકને પામી શકે છે અને એ રીતિએ વિવેકને પામેલા આત્માઓ, ક્રમશ અસદ્‌વર્તનથી સર્વથા મુક્ત બની જઈને, સંપૂર્ણ કોટિના સદ્‌વર્તનવાળા બની જાય છે

સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરનારા બનો !

કોઈ પણ વસ્તુના પરમાર્થને પામવાને માટે, જેમ જિજ્ઞાસુભાવપૂર્વકના મધ્યસ્થભાવની જરૂર છે, તેમ સૂક્ષ્મ બુદ્ધિપૂર્વકના પ્રયત્નની પણ જરૂર છે એકની એક ક્રિયાને જોઈને સ્થૂલ બુદ્ધિવાળાઓ જે વિચાર કરે છે અને સૂક્ષ્મ બુદ્ધિવાળાઓ જે વિચાર કરે છે, તેમા મોટુ અન્તર રહે છે સ્થૂલ બુદ્ધિવાળાઓને ત્યાગી અને તપસ્વી જનો દુ ખમા પડેલા લાગે છે, જ્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળાઓને ત્યાગી અને તપસ્વી જનો સુખને સાધી રહેલા લાગે છે મા અગર શિક્ષક, પુત્ર અગર વિદ્યાર્થિને વિવેકપૂર્વક શિક્ષા કરે, ત્યારે સ્થૂલ બુદ્ધિવાળાઓને એમા નિર્દયતા લાગે છે, જ્યારે સૂક્ષ્મ બુદ્ધિ વાળાઓને એમા દયા લાગે છે રોગી માણસને અપથ્ય નહિ આપનાર અને પરાણે કડવી અગર બેસ્વાદ દવા પાનાર માટે સ્થૂલ બુદ્ધિવાળાઓ એવું માની લે છે કે-આ રીતિએ રોગી માણસને હેરાન કરાય છે, જ્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળાઓ કહેશે કે-રોગી માણસને રોગમુક્ત બનાવવાનો ઉપાય યોજાય છે 'કોઈ આપણું બગાડે તો આપણે એનું બગાડવું જ'-

જૈનાચાર્યો જીવ માત્રના ભલાની જ વાત કરે છે

જૈનાચાર્યોની કોઈ પણ વાત, માત્ર જૈનોના જ હિતને અનુલક્ષીને હોય છે, એવું કદી પણ હોતું નથી જૈનાચાર્યોની અમુક અમુક વાતો માત્ર જૈનોને ઉદ્દેશીને જ કહેવાયલી હોય અગર તો કહેવાતી હોય એ બને, પરન્તુ એ વાતો ય માત્ર જૈનોના જ હિતને અનુલક્ષીને હોતી જ નથી જૈનાચાર્યો દ્વારા કહેવાતી પ્રત્યેક વાત પાછળ, માત્ર જૈનોના જ નહિ, પરન્તુ જગત આખાના–જીવ માત્રના હિતની દૃષ્ટિ રહેલી હોય છે જેના હૈયામા જગતના જીવ માત્રના ભલાની ભાવનાને સ્થાન નથી, તે નથી તો જૈનાચાર્ય ને નથી તો જૈનાચાર્ય બન વાને લાયક જૈનાચાર્ય જે કાઈ વાત કરે, તે શ્રી જૈન શાસનને અનુસરતી જ વાત કરે, પરન્તુ શ્રી જૈન શાસનની એક પણ વાત એવી છે જ નહિ અગર હોઈ શકે પણ નહિ, કે જે વાતમા પ્રત્યક્ષ રીતિએ કે ગર્ભિત રીતિએ પણ જગતના જીવ માત્રના ભલાનો હેતુ હોય નહિ જે વાતમા જગતના જીવ માત્રના ભલાનો હેતુ નહિ, માત્ર અમુક જ જીવોના ભલાનો હેતુ, તે વાત શ્રી જૈન શાસનની છે–એવું જો કોઈ કહે, તો અમે કહીએ કે–એને શ્રી જૈન શાસનના વાસ્તવિક સ્વરૂપનું ભાન જ નથી જીવ માત્રનુ ભલુ, એ જ શ્રી જૈન શાસનનું મૂળ છે અને શ્રી જૈન શાસન તો સૌને જગતના જીવ માત્રના ભલાની ભાવનાવાળા બનાવવાની જ આકાંક્ષા ધરાવે છે એટલે જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો, માત્ર જૈનોના જ હિતની દૃષ્ટિવાળી કદી પણ હોતી નથી, પરન્તુ જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો, સદાને માટે જગતના સઘળા ય જીવોના હિતની દૃષ્ટિવાળી જ

ધર્મ તે કહેવાય, કે જે જીવને દુર્ગતિમા પડતા બચાવનારો હેતુ હોય જેના યોગે જીવની દુર્ગતિ થાય નહિ અગર તો દુર્ગતિ થતી અટકે, તેને ધર્મ કહેવાય ધર્મને વિષે જેઓના હૈયામા આવા પ્રકારની શ્રદ્ધા હોય, તેવા માનવોએ ધર્મને સદાને માટે નિપુણ મતિથી જ જાણવો જોઈએ ધર્મને જો નિપુણ બુદ્ધિથી જાણવાનો પ્રયત્ન કરવામા આવે નહિ, તો સ્થૂલ બુદ્ધિના યોગે પરિણામ એ આવે કે-હૈયામા અભિપ્રાય હોય ધર્મનો અને ખરી રીતિએ એ જ ધર્માભિપ્રાય દ્વારા ધર્મનો વિઘાત સર્જાતો હોય આ વસ્તુને સમજાવવાને માટે, એક સુન્દર ઉદાહરણ પણ આપવામા આવ્યુ છે તમારા હૈયામા સાધુ સેવાનો સુન્દરભાવ પ્રગટચો તમને લાગ્યુ કે-'હાલ હુ બીજી કોઈ રીતિએ તો સાધુજનોની સેવા કરી શકુ તેમ નથી, પરન્તુ જે જે સાધુજનો રોગાદિકના કારણે અશક્ત બની જવા પામ્યા હોય અગર રોગાદિકના કારણે અશક્ત બની જવા પામે, તેઓને મારે તેઓને જરૂરી એવી ઔષધિઓ પૂરી પાડવી' આવો વિચાર કરીને, તમે તમારી શક્તિ અને સામગ્રી મુજબ નિર્ણય કર્યો કે-'આ ઔષધિવિતરણનુ શુભ કાર્ય હુ એક વર્ષ તો જરૂર કરીશ' તમે આવી પ્રતિજ્ઞા કરીને, સાધુઓનો સસર્ગ સાધવા લાગ્યા જ્યા સાધુ હોય ત્યા જવુ અને કોઈને ય ઔષધની આવશ્યકતા છે કે નહિ, તેની તપાસ કરવી-આવુ તમે બારેય મહિના સુધી, એક પણ દિવસને ખાલી જવા દીધા વિના કર્યુ પરન્તુ ભાગ્યયોગે બન્યુ એવુ કે-કોઈ પણ સાધુજન રોગાદિકમા સપડાયા નહિ અને એથી તમે આખા ય વર્ષમા

આવો વિચાર સ્થૂલ બુદ્ધિવાળાઓને આવશે, જ્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળાને એ વિચાર આવશે કે–' જે બગાડે, તેનું બગડ્યા વિના રહે જ નહિ, માટે મારે મારા ભલા ખાતર પણ એનું નહિ જ બગાડવું જોઈએ ' આમ તમે વિચાર કરશો, તો તમને લાગશે કે–નાનામા નાની બાબત અથવા તો સામાન્ય-મા સામાન્ય પ્રસગ વિષે પણ સ્થૂલ બુદ્ધિવાળાનો અભિપ્રાય અને સૂક્ષ્મ બુદ્ધિવાળાનો અભિપ્રાય ભિન્ન ભિન્ન હશે એટલે જે ખરેખર સુખનું જ કારણ હોય, તેને સૂક્ષ્મ બુદ્ધિવાળો જ સુખના કારણ તરીકે સ્વીકારી શકશે, જ્યારે સ્થૂલ બુદ્ધિવાળો ઘ્ઃ જ કારણને દુ ખના કારણ તરીકે સ્વીકારવાની ભૂલ કરશે સારી કે ખોટી, કોઇ પણ ક્રિયા, કોઈ પણ પ્રરૂપણા, કોઇ પણ માન્યતાના અન્તિમ પરિણામ સુધી નજર તો, સૂક્ષ્મ બુદ્ધિવાળાઓની જ પહોચી શકે છે, એટલે જેઓ આત્માના હિતના અર્થિઓ હોય, તેઓએ તો તેમની સમક્ષ આવેલી કોઈ પણ વાતનો, માત્ર ઉપલક દૃષ્ટિએ વિચાર કરવાનું માડી વાળવું જોઈએ અને એના મર્મ સુધી પહોચાય એવો પ્રયત્ન કરવો જોઈએ એ વિના સાચુ તત્ત્વ પાસે હોવા છતા ય પોતાનું બની શકે નહિ

<u>ધર્મબુદ્ધિથી પણ ધર્મનો વિઘાત થવો એ સભવિત છે'</u>

એટલા માટે તો, શ્રી જૈન શાસનમા, ધર્મને સૂક્ષ્મ બુદ્ધિથી જાણવાનો પ્રયત્ન કરવાનું, ખાસ ઉપદેશાયુ છે શ્રી જૈન શાસનમા થઈ ગએલા અનેક મહાન આચાર્યોમાના એક સમર્થ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આ સબધમા ફરમાવ્યુ છે કે–

'सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिनर ।
अन्यथा धर्मबुद्ध्यैव तद्विघात प्रसज्यते ॥ १ ॥

માણસની–કોઈ પણ માણસની તો શું, પણ કોઈ પણ જીવની માંદગીને ઈચ્છવી, એ ખરાબ–અધાર્મિક–પાપ રૂપ અભિપ્રાય છે આપણને સેવાનો લાભ મળે, એ હેતુથી પણ કોઈથી કોઇની માંદગીને ઈચ્છી શકાય નહિ માંદગી આવી જાય તો સેવા કરવી એ ધર્મ, પણ સેવા કરવાના હેતુથી ય કોઈની પણ માંદગીને ઈચ્છવી એ અધર્મ જ સ્થૂલ બુદ્ધિવાળાઓ આવું પૃથક્કરણ કરી શકતા નથી એવાઓની નજર સેવા તરફ હોય છે, પણ 'આ સેવા એવા પ્રકારની છે કે–એવી સેવાનો સમય ઉપસ્થિત ન થાય તો એથી શોક નહિ કરવો જોઈએ, કારણ કે–એમ શોક કરવાથી સાધુજનોની અગર તો અન્ય જીવોની માંદગીને ઈચ્છવા રૂપ પાપ લાગે છે'–આ વાતને સ્થૂલ બુદ્ધિવાળા માણસો વિચારી અને સમજી શકતા નથી સૂક્ષ્મ બુદ્ધિવાળાઓને રોગવાન સાધુજનો આદિની સેવા કરવાનો લાભ લેવાની ઈચ્છા હોય ખરી, પરન્તુ એ આત્માઓ જો કોઈ પણ સાધુજન આદિ માંદા ન પડે, તો એથી શોકની લાગણી અનુભવે નહિ, પણ આનન્દની લાગણી અનુભવે

ધર્મ જ સેવવા યોગ્ય છે ને મોક્ષ જ મેળવવા યોગ્ય છે !

આમ, સ્થૂલ બુદ્ધિના કારણે, ધર્મના અભિપ્રાયથી પણ ધર્મનો વિઘાત થવાનો મોટો ભય રહે છે, તો પછી જેઓએ પોતાના હૈયામાં ધર્મની વૃત્તિને પેદા કરવી હોય, તેઓએ તો દરેક વાતનો કેટલી બધી સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવો જોઈએ ? જો સૂક્ષ્મ બુદ્ધિ હોય અને સૂક્ષ્મ બુદ્ધિથી દરેક વાતને વિચારીને નિર્ણય કરવાનો પ્રયત્ન હોય, તો

એક પણ સાધુજનને ઔષધ પૂરૂં પાડવાની તક મેળવી શક્યા નહિ એવા સયોગોમા તમને કેવો વિચાર આવે ? આખુ ય વર્ષ ખાલી જાય, પ્રતિજ્ઞાનો અમલ કરવાનો એક પણ અવસર હાથ લાગે નહિ, તો એથી તમારા મનને દુ ખ થાય ને ? એટલે તમને એવો વિચાર આવે ને કે-'મે કેવી પ્રશસનીય પ્રતિજ્ઞા કરી, પણ કોઈ સાધુજન આખા વર્ષમા માદા જ પડયા નહિ ! હુ કેટલો બધો કમનશિબ માણસ, કે જેથી કોઈ પણ સાધુજન, આખા વર્ષમા ય માદા પડયા નહિ અને એથી મારૂ જે મનોવાછિત, તે સિદ્ધ થયુ નહિ !' જો એવા સયોગોમા તમારા હૈયામા આવા પ્રકારની શોકની લાગણી પ્રગટે, તો એ સૂચવે છે કે-તમારો એ વિચાર સૂક્ષ્મ બુદ્ધિનો નથી, પણ સ્થૂળ બુદ્ધિનો જ એ વિચાર છે તમે જે પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી, તે અતિ પ્રશસનીય હતી-એમા શકાને સ્થાન હોઈ શકે નહિ સાધુજનની સેવાનો અભિપ્રાય, એ ધર્માભિપ્રાય છે અને રોગવાન બનેલા સાધુ જનને ઔષધ આપવાનો અભિપ્રાય, એ તો વિશેષે કરીને ધર્માભિપ્રાય છે આટલો સુન્દર અભિપ્રાય હોવા છતા પણ, શોક એ વાતનો થયો કે-'કોઈ સાધુજન માદા પડયા નહિ ! જો સાધુજન માદા પડયા હોત, તો મારૂ મનોવાછિત સિદ્ધ થાત' તમે જ વિચાર કરો કે-સેવા કરવાની વૃત્તિથી પણ સાધુજનની માદગીને ઈચ્છી શકાય ખરી? 'ક્યારે કોઈ સાધુજન માદા પડે અને ક્યારે મને સેવાની તક મળે'- આવા અભિપ્રાયમા દેખાય છે ધર્મ, પણ વસ્તુત આવા અભિપ્રાયમા છે ધર્મનો વિઘાત ! સાધુજનની તો શુ, કોઈ પણ

ત્યા સુધી એને જપ વળે નહિ એની નજર મોક્ષ સામે ને મોક્ષ સામે જ ગ્યા કરે અને એથી એ પોતે મોક્ષસાધક ધર્મને સેવતો હોય તો પણ, પોતાથી સેવાતો ધર્મ મોક્ષ સાધક અને તેવા પ્રકારે સેવાય છે કે નહિ–એનું પણ એ કાળજીભર્યું અવલોકન કર્યા કરે

મતિજ્ઞાનાવરનીય કર્મનો પ્રભાવ

સૂક્ષ્મ બુદ્ધિના સપાદનનું, જો વાસ્તવિક પ્રકારનું અને સર્વોત્તમ કોટિનું કોઈ ફલ હોય, તો તે આ જ છે સૂક્ષ્મ બુદ્ધિની પ્રાપ્તિ કાઈ સૌને થતી નથી માણસ જેમ અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળો હોઈ શકે છે, તેમ અતિ સ્થૂલ બુદ્ધિવાળો પણ હોઇ શકે છે માત્ર માણસે માણસે જ નહિ, પણ જીવે જીવે બુદ્ધિની તરતમતા હોય છે અતિ વિચક્ષણ મતિવાળા અને અતિ કુઠિત મતિવાળા, સામાન્ય વિચક્ષણ મતિવાળા અને સામાન્ય કુઠિત મતિવાળા–એમ કેટલા ય ભેદો હોય છે અને તે ભેદોનો કેટલોક અનુભવ તો તમને પણ હશે બુદ્ધિનો વિકાસ પણ સૌનો સરખી રીતિએ સધાતો નથી તેમા ય, માત્ર સામગ્રીભેદ એ જ કા ણ નથી એને સમાન સામગ્રીનો યોગ મળ્યો હોય, તે છતા પણ એક જડભરત જેવો રહે છે ને બીજો મહા વિચક્ષણ નિવડે છે, આવું પણ બને છે વર્ગમા વિદ્યાર્થિઓને સમાન શિક્ષક અને સમાન પુસ્તકોનો યોગ હોય છે, છતા ય દરેકના ભણતરમા અને ભણતર દ્વારા થતા બુદ્ધિવિકાસમા તરતમતા રહે છે આવું બધુ શાથી બને છે? જ્ઞાન એ આત્માનો ગુણ છે, પણ

માણસ ધર્મથી પર રહી શકે નહિ અને ધર્મની રૂચિવાળો બનીને પણ તે, ધર્મના નામે કોઈ પણ પ્રકારના અધર્મનો ઉપાસક બન્યો રહે નહિ માણસ જો સૂક્ષ્મ બુદ્ધિથી જગતના સ્વરૂપનો અને પોતાના સ્વરૂપનો વિચાર કરનારો બને, તો એને 'સેવવા યોગ્ય એક માત્ર ધર્મ જ છે અને મેળવવા યોગ્ય એક માત્ર મોક્ષ જ છે' એમ લાગ્યા વિના રહે નહિ એને 'એક માત્ર મોક્ષ જ મેળવવા યોગ્ય છે'-એમ લાગે, એટલે એ એવા જ ધર્મને શોધે, કે જે ધર્મને સેવવાથી પોતે મોક્ષને પામી શકશે, એવી પોતાને ખાત્રી થાય ધર્મના નામ માત્રથી એ મુઝાય નહિ, પણ જે જે ધર્મો એના જાણવામા આવે, ત તે ધર્મો પૈકી કયા ધર્મમા મોક્ષસાધકપણું રહેલુ છે, તેને શોધવાનો એ પ્રયત્ન કરે એની દૃષ્ટિ એ જ હોય કે-'મારે તો મોક્ષ જ જોઇએ છે, એટલે મોક્ષના હેતુ રૂપ બની શકે એવા સ્વરૂપ વાળો ધર્મ મને ખપે એ સિવાયનો કોઈ પણ ધર્મ મને ખપે નહિ' કેમ કે-એને સેવવો છે ધર્મ, નહિ કે-ધર્મના નામે પણ અધર્મ! આ રીતિએ શોધ કરતા, એને જ્યારે મોક્ષસાધક ધર્મનો યોગ મળી જાય, ત્યારે તો એ ખૂબ જ પુરૂષાર્થશીલ બને એને લાગે કે-'પુરૂષાર્થને ફોરવવાની હવે જ ખરેખરી તક આવી લાગી છે હવે હુ જેટલો પુરૂષાર્થ કરીશ, તે બધો લેખે લાગવાનો હવે હુ જેટલો વધુ અને જેટલો ઝડપી પુરૂષાર્થશીલ બની શકુ, તેટલો જ હુ મારા અતિમ ધ્યેયની નિકટમા પહોચી શકુ' આથી, એ જ્યા સુધી ધર્મના પરિપૂર્ણ ફળને-મોક્ષને પામે નહિ,

વાતને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાને અને સૂક્ષ્મ બુદ્ધિથી દરેક વાતનો વિચાર કરીને તેનો નિર્ણય કરવાને માટે પ્રયત્ન શીલ બને છે, તેઓને જ આ ઉપદેશ યથાર્થ સ્વરૂપે ફાયદા કારક નિવડી શકે તેમ છે જેઓ પ્રયત્ન કરવા છતા પણ સૂક્ષ્મ બુદ્ધિવાળા બની શકે તેની સ્થિતિમા જ નથી, તેઓને તો તેઓની પોતાની ભવિતવ્યતાના આધારે છોડવા સિવાય બીજો કોઈ ઉપાય નથી એવી જ રીતિએ, જેઓ સૂક્ષ્મ બુદ્ધિને ધરનારા હોવા છતા પણ, પોતાના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો પારદર્શી વિચાર કરવાનો પ્રયત્ન કરવાને જ તૈયાર નથી, તેઓને માટે તેઓનુ 'મિથ્યાત્વ મોહનીય' કર્મ ગાઢ છે, એવી કલ્પના ઉપર આવીને ઉભા રહેવું પડશે 'મિથ્યાત્વ મોહનીય' કર્મ તો એક એવું ભયકર કોટિનુ કર્મ છે કે-સૂક્ષ્મ બુદ્ધિવાળો આત્મા કદાચ પોતાના અને જગતના સ્વરૂપ વિષે વિચાર કરવા માડે, તો ય એ કર્મ જો ગાઢ હોય તો એ એના સ્વામી આત્માની બુદ્ધિને ઉધા ચક્રાવે જ ચઢાવી દે છે એ કર્મ જ્યારે અતિશય મન્દ કોટિનુ બને છે, ત્યારે જ જીવમા એવી વૃત્તિ પ્રગટી શકે છે કે-'સેવવા લાયક એક માત્ર ધર્મ જ છે અને મેળવવા યોગ્ય એક માત્ર મોક્ષ જ છે' જીવ આટલી ઉચી હદ સુધીનો ઉત્તમ પ્રકારનો નિર્ણય કરી શકે, તે છતા પણ તે 'મિથ્યાત્વ મોહનીય' કર્મની અસર નીચે હોઈ શકે છે 'જે ધર્મ ખરેખર મોક્ષસાધક છે, જે ધર્મમા મોક્ષનું વાસ્તવિક પ્રકારનું સાધકપણુ છે, તે ધર્મ જ સદ્ધર્મ છે'-આવા પ્રકારનો નિર્ણય કરી શકવા જેગી આત્મદશાને જે જીવ પામ્યો

તેના ઉપર કર્મનુ આવરણ છે આત્મા કર્મથી બદ્ધ હોઈને, આત્માનો જે જ્ઞાનાદિ ગુણમય સ્વભાવ, તે આવરાએલો છે આત્માના જ્ઞાનગુણને આવરનારા કર્મને, જૈન પરિભાષામા 'જ્ઞાનાવરણીય કર્મ' તરીકે ઓળખાવાય છે એના પણ અનેક પેટાભેદો છે, જેમા 'મતિજ્ઞાનાવરણીય' નામનો પણ એક ભેદ છે બુદ્ધિનો અલ્પાધિક વિકાસ, આ કર્મના ક્ષયોપશમની અલ્પાધિકતા ઉપર આધાર રાખે છે એટલે દરેક માણસ સૂક્ષ્મ બુદ્ધિવાળો હોવો જ જોઇએ અગર તો દરેક માણસ સૂક્ષ્મ બુદ્ધિવાળો હોય જ, એવું કાંઈ કહી શકાય નહિ, પરન્તુ દરેકે સૂક્ષ્મ બુદ્ધિવાળા બનવાનો પ્રયાસ કરવો જોઇએ, એમ તો જરૂર કહી શકાય

મિથ્યાત્વ-મોહનીય કર્મ

બુદ્ધિને આવરનાર જેમ કર્મ છે, તેમ બુદ્ધિના વલણ ઉપર અસર કરનાર પણ કર્મ છે જૈન પરિભાષામા 'મિથ્યાત્વ મોહનીય'ના નામથી ઓળખાતો 'મોહનીય કર્મ'નો પેટાભેદ, એ એક એવી વસ્તુ છે કે-એ જો જોરદાર હોય, તો સૂક્ષ્મ બુદ્ધિવાળાઓની પણ બુદ્ધિનુ વલણ ઉન્માર્ગ તરફ, એટલે કે-જે માર્ગે કરાતો બુદ્ધિનો ઉપયોગ આત્માને માટે હિતકારક નિવડે નહિ, પણ હાનિકારક જ નિવડે, એવા માર્ગ તરફ હોય છે આમ છતા પણ, એની પાસે બુદ્ધિનુ જે બળ છે, તે બળનો લાભ ઉઠાવવાની તેને પ્રેરણા કરી શકાય

એના ઉપર મિથ્યાત્વ-મોહનીયનો અસર નથી!

વાત એ છે કે-જેઓ સૂક્ષ્મ બુદ્ધિવાળા બનીને, દરેક

વાતને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાને અને સૂક્ષ્મ બુદ્ધિથી દરેક વાતનો વિચાર કરીને તેનો નિર્ણય કરવાને માટે પ્રયત્નશીલ બને છે, તેઓને જ આ ઉપદેશ યથાર્થ સ્વરૂપે ફાયદાકારક નિવડી શકે તેમ છે જેઓ પ્રયત્ન કરવા છતા પણ સૂક્ષ્મ બુદ્ધિવાળા બની શકે તેવી સ્થિતિમા જ નથી, તેઓને તો તેઓની પોતાની ભવિતવ્યતાના આધારે છોડવા સિવા યનો કોઈ ઉપાય નથી એવી જ રીતિએ, જેઓ સૂક્ષ્મ બુદ્ધિને ધરનારા હોવા છતા પણ, પોતાના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો પારદર્શી વિચાર કરવાનો પ્રયત્ન કરવાને જ તૈયાર નથી, તેઓને માટે તેઓનું 'મિથ્યાત્વ મોહનીય' કર્મ ગાઢ છે, એવી કલ્પના ઉપર આવીને ઉભા રહેવું પડશે 'મિથ્યાત્વ મોહનીય' કર્મ તો એક એવું ભયકર કોટિનુ કર્મ છે કે-સૂક્ષ્મ બુદ્ધિવાળો આત્મા કદાચ પોતાના અને જગતના સ્વરૂપ વિષે વિચાર કરવા માડે, તો પ એ કર્મ જો ગાઢ હોય તો, એ એના સ્વામી આત્માની બુદ્ધિને ઉધા ચક્રાવે જ ચઢાવી દે છે એ કર્મ જ્યારે અતિશય મન્દ કોટિનું બને છે, ત્યારે જ જીવમા એવી વૃત્તિ પ્રગટી શકે છે કે-'સેવવા લાયક એક માત્ર ધર્મ જ છે અને મેળવવા યોગ્ય એક માત્ર મોક્ષ જ છે' જીવ આટલી ઉચી હદ સુધીનો ઉત્તમ પ્રકારનો નિર્ણય કરી શકે, તે છતા પણ તે 'મિથ્યાત્વ મોહનીય' કર્મની અસર નીચે હોઈ શકે છે 'જે ધર્મ ખરેખર મોક્ષસાધક છે, જે ધર્મમા મોક્ષનું વાસ્તવિક પ્રકારનું સાધકપણુ છે, તે ધર્મ જ સદ્ધર્મ છે'-આવા પ્રકારનો નિર્ણય કરી શકવા જેગી આત્મદશાને જે જીવ પામ્યો

હોય, તે જીવ જ 'મિથ્યાત્વ મોહનીય' નામના કર્મની અસર નીચે નથી-એમ કહી શકાય

સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવાનુ સૂચન પણ
શ્રદ્ધાભાવ જન્માવી શકે!

આવી આત્મદશાને સૂક્ષ્મ બુદ્ધિવાળા આત્માઓ જરૂર પામી શકે છે, જો તેઓ પોતાના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો જિજ્ઞાસુભાવપૂર્વકના મધ્યસ્થભાવને અવલબીને, સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવા માડે! એવા આત્માઓને પોતાના પ્રયત્નના પરિણામે જરૂર એમ લાગે કે-'જીવને મેળવવા યોગ્ય જો કોઈ પણ વસ્તુ હોય, તો તે એક મોક્ષ જ છે, મોક્ષને મેળવવાને માટે સાધવા યોગ્ય જો કોઈ પણ વસ્તુ હોય, તો તે એક માત્ર ધર્મ જ છે, અને મોક્ષનો યોગ કરાવવાને માટે જે ધર્મ વાસ્તવિક રીતિએ સમર્થ હોય, તે જ ધર્મ પણ મારા માટે મોક્ષસાધક બને એવા પ્રકારે જ સાધવા યોગ્ય છે' જે આત્માઓ ખરેખર સૂક્ષ્મ બુદ્ધિવાળા હોય અને સૂક્ષ્મ બુદ્ધિવાળા હોવા ઉપરાત પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી પોતાના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો જિજ્ઞાસુભાવપૂર્વકના મધ્યસ્થભાવને અવલબીને વિચાર કર્યા કરનારા બને, તેઓ આવી આત્મદશાથી વચિત રહે જ નહિ એમને તો, એવો વિચાર પણ આવે કે-આપણને આવી રીતિએ ધર્મના સબધમા પણ ધર્માધર્મનો વિચાર કરવાનું કહે કોણ? 'બજારમા ઠગાઈ જવાની ઘણી ધાસ્તી છે, નકલી માલ સાચા માલ તરીકે તમારી સામે ધરવામા આવશે,

માટે તમે માલના પરીક્ષક બનીને અને ભાવના જાણકાર બનીને માલ લેવાને આવજો, નહિ તો તમે ઠગાઈ જશો અને ઠગાઈ જશો તેની તમને ખબરે ય નહિ પડે!'– આવું કયો વહેપારી કહે ? કા તો પ્રમાણિક વહેપારી કહે, કા તો અપ્રમાણિકપણામા પાવરધો બનેલો વહેપારી કહે! પણ અપ્રમાણિક વહેપારી કેવા સ્વરૂપવાળા માલને નમ્બરી કહેવાય અને કેવા સ્વરૂપવાળા માલને સાચો કહેવ ય એ ન બતાવે માલના સ્વરૂપની બાબતમા તો, એ ઉંઠા ભણાવવાનો જ પ્રયત્ન કરે એ તમને જોઈને લેવાનું અને ખાત્રી કરીને ખરીદવાનું કહે ખરો, પરન્તુ જોવાય કયી રીતિએ અને ખાત્રી કરાય કયી રીતિએ–એ વાતનું રહસ્ય એ ખુલ્લુ કરે નહિ, જ્યારે પ્રમાણિક વહેપારી તો એ રહસ્યને ખુલ્લુ કરે વેપારીને તો પોતાનો સ્વાર્થ છે, તેમ છતા પણ તે જો પ્રમાણિક હોય છે તો ગ્રાહકને તે માલના સાચા–ખોટાપણાના સ્વરૂપનું ભાન કરાવે છે અને તેની પરીક્ષાનો ઉપાય પણ બતાવે છે, તો પછી, જેઓ કેવળ પરોપકારની બુદ્ધિથી જ ધર્મનો ઉપદેશ આપતા હોય, તેઓ ધર્માધર્મના સ્વરૂપને અને ધર્માધર્મની પરીક્ષાના ઉપાયને બતાવે નહિ, એ બને જ કેમ? શ્રી જૈન શાસનમા જેમ ધર્મનું સ્વરૂપ બતાવવામા આવ્યું છે, તેમ અધર્મનું સ્વરૂપ પણ બરાબર બતાવવામા આવ્યું છે વળી જેમ સોનાને કસીને, કસ્યા પછી પણ છેદીને અને છેદ્યા પછી પણ અગ્નિમા નાખીને, તે સોનું છે કે નહિ અગર તો શુદ્ધ સોનું છે કે નહિ–તેની ખાત્રી કરી શકાય છે તેમ કષ, છે અને તાપ દ્વારા આ ધર્મ છે કે

નહિ અગર તો આ શુદ્ધ ધર્મ છે કે નહિ—તેની પરીક્ષા કરવાનો ઉપાય દર્શાવવામા આવ્યો છે આ બધુ દર્શાવીને, 'ધર્મના અર્થી આત્માઓએ ધર્મને નિપુણ મતિથી જાણવો જોઈએ, નહિ તો ધર્મબુદ્ધિથી જ ધર્મનો વિઘાત થવાનો પ્રસગ આવે છે'—આવુ ફરમાવ્યું છે એટલે આ વાતને વાચતા પણ, સૂક્ષ્મ બુદ્ધિવાળા આત્માઓના હૈયામા ' આ કાઇક સુન્દર છે'—એવો શ્રદ્ધાભાવ પહેલી જ તકે પેદા થાય છે

આણુસો પોતે પોતાને જ ખરા રૂપમા ઓળખતા નથી!

પરન્તુ આજે તો આ આર્ય દેશમા પણ, સામાન્ય રીતિએ થતી ધર્મની વાતોને ય ઝીલનારાઓનો મોટો તોટો પડી ગયો છે ધર્મ સબધી કોઈ પણ વાત આવી, એટલે એના તરફ ઉપેક્ષા સેવનારાઓ વધી ગયા છે ધર્મ સબધી વાતોને વાચનારાઓ અને સાભળનારાઓ પણ, બહુ જ ઉપલક રીતિએ ધર્મ સબધી વાતોને વાચે છે અને સાભળે છે કાઈ પણ વિશેષ જાણ્યા કે સમજ્યા વિના તેઓ માની લે છે કે—આ સબધી કાઈ વિશેષ વિચાર કરવાની જરૂર નથી, અને એમ કરીને તેઓ પોતાની બુદ્ધિને એ વિષય પૂરતું તાળુ જ લગાવી દે છે આ આર્ય દેશ, કે જ્યા ધર્મના નાદો ઠેરઠેર ને વારવાર ગુજ્યા કરતા હતા, જ્યા ત્યા આત્માની ને પરલોકની વાતો થયા કરતી હતી, ત્યા આજે આવી વિષમ સ્થિતિ શાથી ઉપસ્થિત થઈ જવા પામી છે? શું આર્ય દેશમાથી સૂક્ષ્મ બુદ્ધિવાળા માણસો જ ખૂટી ગયા છે? આર્ય દેશમા શું બધા બુદ્ધિહીનો ને જડભરતો જેવા ભેગા થઈ

ગયા છે? ના, એવું માની લેવાને કારણ નથી આજે પણ આર્ય દેશમાં સૂક્ષ્મ બુદ્ધિવાળા માણસો ઓછા નથી, એવું અનેક પ્રસંગોથી જાણી શકાય છે ધર્મની સાચી દિશાને સ્થૂલ બુદ્ધિવાળા આત્માઓ ભાગ્યે જ પામી શકે, પરન્તુ જેઓ ધર્મની દિશાને કે ધર્મની સાચી દિશાને પામ્યા નથી, તેઓ બધા સ્થૂલ બુદ્ધિવાળા આત્માઓ જ છે—એવું કહી શકાય નહિ સૂક્ષ્મ બુદ્ધિવાળા આત્માઓ છે, તો તેઓ પોતાની બુદ્ધિનો કશો જ ઉપયોગ નથી કરતા? ના, એમ પણ નહિ કહી શકાય તો પછી સૂક્ષ્મ બુદ્ધિવાળા આત્માઓ ધર્મની દિશાથી વચિત કેમ છે? માણસ જો ખરેખર સૂક્ષ્મ બુદ્ધિવાળો હોય અને તે જો પોતાની સૂક્ષ્મ બુદ્ધિનો ઉપયોગ કરીને પોતાના સ્વરૂપનો અને જગતના સ્વરૂપનો વિચાર કર્યા કરે, તો એ એવા નિર્ણય ઉપર આવ્યા વિના રહે જ નહિ કે–'મોક્ષ એ જ એક મેળવવા યોગ્ય છે અને મોક્ષને મેળવવાને માટે ધર્મ એ જ એક સાધવા યોગ્ય છે' આમ છતા પણ, આજે સૂક્ષ્મ બુદ્ધિવાળા માણસો પણ, સ્થૂલ બુદ્ધિવાળા માણસોની જેમ, પાપમા જ સુખ માની બેઠા હોય, એવી સ્થિતિ સર્જાઈ જવા પામી છે સૂક્ષ્મ બુદ્ધિવાળા માણસોમા પણ, એક એવી ગજબની જડતા આવી જવા પામી છે કે–તેઓ પોતે પોતાને જ ખરા રૂપમાં ઓળખતા નથી

જડતાને ખંખેરી નાખો!

આ બધી બહિરાત્મ-દશા છે બહિર્મુખ આત્મા ગમે તેટલો બુદ્ધિશાળી હોય, પણ તેની બુદ્ધિ બહાર ને બહાર જ

અટવાયા કરતી હોય એનામા બુદ્ધિબળ જરૂર છે અને એ બુદ્ધિબળનો જો એ સદુપયોગ કરે, તો તે જરૂર અન્તર્મુખ બની શકે એ માટે તો બુદ્ધિશાળી આત્માને પણ સુયોગ મળવો જોઈએ કેટલાક બુદ્ધિશાળી આત્માઓને, આ વાતને વિચારવાની પ્રેરણા કરે એવા માણસોનો, સુયોગ જ મળતો નથી આ વાતને વિચારવાની, તદ્દન નિસ્પૃહભાવે અને એકાન્તે પરોપકારી ભાવે પ્રેરણા કરે તેવા સાધુપુરૂષોનો યોગ તદ્દન નિકટમા હોય, પણ સાધુજનોના સબધમા જો એવો પૂર્વગ્રહ બધાઈ ગયો હોય કે-'એ તો બધા ધર્મના ટાયલા કર્યા કરે એમને જગતની શી ગમ છે?' તો પણ એ માણસ પોતાની બુદ્ધિનો સદુપયોગ કરવાના આ માર્ગે વિચાર જ કરે નહિ એ જો જગડ ડાહ્યો બને અને એવો વિચાર કરે કે-' આટલો ત્યાગ અને આટલો તપ કરનારાઓ કાઇ સાવ મૂર્ખ હોય નહિ' તો તો એને સાધુજનોનો સુયોગ સાધવાનુ મન થાય એમા જો એને સદ્ગુરૂની વાતોને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાનુ મન થાય, તો તે ક્રમશ પ્રગતિ સાધી શકે પણ આજે આ દિશાએ વિચાર કરવાનુ જ બુદ્ધિશાળી માણસોએ માડી વાળ્યુ હોય, એવી દશા મોટે ભાગે પ્રવર્તી રહી છે અને એથી બીજી રીતિએ ઘણા બુદ્ધિશાળી, ઘણું ભણેલા, ઘણું વિચારી શકનારા અને સારી રીતિએ સાચા-ખોટાની પરીક્ષા કરવાને સમર્થ-એવા પણ માણસો આજે વસ્તુત જડતાભર્યું ગતાનુગતિક જીવન જ ગુજારી રહ્યા છે પોતાના બુદ્ધિબળથી પોતાની આ જડતાને સૌ ખ ખેરી નાખો, એવી શુભાભિલાષા સાથે, આજે અત્રે વિરામ કરાય છે

લેખાક બીજો

તમને પોતાને જ ઓળખવાનો તમે પ્રયત્ન કરો !

માણસ પોતે જ પોતાના ભાવીને સર્જે છે !
કોઇ કોઇના ભાવીને સર્જી શકતુ નથી !

આ જન્મમા મુખ્યત્વે પૂર્વજન્મોના પુણ્યોનુ
ને પાપોનુ ફળ ભોગવાય છે !

એવુ માનવાની ભૂલ કરો નહિ કે-'તમે જે કાઇ પણ પ્રવૃત્તિઓ કરો છો, તેનુ જે તત્કાલ પ્રત્યક્ષ પરિણામ આવે છે, તે સિવાયનુ તેનુ પરિણામ છે જ નહિ !'

'પાપ કરવું નહિ અને પુણ્ય કર્યા વિના રહેવુ નહિ' -એટલો ય નિર્ણય નહિ કરતા, માણસો મોટે ભાગે ગતાનુગતિકપણે જ જીવે છે !

લેખક

પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિ સં ૨૦૦૭ શ્રાવણ વદી ૧૩
તા ૩૦ ૮ ૧૯૫૧ ગુરુવાર

એવા જીવો ઘણા છે જે પોતે પોતાને જ ઓળખે નહિ!

આજે તમારી સમક્ષ જો એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત કરવામા આવે કે–"તમે તમને પોતાને ઓળખો છો?"–તો તમે પહેલી તકે તો આશ્ચર્ય અનુભવશો તમને લાગશે કે–"આ કેવો વિચિત્ર પ્રશ્ન છે? 'હુ જ મને ઓળખુ છુ કે નહિ?'–એમ પૂછે છે!" એમા ય, આવો પ્રશ્ન જો કોઈ સામા ય જને તમને પૂછ્યો હોય, તો તમે જરા પણ લાબો વિચાર કર્યા વિના, આવો પ્રશ્ન પૂછનારને મૂર્ખ માની લેવાને અગર તો એને મૂર્ખ કહી દેવાને પણ તૈયાર થઈ જાઓ, તો એ કોઈ નહિ બનવાજોગ વસ્તુ નથી આજ સુધીમા, તમારી પાસે ઓળખવા વિગેરેના તો અનેક પ્રશ્નો અનેક વાર આવ્યા હશે 'તમે અમુક માણસને ઓળખો છો કે નહિ?' 'તમે અમુક વસ્તુને ઓળખો છો કે નહિ?'–એવા પ્રશ્નો તો તમે અનેકો પાસેથી અનેક વાર સાભળ્યા હશે એ વખતે તમને પ્રાય આશ્ચર્ય પણ નહિ થયું હોય કદાચ તમે એ બધા પ્રશ્નોના તમારી જાણ મુજબના જવાબો પણ દીધા હશે એટલે ઓળખાણ સબધી પ્રશ્ન, એ કોઈ આશ્ચર્યકારક વસ્તુ નથી, પણ તે પ્રશ્ન પારકાની કે પર વસ્તુની ઓળખને લગતો હોય તો! પોતાની ઓળખને લગતો હોય તો નહિ!! પોતાની ઓળખને લગતો પ્રશ્ન આવે, તો તો આશ્ચર્ય પણ થાય અને કદાચ આવેશ પણ આવે આનુ કારણ શુ? આમ તો, માણસને પોતાની વાત કરવી જેટલી ગમે છે, તેટલી બીજાની સારી વાત કરવી ગમતી નથી સારી વાત

વિ સં ૨૦૦૭ શ્રાવણ વદી ૧૩
તા ૩૦ ૮ ૧૯૫૧ ગુરુવાર

એવા જીવો ઘણા છે જે પોતે પોતાને જ ઓળખે નહિ !

આજે તમારી સમક્ષ જો એવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત કરવામા આવે કે–"તમે તમને પોતાને ઓળખો છો ?" તો તમે પહેલી તકે તો આશ્ચર્ય અનુભવશો તમને લાગશે કે–"આ કેવો વિચિત્ર પ્રશ્ન છે ! 'હુ જ મને ઓળખુ છુ કે નહિ ?'–એમ પૂછે છે !" એમા ય, આવો પ્રશ્ન જો કોઈ સામાન્ય જને તમને પૂછ્યો હોય, તો તમે જરા પણ લાંબો વિચાર કર્યા વિના, આવો પ્રશ્ન પૂછનારને મૂર્ખ માની લેવાને અગર તો એને મૂર્ખ કહી દેવાને પણ તૈયાર થઇ જાઓ, તો એ કોઈ નહિ બનવાજોગ વસ્તુ નથી આજ સુધીમા, તમારી પાસે ઓળખવા વિગેરેના તો અનેક પ્રશ્નો અનેક વાર આવ્યા હશે 'તમે અમુક માણસને ઓળખો છો કે નહિ ?' 'તમે અમુક વસ્તુને ઓળખો છો કે નહિ ?'–એવા પ્રશ્નો તો તમે અનેકો પાસેથી અનેક વાર સાભળ્યા હશે એ વખતે તમને પ્રાય આશ્ચર્ય પણ નહિ થયુ હોય કદાચ તમે એ બધા પ્રશ્નોના તમારી જાણ મુજબના જવાબો પણ દીધા હશે એટલે ઓળખાણ સબધી પ્રશ્ન, એ કોઇ આશ્ચર્યકારક વસ્તુ નથી, પણ તે પ્રશ્ન પારકાની કે પર વસ્તુની ઓળખને લગતો હોય તો ! પોતાની ઓળખને લગતો હોય તો નહિ !! પોતાની ઓળખને લગતો પ્રશ્ન આવે, તો તો આશ્ચર્ય પણ થાય અને કદાચ આવેશ પણ આવે આનું કારણ શું? આમ તો, માણસને પોતાની વાત કરવી જેટલી ગમે છે, તેટલી બીજાની સારી વાત કરવી ગમતી નથી સારી વાત

પોતાની કરવી ગમે અને ખરાબ વાત બીજાની કરવી ગમે, આવું મોટે ભાગે હોય છે પણ અહીં આપણી વાત જૂદી જ છે "તમે તમને પોતાને ઓળખો છો?"–આવું જો કોઈ પૂછે, તો તેથી આશ્ચર્યને ઉત્પન્ન થવાને અને એમાથી આવેશને પણ ઉત્પન્ન થવાને શું કારણ છે? તમે માની બેઠા છો કે–'હું તો મને પોતાને ઓળખુ જ છુ' અને તમને જે મળ્યા, તેમણે તમને 'અમુકને ઓળખો છો કે નહિ?' –એમ પૂછ્યુ છે, પણ પ્રાય કોઇએ તમને 'તમે તમને પોતાને ઓળખો છો કે નહિ?'–એવું પૂછ્યુ નથી મોટે ભાગે સૌ એ માન્યતામા રૂઢ થઈ ગએલા છે કે–'અમે અમને પોતાને તો બરાબર ઓળખીએ જ છીએ' લગભગ બધાના હૈયામા રૂઢ થઈ ગએલી આ માન્યતા, વસ્તુત સાચી છે કે નહિ? –એ વાતને વિચારવાની જરૂર છે જગતના અને જગતના જીવોના સ્વરૂપને વાસ્તવિક રૂપમા જાણી શકનારા અનન્ત જ્ઞાની પુણ્ય પુરૂષોએ કાઢેલી આ પણ એક તારવણી છે કે–"જગતમાં જે જીવો વિદ્યમાન છે, જે જીવોમાના કેટલાકો મનુષ્ય–જીવનને પણ પામેલા છે અને જે મનુષ્યોમા પણ કેટલાક એવા મનુષ્યો છે કે–બહુ ઉંડી વિચારશક્તિ ધરાવે છે, તેવા જીવોમાનો પણ ઘણો મોટો ભાગ પોતાને જ ઓળખતો નથી' સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવાની શક્તિ ધરાવનારા માણસો, જો અનતજ્ઞાનિઓએ કાઢેલી આ તારવણીના રહસ્યને ઉકેલવાને મથે છે, તો પરિણામે તેઓને પણ એમ જ લાગે છે કે–'જગતના જીવોમા ઘણો મોટો ભાગ એવો છે કે–જે પોતાને જ ઓળખતો નથી અને હુ

પણ અત્યાર સુધી મને પોતાને ઓળખતો નહોતો ' તમારામા જો સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાની શક્તિ હોય અને તમે જો અનન્તજ્ઞાનિઓએ કહેલી આ વાતના રહસ્યને ઉકેલવાને મથો, તો તમને પણ લાગે કે-'હું અત્યાર સુધી મને પોતાને ઓળખતો જ નહોતો ' આવું પરિણામ લાવી શકાય, એમાટે જ આ પ્રશ્ન છે કે-' તમે તમને પોતાને ઓળખો છો ?'

જીવનનુ લક્ષ્ય નક્કી કર્યું છે ?

તમે જો તમને પોતાને ઓળખતા હો, તો તમારા સારા ય જીવન ઉપર એની અસર હોય. તમે તમારા જીવનની સાધનાનું લક્ષ્ય નક્કી કરી લીધેલુ હોય તમે તમારા એ લક્ષ્યને પહોચવાને માટેના ઉપાયોનો નિર્ણય કરી લીધો હોય તમે તમારા જીવનમા એ ઉપાયોને સેવવાની જ મથામણમા હો માનસિક, વાચિક ને કાયિક-એ ત્રણેય પ્રકારની અથવા તો એ ત્રણમાથી બે પ્રકારની કે એક પ્રકારની પણ નબળાઈના યોગે, તમે કદાચ એ ઉપાયોને ન સેવી શકતા હો, તો એનું તમને દુ ખ લાગતું હોય એ ઉપાયોને સેવવામા તમે ઉદ્યત હો તે છતા ય, એ સેવનમા જો થોડી પણ કચાશ રહેતી હોય, તો તમને એમ થયા કરતું હોય કે-' મારી આ ઉણપ ક્યારે ટળે ?' જે કોઇ એમ કહે કે-'હું મને પોતાને તો ઓળખુ જ છુ ' તેની પાસેથી આવી જ આશા રાખી શકાય તમે તમને પોતાને ઓળખો છો કે નહિ ?-એનો નિર્ણય તમારે કરવો જોઇએ બીજાઓ એ સ બ ધી

કદાચ સાચો નિર્ણય કરી શકે, તો ય તેમણે તમારા ઉપર ઉપકાર કરવો હોય, તો તમને જ તમારી સાચી ઓળખ થાય, એવો પ્રયત્ન કરવો પડે માટે તમે જ એ વાતનો નિર્ણય કરો કે-' ખરેખર, હુ મને પોતાને ઓળખી શક્યો છુ કે નહિ?' તમે તમારી મેળે નિશ્ચય કરી શકો, એ માટે જ તમારી સમક્ષ જીવનસાધનાના લક્ષ્યને લગતી વાત મૂકવામા આવી છે

ઉજ્વળ ભાવીને સર્જો છો?

તમે તમારી જીવનસાધનાનુ લક્ષ્ય નક્કી કરી લીધુ છે? તમે તમારા ઉજ્વળ ભાવીના રસ્તે છો, એવી તમારી ખાત્રી છે? જેમ જેમ સમયની પળો વીતતી જાય છે, તેમ તેમ તમે તમારા ઉજ્વળ ભાવીની નિકટમા જઈ રહ્યા છો, એવો વિશ્વાસ તમારા હૈયામા પેદા થવા પામ્યો છે? તમે જે કાંઈ પ્રયત્ન કરો છો, તે તમારા ઉજ્વળ ભાવીને લક્ષ્યમા રાખીને કરો છો અને તમારા એકે એક પ્રયત્નથી તમારૂ ઉજ્વળ ભાવી જ સર્જાય એવી રીતિએ કરો છો? તમારા ઉજ્વળ ભાવીના સર્જનમા બાધા ઉપજાવે, અન્તરાય કરે, એવી પણ પ્રવૃત્તિઓ તમારે કરવી પડતી હશે, તો પણ એ પ્રવૃત્તિઓમા પ્રવૃત્ત થવાનું તમને ગમતું તો નહિ હોય ને? એવી પ્રવૃત્તિઓને આચરતા, એવી પ્રવૃત્તિઓથી ક્યારે હુ છુટુ-ક્યારે એવો સુંદર અવસર આવી લાગે કે મારે આવી કોઇ પ્રવૃત્તિમા પ્રવૃત્ત થવું જ પડે નહિ, આવું તમને થયા જ કરતું હશે ને? તમે નક્કી કરેલા તમારા ઉજ્વળ ભાવીના

સર્જક ઉપાયોને નેવવામા તમને તોષનો અને તમે નક્કી કરેલા તમાના ઉજ્વળ ભાવીના અર્જનમા વિઘ્ન રૂપ પ્રવૃત્તિઓમા તમને પરિતાપનો અનુભવ થતો હશે ને? એટલે તમે મનની, વચનની કે કાયાની કોઈ પણ પ્રવૃત્તિ કરતા, એ પ્રવૃત્તિ તમારા ઉજ્વળ ભાવીની સાધક છે કે નહિ, એનો વિચાર કરીને નિર્ણય કરી લેતા હશો ને?

તમારી પ્રવૃત્તિઓથી તમારૂ ભાવી સર્જાય છે!

અત્યારે તમે વાચક તરીકે મારી સમક્ષ છો તમે જો શ્રોતાઓ તરીકે મારી સમક્ષ હોત, તો અહીં હુ તમને તમારા અંતઃકરણમા જે વાત હોય, તેનો જવાબ દેવાને માટે રોકી શકત અત્યારે તો, શાસ્ત્રકથનના અને અનુભવના બળે, તમારા વિષે નિર્ણય કરવો પડશે ને એ નિર્ણય કહેવો પડશે વિદ્વાન અને બુદ્ધિશાળી ગણાતા માણસોમા પણ, મોટે ભાગે એવા માણસો હોય છે, કે જેમણે પોતાના ભાવી વિષે વિચાર કરીને નિર્ણય કરેલો હોતો જ નથી જેઓએ પોતાના ભાવી વિષે નિર્ણય જ કર્યો નથી, તેમને વળી ઉજ્વલ ભાવી શુ અને અનુજ્વલ ભાવી શુ, એની કલ્પના ક્યાથી હોય? ભાવીનો નિર્ણય કર્યા વિના, એના ઉપાયો સબધી નિર્ણય પણ ક્યાથી હોય? એટલે પોતે જે કોઈ પ્રવૃત્તિ કરે, તે પોતાના સારા ભાવીને સર્જે છે, કે પોતાના ખરાબ ભાવીને સર્જે છે, તે સબધી વિચારણા પણ હોય જ નહિ ને? આપણી પ્રવૃત્તિઓથી જ આપ[illegible] સર્જાય છે, એ વાત તો સૌને માન્ય

કોઈ કોઈના ભાવીને સર્જતું નથી બીજાઓ બીજાના ભાવીને જાણી શકે એ બને, પણ બીજાઓ બીજાના ભાવીને ઘડી શકે નહિ કોઈ પણ પ્રવૃત્તિ માટે, કરે એક અને એનુ ફળ ભોગવે બીજો, એવુ બનતુ નથી તમને આ વાત માન્ય છે, માટે જ તમે પ્રવૃત્તિ કરો છો તમને જે ચીજની જરૂર હોય, તે ચીજને મેળવવાને માટે તમે પ્રવૃત્તિ કર્યા કરો અને તમારી એ પ્રવૃત્તિનું ફળ બીજાઓને મળ્યા કરે, તો તમે એવી પ્રવૃત્તિ કરો ખરા ? તમને તમારી પ્રવૃત્તિનું ફળ મળવા સાથે, તમારી પ્રવૃત્તિના યોગે બીજાઓને પણ ફળ મળતું હોય, તો તમે વાંધો ન લો, પણ તમારી પ્રવૃત્તિનું તમને ફળ મળે જ નહિ અને બીજાઓને જ ફળ મળે, તો તમે એ ચલાવી લો ખરા ? તમારી પ્રવૃત્તિના યોગે પણ બીજાઓને જો ફળ મળે, તો તેમા એ બીજાઓની પ્રવૃત્તિ પણ કારણ રૂપ હોય જ છે એટલે તમને એ વાતની તો ખાત્રી જ છે કે-આપણી પ્રવૃત્તિઓથી જ આપણુ ભાવી સર્જાય છે આવી ખાત્રી હોવા છતા પણ, તમારી પ્રવૃત્તિઓથી તમારૂ કેવુ ભાવી સર્જાય છે-એનો જો તમે વિચાર જ કરો નહિ અથવા તો એનો વિચાર કરીને નિર્ણય કરી શકો નહિ, તો તમે ભણેલા છતા ય અભણની અને બુદ્ધિશાળી છતા બેવકૂફની કક્ષામા ગણાઇ જાવ, એમ તમને લાગે છે ખરૂ ? તમે આ વાતને વિચારવાને માટે, બીજાની કલ્પનાનો આશ્રય લો અને તમે ન્યાયાધીશ બનો કોઈ માણસ તમને એમ કહે કે-'મારી પ્રવૃત્તિથી જ મારૂ ભવિષ્ય સર્જાય છે, એ વિષે મારી પૂરેપૂરી ખાત્રી છે, પરંતુ કોઈ પણ પ્રવૃત્તિ

કરતા હુ એવો વિચાર કરતો જ નથી કે-આનાથી મારૂ ભાવી કેવુ સર્જાશે !' તો તમે એના માટે કેવો અભિપ્રાય ઉચ્ચારો ? એ માણસ તમને ઉચી કોટિનો વિદ્વાન અને મહા બુદ્ધિશાળી લાગે ? કે પછી એવુ કાઈ કહેવાનું તમને મન થાય કે-'તારા ભણતરમા ધૂળ પડી ! તારી બુદ્ધિ બહેર મારી ગઈ લાગે છે !' ? તમે જે વિચાર બીજાને માટે કરો, તે જ વિચાર તમે તમારા પોતાને માટે કરો, એટલે તમને તમારી સ્થિતિનો ખ્યાલ આવશે

પ્રવૃત્તિઓના પરિણામનો વિચાર

માણસ, સામાન્ય રીતિએ, પોતાની પ્રવૃત્તિના પરિ ણામનો વિચાર તો કરે જ છે કોઈ પણ પ્રવૃત્તિ કરતા, સામાન્ય રીતિએ, માણસની નજર ફળ સામે તો હોય જ છે વેપાર કરનારની નજર, રળતર સામે હોય છે નોકરી કરનારની નજર, પગાર સામે હોય છે મજુરી કરનારની નજર, મહેનતાણા સામે હોય છે મીઠુ બોલનારની નજર, બીજાને ખૂશ કરવા તરફ હોય છે ખોટુ બોલનારની નજર, ખોટુ બોલીને પોતે મેળવવા ધારેલા લાભ તરફ હોય છે ગાળ દેનારની નજર, સામાના હૈયાને પરિતાપ ઉપજાવવા તરફ હોય છે ખાના રની નજર, જીભના સ્વાદ કે પેટની ભૂખ તરફ હોય છે કામોત્તેજક પ્રવૃત્તિઓ અગર તો કામોત્તેજનાના યોગે થતી પ્રવૃત્તિઓ કરનારની નજર, ભોગસુખ તરફ હોય છે અનીતિ, ચોરી, લૂટફાટ કરનારની નજર પણ એના દ્વારા એને જે મેળવવુ હોય છે, તેના તરફ તો હોય જ છે એટલે જે કોઈ

ય વધારે દોહ્યલુ છે એ અતિ દોહ્યલુ છે–એ વાત જેમ સાચી છે, તેમ એ વાત પણ સાચી છે કે–આપણને આ જીવનમા જે કાંઈ બુદ્ધિ, વિદ્વત્તા, શક્તિ અને સામગ્રી મળી છે, તેનો જો કોઈ પણ સાચો સદુપયોગ હોય, તો તે એ જ છે કે–આપણા જીવનથી આપણુ જીવન ભાવી જ સર્જાય–એવા પ્રકારના જીવનને આપણે જીવવા માંડવુ ! આ દષ્ટિબિન્દુને લક્ષ્યમા રાખીને જ માણસે પ્રવૃત્તિ કરવી જોઈએ તો તમારા લક્ષ્યમા આ દષ્ટિબિન્દુ આવ્યુ છે ખરૂ ?

પ્રવૃત્તિઓનુ પરિણામ ભવિષ્યમા ન મળવાનુ હોય તો શુ થાય?

તમે જે કાંઈ પણ પ્રવૃત્તિ કરો છો, તે પ્રવૃત્તિનુ તમારી આખ સામે જે પરિણામ રહે છે, તે સિવાયનુ અગર તો તમે જે પ્રવૃત્તિ કરો છો, તેનુ જે પરિણામ તત્કાલ પ્રત્યક્ષ પણે આવેલુ તમે જોઈ અગર સમજી શકો છો, તે સિવાયનું તમારી તે પ્રવૃત્તિનુ કોઈ પરિણામ છે અગર તો હોઈ શકે, એ વાત તમારા ખ્યાલમા છે? અત્યારે તમારી પ્રવૃત્તિનુ જે કોઈ પણ પરિણામ આવ્યું, તે તો તમે જોયુ અને જાણ્યુ એમ માની લઈએ, તો પણ એ જ પ્રવૃત્તિનુ કોઇ પરિણામ ભવિષ્યમા આવશે અને તે પરિણામ તમારે જ ભોગવવુ પડશે, એ વાતને તમે માનો છો ખરા? જો આ વાતને માનવામા આવે નહિ, તો તેથી કેવું પરિણામ આવે, એની કલ્પના તો કરી જૂઓ આપણે જે કાંઈ પ્રવૃત્તિ કરીએ, પૂ જે કાંઈ પણ તત્કાલ પ્રત્યક્ષ પરિણામ આવે. તે સિવાય

પનુ કોઈ પરિણામ તે પ્રવૃત્તિનુ જો સભવી શકે જ નહિ, તો જગતમા કેટકેટલા અનાચારો પ્રવર્તવા માડે? કોઈ પણ પ્રવૃત્તિનું તત્કાલ જે પરિણામ આવે, તે સિવાયનું પરિણામ જો આવતું જ નહિ હોય, તો પછી કોઇએ પણ કોઈ પણ પ્રકારનો અનાચાર કે અત્યાચાર કરતા કેટલીક સાવધગીરી રાખવી જોઈએ અગર તો કેટલા પૂરતું તે તે અનાચાર કે અત્યાચારોને આચરતા અટકવું જોઈએ? સાવધગીરી એટલી જ રાખવી જોઈએ કે-ગમે તેવી પ્રવૃત્તિ કરવા છતા પણ કયાય પકડાઈ જવાય નહિ અને કદાચ પકડાઈ જવાય તોય એ ગૂન્હામાથી છટકી શકાય એટલે દરેક માણસે એ માટે જ ભણવું જોઈએ, એ માટે જ બુદ્ધિવિકાસ સાધવો જોઇએ અને એ માટે જ હુશીયારી મેળવવી જોઈએ કે-છૂપી રીતિએ ગૂન્હાહિત કૃત્યોને કરી શકાય અને એમા પકડાઈ જવાય તો સામાની આખમા ધૂળ નાખવા જેવો બચાવ કરીને પણ એ ગૂન્હાઓને છૂપાવી શકાય અનીતિ કરવી-એ ખોટુ નહિ, ચોરી કરવી-એ ખોટુ નહિ, ગમે તે પ્રકારે લામટા બનીને ભોગ ભોગવવા-એ ખોટુ નહિ, ગમે તેનું ખૂન કરી નાખવું-એ ખોટુ નહિ, ગમે તેનું ગમે તેટલુ ભૂડુ કરવાનો પ્રયાસ કરવો-એ ખોટુ નહિ અને ગમે તેટલુ ને ગમે તેવું ખોટુ બોલવું-એ ખોટુ નહિ, એમ જગતમા અથવા આ આર્ય દેશમા જેટલા જેટલા ખરાબ અને અતિ ખરાબ કૃત્યો ગણાય છે, તે કૃત્યોને જરા પણ ખચકાયા વિના કરવા-એ ખોટુ નહિ પણ ખોટુ એ કે-તે તે કૃત્યોને કરતા પકડાઈ જવુ અને તે તે કૃત્યોને

કરતા પકડાયા પછીથી પણ તે તે કૃત્યોનો બચાવ કરતા નહિ આવડવો! અનાચાર કે અત્યાચારનું ફળ તો સુખ જ, કેમ કે-જો એ કરતા પકડાઈએ નહિ, તો તો એ અનાચાર ને અત્યાચાર કરવાથી આપણે જે ફળને નજર સામે રાખ્યું હોય, તે ફળ આપણને મળી જાય છે! એટલે અનાચાર કે અત્યાચારનુ ફળ તો સુખ જ ને? ત્યારે દુખ કોનું ફળ? અનાચાર કે અત્યાચાર કરતા ન આવડે તેનું! અનાચાર ને અત્યાચાર દુખદાયી ક્યારે બને? તેનાથી ધાર્યું પરિણામ ન આવે ત્યારે! તે કરતા પકડાઈ જઈએ અને બચાવ કરતા પણ છૂટી શકીએ નહિ ત્યારે! એ સિવાય તો, અનાચારમા ને અત્યાચારમા દુખ આપવાની શક્તિ નહિ જ ને? કદાચ એમ કહો કે-અનાચાર ને અત્યાચારના યોગે મન, વચન કે કાયાની કોઈ શક્તિને હાનિ પહોંચે, તો એ દુખદાયક ગણાય! પણ અનાચાર ને અત્યાચારમા તો આપણુ કાંઈ પણ ભૂડુ કરવાની શક્તિ નહિ ને! અનાચાર કે અત્યાચારથી જો કાંઈ પણ ભૂડુ થાય, તો તે આપણી બીનઆવડતથી થાય, એમ જ માનવું પડે ને! એટલે દરેક માણસે અનાચાર કે અત્યાચાર કરવામા એવા કુશળ બની જવું જોઈએ, એવી આવડત કેળવી લેવી જોઈએ, કે જેથી પોતે ગમે તેવા અનાચારને સેવે અગર પોતે ગમે તેવા અત્યાચારનો આશ્રય લે, પણ એ અનાચાર કે એ અત્યાચાર વર્તમાનમા દુખદાયક નિવડે નહિ' એટલે આ જીવનમા ઉંચામા ઉચી કોટિની સિદ્ધિ તેણે જ [illegible] કહેવાય, કે જે ભારેમા ભારે ગુન્હાહિત કૃત્યોને [illegible]

છતા પણ, એ કૃત્યોને એ એવી ચીક્તથી આચરી શકે કે-એના કોઈ પણ ગુન્હાહિત કૃત્યને કોઈ જ પકડી શકે નહિ, અને એથી ઉતરતો તે ગણાય, કે જે પકડાઈ જાય તો ખરો, પણ પોતાના કૃત્યનો બચાવ અથવા તો પોતાનો બચાવ એવી રીતિએ કરે કે-એને ગુન્હેગાર ઠરાવનાર બધા પુરાવાઓ નાકામીયાબ નિવડે અને ન્યાયની અદાલતમા એ બીનતકસીરવાર ઠરે જો તમે તમારી કોઇ પણ પ્રવૃત્તિના પરિણામને એટલુ બધુ સીમિત માની લો કે-એનુ જે તત્કાલ પ્રત્યક્ષ પરિણામ આવ્યુ, એથી અધિક એનુ કોઈ પરિણામ હોઈ શકે જ નહિ-આવું જો તમે માની લો, તો તમારે તમારા જીવનની ઉંચામા ઉંચી સિદ્ધિને આટલી બધી ભયકર કોટિની કલ્પના વિના ચાલે જ નહિ એમા ય, જો કોઈ પોતાની બુદ્ધિને આગળ દોડાવે, તો કદાચ એવો વિચાર કરે કે-આપણે એવી રીતિએ અનાચાર કે અત્યાચાર નહિ કરવા, કે જેથી બીજાઓ એ રીતિએ અનાચાર કે અત્યાચાર કરનારા બની જાય અને એથી આપણે જ ભયમા મૂકાઈ જઈએ આવો માણસ ચિન્તના નામે, સૌના સામુદાયિક ભલાના નામે, અમુક અમુક પ્રકારે નીતિનું પાલન કરવું જોઈએ, ઇન્દ્રિયો ઉપર કાબૂ રાખવો જોઈએ અને અમુક અમુક સદાચારોનુ સેવન કરવુ જોઇએ-એવું પ્રતિપાદન કરે ખરો, પણ એના ઉંડાણમા તપાસો તો તમને જણાય કે-એના હૈયામા અનીતિ પ્રત્યે નફરત નથી, અનાચારો પ્રત્યે અણગમો નથી અને સદાચારો પ્રત્યે સદ્ભાવ નથી, પરન્તુ જગત એવું બની જાય તો હું પણ સુરક્ષિત

બની જાઉં અને જગત જો અનીતિખોર આદિ બની જાય તો કોઈક દિવસ હું પણ ભયમાં મૂકાઈ જાઉં—એ પ્રકારની સ્વાર્થ અને ભયથી મિશ્રિત લાગણી, તેના પ્રતિપાદનના મૂળમાં હોય છે તમે જો, તમારી દરેકે દરેક પ્રવૃત્તિનું પરિણામ ભવિષ્યમાં પણ આવશે અને તે તમારે જ ભોગવવું પડશે—આ વાતને ન માનતા હો, તો તમે તમારા જીવનનું લક્ષ્ય ઉપર જણાવ્યું તેવું જ નક્કી કરેલું હોવું જોઈએ જો તમે આવું લક્ષ્ય નક્કી ન કર્યું હોય, તો તમે શા માટે આવું લક્ષ્ય નક્કી કર્યું નથી? એ વાત સાચી છે કે—જે માણસે આવું લક્ષ્ય નક્કી કરી લીધું હોય અગર તો સામાન્ય રીતિએ પણ જે માણસ આવા લક્ષ્યથી પોતાના જીવનને જીવનો હોય, તેનાથી પોતાના આ લક્ષ્યની વાત જાહેરમાં બોલી શકાય એવી નથી આ લક્ષ્ય, એ એક એવી ભયંકર કોટિનું લક્ષ્ય છે કે—કોઈ પણ માણસચાર માણસોની વચ્ચે એમ કહી શકે નહિ કે—'મારા જીવનનું આ લક્ષ્ય છે' તમારા જીવનનું તમે જો આવું લક્ષ્ય નક્કી કરી લીધું હોય, તો તે તમે બોલી શકો તેમ તો નથી જ, પણ જો તમારા સાથીદારોને, તમારા મિત્રોને, તમારા સંબંધિઓને અને તમારા આશ્રિતો આદિને ખબર પડી જાય કે—તમારું લક્ષ્ય આવું છે, તો એ તમારા ઉપર કોઈ પણ પ્રકારનો વિશ્વાસ રાખી શકે નહિ જેને જેને ખબર પડે, તે સૌ તમને મહા ભયંકર માણસ માને અને તે સૌ તમારાથી આઘા રહેવાનું તથા તમારાથી સાવધ રહેવાનું પસંદ કરે આ લક્ષ્યવાળા માણસો ઈશ્વરને માનનારા હોતા નથી, પો

આત્મા છે-એ રીતિએ પોતાના અસ્તિત્વને માનનાર હોતા નથી અને પુણ્ય તથા પાપને માનનારા હોતા નથી તેઓ તો, માત્ર, આ લોકના સુખ રૂપ સ્વાર્થમાં જ રક્ત હોય છે

પુણ્ય ને પાપનુ અસ્તિત્વ

જે માણસ પોતે પોતાને ખરા સ્વરૂપમા ઓળખતો હોય, તેના જીવનનુ લક્ષ્ય તો આવુ હોઈ શકે જ નહિ, પરન્તુ જે માણસ પોતે પોતાને ખરા સ્વરૂપમા ન ઓળખી શક્યો હોય, તે માણસ પણ જરાક ઉડો વિચાર કરનારો હોય, તો તેના જીવનનુ લક્ષ્ય પણ આવુ હોઈ શકે નહિ માણસ જો જરા ઉડો વિચાર કરે, તો તેને પુણ્યનુ ને પાપનુ અસ્તિત્વ સ્વીકારવુ પડે અને પુણ્યનું ને પાપનુ અસ્તિત્વ સ્વીકાર્યું, એટલે પોતાની પ્રવૃત્તિનુ પરિણામ ભવિષ્યમા પણ આવશે અને તે પરિણામ પોતાને જ ભોગવવુ પડશે-એ વાતનો એણે સ્વીકાર કરી લીધો એમ ગણાય પહેલો વિચાર જન્મસમયની અવસ્થાનો અથવા તે પૂર્વેની ગર્ભાવસ્થાનો પણ કરો કેટલાક બાળકોને ગર્ભમા સારામા સારૂ પોષણ મળે છે અને કેટલાક બાળકોને ગર્ભ મા પૂરતુ પોષણ મળતું નથી અથવા તો નહિવત્ પોષણ મળે છે, તો તે તેમની કયી પ્રવૃત્તિનું પરિણામ માનશો ? કેટલાક બાળકો ગર્ભમા જ મૃત્યુને પામે છે, તો તે તેમની કયી પ્રવૃત્તિનુ પરિણામ માનશો ? કેટલાક બાળકો જન્મે છે ત્યારે હૃષ્ટ-પુષ્ટ, દેખાવડા, તેજસ્વી પાચે ય ઈન્દ્રિયોએ પૂરા અને શરીર ઉપર શુભ ચિહ્નોવાળા હોય છે, જ્યારે કેટલાક બાળકો જન્મે છે ત્યારે માયકાંગલા,

કદરૂપા, તેજોહીન, ઈંદ્રિયોની ઉણપવાળા અને શરીર ઉપર અશુભ ચિહ્નોવાળા હોય છે ત્યાં તમે તેમની કયી પ્રવૃત્તિનું પરિણામ માનશો ? નાના જન્મેલા એક બાળકને મુલાયમ ગાદી, લાલન-પાલન કરનારા અનેક માણસો અને દરેક પ્રકારની અનુકૂળ સામગ્રી મળે છે, જ્યારે બીજા બાળકને ફાટી-તૂટી કથા પણ માંડ-માંડ મળે છે, એની મા પણ એની પૂરી દેખરેખ રાખી શકે તેવું હોતું નથી અને તેને દરેક પ્રકારની પ્રતિકૂળ નાનપણથી મળે છે, ત્યાં તમે તેની કયી પ્રવૃત્તિનું પરિણામ માનશો ? જન્મથી જ, જુદાં જુદાં બાળકોમાં બુદ્ધિની તરતમતા હોય છે, તે શેનું ફળ છે ? બુદ્ધિવિકાસના સરખા સાધનોનો યોગ હોય, એ જ શિક્ષકો હોય, એ જ પુસ્તકો હોય ને એકી સાથે સૌને શીખવાનું હોય, તે છતાં પણ એ બાળકોના ભણતરમાં તેમ જ બુદ્ધિ વિકાસમાં ઘણી તરતમતા રહે છે, તો તે તેમની કયી પ્રવૃત્તિનું પરિણામ છે ? આવું અવલોકન તમે તમારા અને બીજા એના સમગ્ર જીવનપ્રસંગોનું કરો તમને લાગશે કે અહીં જન્મમાં આવતા પહેલાં જે પ્રવૃત્તિઓ કરેલી, તેનું આ બધું-પુણ્યોદય અથવા પાપોદયના યોગે આવવું-બનવું થાય છે. પૂર્વે જેઓએ સારી પ્રવૃત્તિઓ કરેલી, તેઓને અહીં તેના જ ફલસ્વરૂપ અનુકૂળતા આદિ મળે છે અને પૂર્વે જેઓએ ખરાબ પ્રવૃત્તિઓ કરેલી, તેઓને અહીં તેના જ ફલસ્વરૂપ પ્રતિકૂળતા આદિ મળે છે. આમ તમારે પુણ્યના અસ્તિત્વને પણ સ્વીકારવું પડે અને પાપના અસ્તિત્વને પણ સ્વીકારવું પડે.

પુણ્ય ને પાપનો પ્રતાપ

આ જીવનમા, મોટે ભાગે, પૂર્વના જન્મ–જન્માન્તરોના પુણ્યકર્મો અને પાપકર્મોનુ ફલ ભોગવાય છે અનાચાર અને અત્યાચાર કરવામા તમે ગમે તેટલા હુશીયાર હો, પણ અનાચાર ને અત્યાચાર કરતા તમને કોઇ પકડી શકે નહિ, તો તેમા તમારી હુશીયારી એ કારણ નથી, પણ તમારા ઉપર આવતી આપત્તિને રોકી શકે અને તમને અનુકૂળતા આપે એવુ તમે પૂર્વે જે પુણ્ય ઉપાર્જેલુ તેનો એ પ્રતાપ છે ઘણા હુશીયાર, બહુ કાબેલ અને બધી રીતિએ પાવરધા પણ માણસો, એવી રીતિએ કોઇ કોઈ વાર સપડાઈ જાય છે કે–બીનઆવડતવાળાઓ પણ એવી રીતિએ સપડાય નહિ જગતમા ગુન્હેગારો તરીકે જેટલા પકડાય છે, તે બધા જ ગુન્હેગારો હોતા નથી અને જેટલા પકડાય છે તે સિવાયના ગુન્હેગારો હોતા નથી એવુ પણ નથી કેટલીક વાર, નિર્દોષ માણસો પણ બીજાઓને દોષિત લાગે છે ને માર્યા જાય છે, જ્યારે દોષિત માણસો પણ બીજાઓને નિર્દોષ લાગે છે અને છૂટી જાય છે એ પ્રતાપ, એકના પાપના ઉદયનો છે અને બીજાના પુણ્યના ઉદયનો છે આ સસારમા તો સખ્યાબધ ચોરો શાહુકારો તરીકેની ખ્યાતિ પામે છે અને કેટલાય શાહુકારો ચોર તરીકેની કુનામનાના ભોગ બને છે મહા અનાચારી સાચા સદાચારી તરીકે પૂજાય અને સાચા સદાચારિને માથે કલક આવે, એવુ પણ બને એટલે આ ભવમા જે રક્ષણ થાય છે, અનુકૂળ સામગ્રીઓનો યોગ થાય છે,

કીર્તિ મળે છે અને મનોવાછિનોની જે કાંઈ સિદ્ધિ થાય છે, તે મુખ્યત્વે પૂર્વભવોમા ઉપાર્જેલા પુણ્યના યોગે જ થાય છે એ જ રીતિએ, જે કાંઈ પ્રતિકૂળ સામગ્રી, અપયશ આદિનો યોગ થાય, તે મુખ્યત્વે પૂર્વભવોમા ઉપાર્જેલા પાપના યોગે જ

ગતાનુગતિકપણે ચાલતા જીવો.

જે માણસ આટલી વાતને પણ સમજી જાય, તે માણસનું જીવનલક્ષ્ય કયુ બની જાય ? 'પાપ કરવુ નહિ અને પુણ્ય કર્યાં વિના રહેવુ નહિ'–એ જ એના જીવનનુ લક્ષ્ય બની જાય ને ? તમે તમારા જીવનનું આવુ પણ લક્ષ્ય [illegible] કર્યું છે ખરૂ ? જો તમે તમારા જીવનનુ આવુ [illegible] નક્કી કર્યું હોય, તો તમે કયી કયી [illegible] પ્રવૃત્તિઓથી પાપ બધાય અને કયી કયી [illegible] પ્રવૃત્તિઓથી પુણ્ય બધાય, એ વાતને [illegible] કર્યો હોવો જોઈએ ને ? કયી પ્રવૃત્તિ [illegible] છે અને કયી પ્રવૃત્તિ પુણ્યનું કારણ છે–એ [illegible] પણ માણસ, પાપથી બચવાનો [illegible] વાનો પ્રયત્ન કરે શી રીતિએ ? [illegible] વિચાર કરતા નથી દુનિયા [illegible] ચાલે છે આજે કેટલાક [illegible] 'અમે કોઈના દોરવ્યા [illegible] નિર્ણય અમારી બુદ્ધિથી [illegible] અમારા ભલા-બ[illegible] [illegible] છીએ.

પણ સમજીએ છીએ!' પણ આવુ બોલનારા માણસનું જીવ નેય મોટે ભાગે ગતાનુગતિકતાથી પૂર્ણ હોય છે સુખના સાધનોની માન્યતાના અને સુખના ઉપાયોની માન્યતાના સબધમા, એ ગતાનુગતિકપણે જ ચાલે છે આ બધાનુ મૂળ કારણ એ છે કે-એ પોતાને જ ઓળખતો નથી પોતે આત્મા છે, ભવાતરમાથી અહીં આવેલો છે અને અહીંથી મરીને પણ પોતે બીજે ઉત્પન્ન થવાનો-એ વાતનો તેમ જ આ સસારમા તો મુખ્યત્વે પુણ્ય-પાપની લીલા જ ચાલે છે-એ વાતનો એ વિચાર કરતો નથી વાસ્તવિક રીતિએ તો, પાપને તજીને પુણ્યને ઉપાર્જવાની દૃષ્ટિ, એ પણ સ્થૂલ દૃષ્ટિ છે અને એ વાત માણસ જ્યારે પોતાને બરાબર ઓળખી શકે છે, ત્યારે જ પ્રાય સમજી શકે છે



આત્મા શરીરમાં સર્વત્ર વ્યાપેલો છે, પરન્તુ તે શરીરથી ભિન્ન છે!

મહાપુરૂષોએ આ આર્ય દેશની જે પ્રધાનતા ગાઇ છે, તે આ આર્ય દેશની અધ્યાત્મપ્રધાનતાને જ આભારી છે!

'મહાપુરૂષોએ આર્ય દેશની મહત્તા મમત્વને વશ બનીને ગાઈ છે—એવું કહીને, આપણે આપણી તુચ્છતાનું આરોપણ, કદી પણ, મહાપુરૂષોમાં નહિ કરવું જોઇએ!'

આત્માના હિતને ઉદ્દેશીને જે વિચાર કરાય, વાત કરાય અગર તો વર્તન કરાય, તે સર્વનો સમાવેશ 'અધ્યાત્મ'માં થાય!

લેખક
પૂ. પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિ સં ૨૦૦૭ શ્રાવણ વદી ૧૪
તા ૩૧ ૮ ૧૯૫૧, શુક્રવાર

અધ્યાત્મપ્રધાનતાથી જ આર્ય દેશની મહત્તા છે

આર્ય દેશ, એ એક અધ્યાત્મપ્રધાન દેશ છે આ આર્ય દેશની મહત્તા મહાપુરૂષોએ પણ વર્ણવી છે, તેનું કારણ બીજુ કોઈ નથી, પણ આ આર્ય દેશની અધ્યાત્મ પ્રધાનતા, એ જ એનુ વાસ્તવિક કારણ છે અનાર્ય દેશો કરતાં આર્ય દેશ સારો, એ વાત જ્યારે કહેવી હોય, ત્યારે આપણે કોઈ એવી વસ્તુ શોધી કાઢવી જોઈએ, કે જે વસ્તુ અનાર્ય દેશોમા અલક્ષ્ય હોય અને જે વસ્તુ આર્ય દેશમાં જ લક્ષ્ય હોય અનાર્ય દેશોમા અલક્ષ્ય અને આર્ય દેશમા જ લક્ષ્ય -એવી પણ વસ્તુ જો બહુ કિમતી હોય, અત્યન્ત જીવનોપયોગી હોય, ઉન્નત જીવનની સર્જક હોય, તો જ આપણે એ વસ્તુને આગળ ધરીને, એમ કહી શકીએ કે-એ વસ્તુના યોગે, આર્ય દેશ કરતા સઘળા ય અનાર્ય દેશો હેઠ છે એવી કોઇ વસ્તુને શોધી કાઢવાને માટે, તમે જો તમારી બુદ્ધિનો ઉપયોગ કરશો, તો તમને લાગશે કે-‘અધ્યાત્મપ્રધાનતા, એ જ એક વસ્તુ એવી છે, કે જે અનાર્ય દેશોમા શોધી જડે તેમ નથી અને આર્ય દેશમા જેનો સુયોગ ઠામ ઠામ મળી શકે છે’ આ વાતને જો તમે વિચારો અને સમજી શકો, તો તમને લાગે કે-‘તમને આર્ય દેશમા માનવજન્મ મળ્યે છે, એ તમારી અસાધારણ કોટિની ભાગ્યશાલિતા છે’ તમને આર્ય દેશમા માનવજન્મ મળ્યો છે, એ તમારી અસાધારણ કોટિની ભાગ્યશાલિતા છે, પરંતુ એ વાતે જ્યાં સુધી માત્ર મહાપુરૂષોની ત્યાં સુધી એનો

કાઈ વિશેષ અર્થ નથી એ વાતની સાચી સાર્થકતા તો ત્યારે જ છે, કે જ્યારે તમને પોતાને એમ લાગે કે-'હુ બહુ ભાગ્યશાલી છુ, કેમ કે-મને આ આર્ય દેશમા માનવ જન્મ મળ્યો છે' એ વિના, તમારે માટે તો, એ વાતની સાર્થકતા નહિ જ ને? આજે આ આર્ય દેશમા માનવજન્મને પામેલાઓમા, કેટલાક માણસો આર્ય દેશમા માનવજન્મને પામ્યાનુ ગૌરવ અનુભવતા હશે? એવા પણ માણસો ઓછા નથી, કે જેઓ આર્ય દેશમા મનુષ્યજન્મને પામ્યાનુ ગૌરવ તો અનુભવતા નથી, પરન્તુ એ વિષે જેમણે કદી પણ વિચારે ય કર્યો નથી અને જેઓ એ વિષે વિચાર જ કરતા નથી આર્ય દેશમા માનવજન્મને પામ્યાનુ ગૌરવ અનુભવ નારાઓમા પણ કેટલાકો એવા છે, કે જેઓ અમુક પ્રકારના મમત્વથી ગૌરવ અનુભવતા હોય અગર તો ભૌતિક ઋદ્ધિ સિદ્ધિની દૃષ્ટિએ ગૌરવ અનુભવતા હોય 'આ દેશ મારો છે, માટે સારો છે'-એવા પ્રકારના મમત્વથી ગૌરવનો અનુભવ કરવો, એમા વસ્તુત દેશની મહત્તાને અગેનુ ગૌરવ નથી આજે કેટલાક એવા પણ માણસો છે, કે જેઓ એવી એવી વાતો કરીને ગૌરવનો અનુભવ કરે છે કે-' વિમાનોની બનાવટ, એ તો આપણા દેશની વાત છે પરદેશીઓ આપણે ત્યાથી પ્રાચીન ગ્રથોને લઈ ગયા, એ ગ્રથોને વાચીને શોધખોળ કરી અને એ શોધખોળને અતે વિમાન બન્યા' આવી કોઈ રીતિએ ગૌરવનો અનુભવ કરવો, એ પણ સાચો ગૌરવાનુભવ નથી હજુ એ રીતિએ આપણે ગૌરવનો અનુભવ કરવો હોય તો કરી શકીએ કે-' વર્ષો સુધીની શોધ

[illegible] એને મેળવવાનો, [illegible]વાનો,
[illegible]ને માટે તેનો ઉપયોગ કરવાનો
[illegible]ગ છો તમે જેને સુખનું [illegible]
[illegible] જેવા સુખને [illegible] છો, તેવા
[illegible] એવું [illegible] નહિ, પણ એ [illegible]
[illegible] આપણે [illegible]વાની જ છે, પણ
[illegible] એટલી જ [illegible]
[illegible] કોઈ વસ્તુ [illegible]
[illegible]

[illegible] ઉપાયોનો [illegible]
પ્રયત્નશીલ [illegible] પ્રત્યેક
[illegible] શાંતિમય [illegible] પોતાના [illegible] થાય છે આ
[illegible] તે પોતાના [illegible]

યોગ ન થાય, તો તેથી જે નુકશાન નથી, તે નુકશાન તે
યોગ થાય તે છતા પણ, આપણે તેની ઉપેક્ષા અગર અ
ગણના કરીએ, તેમા છે પેલામા ગૂન્હો ઉભો થતો ન
જ્યારે આમા ગૂન્હો ઉભો થાય છે કમથી કમ તેનું એ
ખરાબ પરિણામ તો આવે જ છે કે–એનો પુનર્યોગ દુલ
બની જાય છે તમને આવુ કોઈ નુકશાન થઈ જવા પ
નહિ અને તમે તમને મળેલી કિંમતી વસ્તુથી લાભ ઉઠ
શકો એ હેતુથી જ આ બધી વાતો તમારી સમક્ષ મૂકાય

આર્ય દેશની મહત્તા મહાપુરૂષોએ મમતાથી ગાઈ નથી

તમે એટલો વિચાર તો કરો કે–મહાપુરૂષો,
જેઓને કોઇ પણ દેશ સાથે, દેશ પ્રત્યેના મમત્વના યે
કાઈ પણ નિસ્બત નહોતી, તે મહાપુરૂષોએ આર્ય દેશ
મહત્તા કેમ વર્ણવી ? શુ તમે એ મહાપુરૂષોને એટ
છીછરા અને અજ્ઞાનપૂર્ણ અન્ત કરણવાળા માનો છો
એ મહાપુરૂષો આ દેશમા જન્મ્યા હતા માટે એ મહાપુરૂષે
આ આર્ય દેશની મહત્તા ગાઈ છે ? તેઓ આ દેશમા જન
હતા, માટે તેમને તમારી માફક આ દેશનુ મમત્વ
ગયુ ? અને એથી જ તેમણે આ દેશની મહત્તા ગા
અનાર્ય દેશોને હીણા દેખાડવાનો પ્રયત્ન કર્યો ? તમે તમ
મહાપુરૂષોને જો એટલા બધા તુચ્છ બુદ્ધિવાળા માનતા
તો તમે મહાપુરૂષતા કોને કહેવાય એ ય નમજતા
અને તમારા મહાપુરૂષોના હૈયા કેટલા ઉદાર તથા નિ
હતા, એ પણ તમે જાણતા નથી એ મહાપુરૂષોના હૈય

તમારા હૈયાને સ્પર્શે જ શી રીતિએ? જે કારણસર મહા પુરૂષોએ આર્ય દેશની મહત્તા વર્ણવી છે, તે કારણનો આપણા હૈયામા જેટલો વધારે રસ પેદા થાય, તેટલો જ વધારે આનન્દ, આપણે આર્ય દેશમા આપણને આપણા પુણ્યોદયના યોગે જે મનુષ્યજન્મ મળ્યો છે, તેથી અનુભવી શકીએ બાકી તો મહાપુરૂષો ભલે કહે કે–' આપણે મહા ભાગ્યશાલી છીએ ' પણ આપણને પોતાને તો કદી પણ એમ લાગે જ નહિ કે-' આપણે ખરેખર મહા ભાગ્યશાળી છીએ!'

કિંમત નહિ સમજનારાઓને થતુ નુકશાન

' આપણે ખરેખર મહા ભાગ્યશાળી છીએ '–એવુ જો આપણને, આપણે આ અધ્યાત્મપ્રધાન આર્ય દેશમા માનવ જન્મને પામ્યા છીએ, એથી લાગે નહિ, તો આપણુ એ મહા ભાગ્ય પણ આપણે માટે વસ્તુત કિંમતી રહેતુ નથી, કારણ કે–આપણે એ મહા ભાગ્યના યોગે જે લાભ ઉઠાવવો જોઈએ, તે લાભને ઉઠાવી શકતા નથી પછી તો, અનાર્ય દેશમા જન્મેલાઓનો મનુષ્યજન્મ જેમ અકિંમતી ઠરે છે, તેમ આપણો મનુષ્યજન્મ પણ આપણે માટે અકિંમતી જ ઠરે જેને કિંમતી વસ્તુ મળી નથી તે રખડી મરે, તો એ એટલુ દુ ખદ નથી, કે જેટલુ દુ ખદ જેને કિંમતી વસ્તુ મળી છે તે રખડી મરે એ છે, ઉપરાન્ત, સારી ચીજ ન મળવામા જે નુકશાન છે, તે કરતા સારી ચીજ મળવા છતા પણ તેની ઉપેક્ષા કરીએ અગર અવગણના કરીએ, તો વધારે નુકશાન છે જેમ રાજા અગર સત્તાશીલ માણસનો

ચોગ ન થાય, તો તેથી જે નુકશાન નથી, તે નુકશાન તે
ચોગ થાય તે છતા પણ, આપણે તેની ઉપેક્ષા અગર
ગણના કરીએ, તેમા છે પેલામા ગુન્હો ઉભો થતો ન
જ્યારે આમા ગુન્હો ઉભો થાય છે કમથી કમ તેનુ એ
ખરાબ પરિણામ તો આવે જ છે કે-એનો પુનર્યોગ દુ
બની જાય છે તમને આવુ કોઈ નુકશાન થઈ જવા
નહિ અને તમે તમને મળેલી કિંમતી વસ્તુથી લાભ ઉ
શકો, એ હેતુથી જ આ બધી વાતો તમારી સમક્ષ મૂકાય

આર્ય દેશની મહત્તા મહાપુરૂષોએ મમતાથી ગાઈ નથ

તમે એટલો વિચાર તો કરો કે-મહાપુરૂષો,
જેઓને કોઇ પણ દેશ સાથે, દેશ પ્રત્યેના મમત્વના
કોઈ પણ નિસ્બત નહોતી, તે મહાપુરૂષોએ આર્ય દે
મહત્તા કેમ વર્ણવી ? શુ તમે એ મહાપુરૂષોને એ
છીછરા અને અજ્ઞાનપૂર્ણ અન્ત:કરણવાળા માનો છો
એ મહાપુરૂષો આ દેશમા જન્મ્યા હતા માટે એ મહાપુરૂ
આ આર્ય દેશની મહત્તા ગાઈ છે ? તેઓ આ દેશમા જ
હતા, માટે તેમને તમારી માફક આ દેશનુ મમત્વ
ગયુ ? અને એથી જ તેમણે આ દેશની મહત્તા ગા
અનાર્ય દેશોને હીણા દેખાડવાનો પ્રયત્ન કર્યો ? તમે ત
મહાપુરૂષોને જો એટલા બધા તુચ્છ બુદ્ધિવાળા માનતા
તો તમે મહાપુરૂષતા કોને કહેવાય એ ય સમજતા
અને તમારા મહાપુરૂષોના હૈયા કેટલા ઉદાર તથા નિ
હતા એ પણ તમે જાણતા નથી એ મહાપુરૂષોના હૈ

તો, જેમ અન્ય કોઈ પણ દેશ પ્રત્યે મમત્વ નહિ હતું, તેમ આ દેશમાં માનવજન્મ પામવા છતાં પણ, આ દેશ પ્રત્યે ય મમત્વ નહિ હતું એ મહાપુરૂષોના હૈયામાં એ વાત બેઠી જ હતી કે–" આ પૃથ્વી ઉપર પ્રાયઃ એવો કોઈ દેશ નથી, કે જે દેશમાં હું કદી પણ નહિ જન્મ્યો હોઉં ! અનન્તો કાળ થયાં હું આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છું, એટલે લોકમાં આવેલા કોઈ દેશમાં હું ઉત્પન્ન નહિ થયો હોઉં, એવું તો પ્રાયઃ બનવાજોગ નથી ! અત્યાર સુધીમાં, જ્યાં જ્યાં હું જન્મ્યો હોઈશ, ત્યાં ત્યાં મેં અજ્ઞાનવશ 'મારો દેશ' 'મારો દેશ' આવા પ્રકારનું મમત્વ પણ કર્યું હશે, પણ ન તો એ દેશ મારો રહ્યો કે ન તો હું એ દેશનો રહ્યો ! એવી એવી મમતા આદિના યોગે તો અત્યાર સુધી મારે આ સંસારમાં ભટકવું પડયું છે. વસ્તુતઃ હું એકલો જ છું. બીજું કોઈ મારૂં નથી અને બીજા કોઈનો હું નથી" જેઓના અન્તઃકરણમાં આવા નકારનો, મહા સુન્દર કોટિનો નિર્મળ નિર્મમભાવ વર્તતો હતો તેવા મહાપુરૂષોને માટે, એવી કલ્પના કેમ જ આવી શકે કે–'તેઓ આ દેશમાં જન્મ્યા હતા, માટે એમના હૈયામાં આ દેશ પ્રત્યે મમત્વ હતું અને એ મહાપુરૂષોએ પોતાના એ મમત્વના વશથી જ આ દેશની મહત્તા ગાઈ છે ?' સાચી વાત તો એ છે કે 'સાચા મહાપુરૂષોના હૈયામાં આવા પ્રકારનું મમત્વ હોઈ શકે જ નહિ અને જેઓના હૈયામાં આવા પ્રકારનું મમત્વ હોય, તેઓ સાચા રૂપમાં મહાપુરૂષ જ હોઈ શકે નહિ' આપણે આપણી તુચ્છતાનું આરોપણ, કદી પણ, મહા

પુરૂષોમાં નહિ કે ગુ જોઈએ એ આ દેશમાં જન્મ્યા હતા, માટે જ મમતવથી તેમણે આ દેશની મહત્તા ગાઇ છે–એમ પણ માનીએ અને એમને મહાપુરૂષ પણ માનીએ ? મમતા એ દોષ છે અને નિર્મમતા એ ગુણ છે નિર્મમ પ્રત્યેની મમતાથી ગુણ આવે, પણ તે ય એમના નિર્મમ ગુણને અનુલક્ષીને અને આપણામાં નિર્મમતા ગુણને પેદા કરવાને માટે કરીએ તો ! જો આપણામાં આટલી ગુણદૃષ્ટિ હોઈ શકે, તો સાચા મહાપુરૂષોમાં આનાથી પણ વધારે સુંદર અને વધારે નિર્મળ ગુણદૃષ્ટિ હોઈ શકે નહિ ? માટે, તમે એ દૃષ્ટિએ વિચાર કરો કે–નિર્મળ નિર્મમતાના સ્વામી એવા મહાપુરૂષોએ કયા કારણે, આ આર્ય દેશની મહત્તા ગાઇ છે ? મહાપુરૂષોએ પોતે જ એ વાતનો ખુલાસો આપ્યો છે કે–અધ્યાત્મપ્રધાનતાના કારણે જ આર્ય દેશની મહત્તા છે

અધ્યાત્મજીવી કોન કહેવાય ?

અધ્યાત્મ એટલે શું ? સામાન્ય રીતિએ અધ્યાત્મ શબ્દનો અર્થ કરવામાં આવે, તો આત્માને ઉદ્દેશીને જે વિચાર કરાય, વાત કરાય અગર તો વર્તન કરાય, તેને અધ્યાત્મ કહેવાય, એટલે જે વિચારથી, જે વાતથી અને જે વર્તનથી આત્માનુ હિત સધાય, તે વિચારનો, તે વાતનો અને તે વર્તનનો અધ્યાત્મમાં સમાવેશ થઈ શકે આથી, જેણે પોતાના જીવનમાં અધ્યાત્મને જીવવુ હોય, જેણે પોતે અધ્યાત્મજીવી બનવુ હોય, તેણે કોઈ પણ પ્રકારનો વિચાર કરતાં પહેલાં, કોઈ પણ પ્રકારની વાત કરતા પહેલાં અગર તો

કોઈ પણ પ્રકારની કાયિક પ્રવૃત્તિ કરતા પહેલા, એ વાતનો વિચાર કરવો પડે કે-' હું જે વિચાર કરવાને ઈચ્છુ છુ, હું જે વાત કરવાને ઈચ્છુ છુ અગર તો હું જે કાયિક પ્રવૃત્તિ કરવાને ઈચ્છુ છુ, તેનાથી મારા આત્માનુ હિત સધાય તેમ છે કે નહિ?' આવો વિચાર કરતા, જો એવી ખાત્રી થાય કે-' આવો વિચાર કરવાથી, આવી વાત કરવાથી અગર તો આવુ વર્તન કરવાથી મારા આત્માનુ હિત જ સધાશે, પણ મારા આત્માનુ અહિત નહિ સધાય' -તો જ એ એવો વિચાર કરે, એવી વાત કરે અગર તો એવી પ્રવૃત્તિ કરે આવી રીતિએ જીવનારો માણસ, એ અધ્યાત્મજીવી માણસ છે, એમ કહી શકાય

આત્માને ઓળખવાની જરૂર

આ રીતિએ જીવવાને માટે પ્રયત્નશીલ બનેલો માણસ પણ, નહિ કરવા યોગ્ય વિચારોને કરનારો, નહિ કરવા યોગ્ય વાતોને કરનારો અગર તો નહિ કરવા યોગ્ય પ્રવૃત્તિ ઓને કરનારો બને-એ શકય છે કારણ કે-એણે પૂર્વજન્મ -જન્માન્તરોમા જે કર્મોને ઉપાર્જ્યા હોય છે, તે તેની બુદ્ધિના વલણને ખોટે રસ્તે દોરી જાય, એ પણ શકય છે, અને બુદ્ધિ માર્ગાનુસારિણી હોય તો પણ, એ કર્મોની પ્રબળતાથી અનેકવિધ નબળાઈઓનો ભોગ બને છે આમ છતા ય, બુદ્ધિ જો માર્ગાનુસારિણી હોય છે, તો નહિ કરવા યોગ્ય પ્રવૃત્તિઓને કરવા છતા પણ તથા એને લગતી વાતો અને એને લગતા વિચારો કરવા છતા પણ, તે તે પ્રવૃત્તિઓ

આદિ દ્વારા પણ, તે શુદ્ધ આધ્યાત્મિક જીવનની નિકટમા પહોચતો જાય છે આથી, સૌથી પહેલો પ્રયત્ન તો બુદ્ધિને માર્ગાનુસારિણી બનાવવાને માટેનો જ કરવો જોઇએ અધ્યાત્મ તરફ લક્ષ્ય દોરવાયા પછી, અધ્યાત્મ પ્રત્યે હૈયામા અભિરૂચિ પ્રગટયા પછી, અધ્યાત્મજીવી બનવાના પ્રયત્નમા લાગ્યા પછી પણ, આપણને જો આપણા આત્માના સાચા સ્વરૂપનો ખ્યાલ ન હોય, આત્માના સાચા સ્વરૂપનો ખ્યાલ નહિ હોવાથી આત્માનું સાચુ હિત કયુ તથા આત્માનુ સાચુ અહિત કયુ-તેનો સાચો ખ્યાલ ન હોય અને એથી આપણો કયો વિચાર, આપણી કયી વાત અને આપણુ કયુ વર્તન હિતસાધક છે તથા આપણો કયો વિચાર, આપણી કયી વાત અને આપણુ કયુ વર્તન અહિતસાધક છે-તેનો પણ જો સાચો ખ્યાલ ન હોય, તો આપણે આપણા અધ્યાત્મના યોગે જે સુદર ફલને પ્રાપ્ત કરવુ જોઇએ, તે સુન્દર ફલને આપણે પ્રાપ્ત કરી શકીએ નહિ આથી, આપણે સાચા અધ્યાત્મજીવી બનવાને માટે અને એના પરમ ફલને પામવાને માટે, આત્માના સ્વરૂપને જાણી લેવુ જોઈએ, કે જેથી આત્માનુ વાસ્તવિક હિત કયુ છે-તેને આપણે સમજી શકીએ, તેમ જ, આપણે તે હિતને સાધવાના ઉપાયોને પણ જાણી લેવા જોઈએ

<u>જે સ્પર્શાદિ કરે છે ને તે દ્વારા જાણે છે તે આત્મા છે</u>

શરીર એ આત્મા નથી કોઈ પણ શરીર, સ્વતન્ત્રપણે તો જડ જ છે શરીરમા જે ચેતન તત્ત્વ રહેલુ છે, તે આત્મા

છે અને તે જ આરણે છીએ મન દ્વારા જે વિચારણા થાય છે, તે વિચારણા કરનારો આત્મા છે વાણી દ્વારા જે બોલાય છે, તે બોલનારો આત્મા છે શરીર દ્વારા જે કાંઈ પ્રવૃત્તિ થાય છે, તે કરનારો આત્મા છે પાંચ ઈન્દ્રિયોમાં, સ્પર્શનેન્દ્રિય દ્વારા કોઈ પણ વસ્તુને સ્પર્શીને, તે કર્કશ છે કે સુંવાળી છે, મૃદુ છે કે કઠિન છે-એ વિગેરે જાણી શકાય છે પણ શરીરની સ્પર્શનેન્દ્રિય દ્વારા સ્પર્શ કરે છે કોણ અને સ્પર્શ દ્વારા કર્કશપણાને કે સુંવાળાપણાને અગર તો મૃદુપણાને કે કઠિનપણાને જાણે છે કોણ? એ સ્પર્શ કરનારો અને એ જાણનારો આત્મા છે રસનેન્દ્રિય દ્વારા કોઈ પણ વસ્તુનો રસ ખારો-ખાટો છે કે તીખો-મોળો છે, તે વિગેરે જાણી શકાય છે, પણ એ રસાનુભવ કરે છે કોણ અને રસાનુભવ કરીને તે ખારો-ખાટો છે કે તીખો-મોળો છે, એવો નિર્ણય કરનારો કોણ છે? એ રસાનુભવ કરનારો અને રસના સ્વાદના પ્રકારને જાણનારો આત્મા છે ઘ્રાણેન્દ્રિય દ્વારા ગંધને ગ્રહણ કરીને, એ સુગંધ છે કે દુર્ગંધ છે-એ વિગેરે જાણી શકાય છે, પણ એ ગંધને ગ્રહણ કરનારો અને તે ગંધ સારી છે કે ખોટી છે અગર તો કયી વસ્તુની આ ગંધ છે અને કયી વસ્તુની આ ગંધ નથી-એને જાણનારો કોણ છે? ગંધને ગ્રહણ કરનારો અને ગંધના સ્વરૂપના પ્રકારને જાણનારો આત્મા છે ચક્ષુરિન્દ્રિય દ્વારા જે કોઈ પણ પદાર્થને જોઈ શકાય છે અને એમ જોઈને તે કોણ છે તથા કેવા રૂપ-રંગ આદિવાળો છે તે જાણી શકાય છે, પણ તે પદાર્થને જોનારો અને તે પદાર્થ કયો છે તેમજ કેવા રૂપ-રંગ આદિવાળો છે-તેને

જાણનારો કોણ છે? એ જોનારો ને જાણનારો જે છે, તે આત્મા છે એવી જ રીતિએ, શ્રોત્રેન્દ્રિય દ્વારા શબ્દોનુ શ્રવણ થઈ શકે છે અને તે શબ્દો મધુર છે કે કટુ આદિ છે–તે વિગેરે જાણી શકાય છે, પણ એ શબ્દોનુ શ્રવણ કરનારો અને એ શબ્દોના મધુરપણાને કે કટુપણા આદિને જાણનારો કોણ છે? એ સાભળનારો અને એ જાણનારો જે છે, તે આત્મા છે શરીરમા, સ્વતન્ત્રપણે તો, આમાની કોઈ જ શક્તિ નથી; કેમ કે–શરીર તો જડ જ છે આજે શરીરમા આત્મા છે, માટે અગ્નિનો એક ઝીણો તણખો શરીરને અડે, તો પણ બળતરાનો અનુભવ થાય છે અને જ્યારે આ શરીરમા આત્મા હોતો નથી, ત્યારે આ શરીરને ભડ–ભડ બળતી ચિતામા સળગાવી નાખવામા આવે છે, તો પણ તેનાથી કોઈ પણ પ્રકારની વેદના કે બળતરા આદિનો અનુભવ થતો નથી મન અને ઇન્દ્રિયો કામ જ ત્યારે આપી શકે છે, કે જ્યારે શરીરમા આત્મા રહેલો હોય છે મુડદુ નથી વિચારી શકતુ, નથી બોલી શકતુ કે નથી પોતે સ્પર્શ કરી શકતુ, રસાનુભવ કરી શકતુ, સુઘી શકતુ, જોઈ શકતુ કે સાભળી શકતુ! મુડદુ જેમ કાઈ સ્પર્શાદિ કરી શકતુ નથી, તેમ કાઈ જાણી શકતુ પણ નથી સ્પર્શાદિ કરનારો પણ આત્મા છે અને સ્પર્શાદિ દ્વારા જાણનારો પણ આત્મા છે શરીરની કિંમત ત્યા સુધી જ ગણાય છે, કે જ્યા સુધી શરીરમાં આત્માનો વાસ છે જો શરીરમાથી ચેતન તત્ત્વ ઉડી જાય છે, આત્મા ચાલ્યો જાય છે, તો શરીરને અતિ મૂર્ખ માણસો પણ દાટી દે છે કે બાળી મૂકે છે જો અતિ મૂર્ખ માણસો પણ આ

રીતિએ, ભલે અકળપણે, શરીરને અને આત્માને ભિન્ન ભિન્ન માનતા હોય, તો આપણે શુ એથી પણ વધારે મૂર્ખ છીએ કે જે આપણે શરીરને અને આત્માને ભિન્ન માનીએ નહિ? ત્યારે આપણે કોણ? આપણે તે આ શરીર નહિ, પણ આપણે તો આત્મા!

આત્મા ન હોય તો તેનો નિષેધ પણ ન હોઈ શકે

આ આર્ય દેશ અધ્યાત્મપ્રધાન હોવા છતા પણ, આ દેશમા આત્માના અસ્તિત્વના સબધમા અને આત્માના સ્વરૂપના સબધમા તદ્દન ખોટો મત ધરાવનારાઓ પણ હતા, છે અને રહેવાના પણ ખરા શરીરથી ભિન્ન એવો કોઈ આત્મા જ નથી–એવું માનનારાઓ તો, અધ્યાત્મની વાત જ કરી શકે નહિ શરીરથી ભિન્ન એવો આત્મા ન હોય, તો જન્માન્તરોના શુભાશુભ કર્મોનો યોગ જ ઘટી શકે નહિ જે માણસો આત્માના અસ્તિત્વનો જ ઈન્કાર કરે છે, તેઓ જ્ઞાનગુણ એ કોનો ગુણ છે, તે ય સમજી શકતા નથી જેનામા જ્ઞાનગુણ છે, તે આત્મા છે અને જેનામા જ્ઞાનગુણ નથી, તે આત્મા નથી પણ જડ છે આસ્તિક દર્શનકારોએ આત્માના અસ્તિત્વના સબધમા ઘણી વિશદ ચર્ચાઓ કરી છે અને એ દ્વારા 'આત્માનુ અસ્તિત્વ છે'–એમ સાબીત કર્યું છે તમે વધારે સમજી શકો નહિ, તો પણ તમે એટલુ તો સમજી શકો ને કે–જે વસ્તુનું અસ્તિત્વ જ હોતુ નથી, તેનો નિષેધ જ કરી શકાતો નથી જે વસ્તુ કોઇ ને કોઈ રૂપમા હયાત હોય છે, તે જ વસ્તુનો ક્ષેત્ર વિશેષે અને કાળ વિશેષે-એમ અનેકાનેક

વિશેષતાઓને અનુલક્ષીને નિષેધ કરી શકાય તમે તમારી બુદ્ધિને બરાબર કસીને વિચાર કરી જૂઓ કે–એક જ શબ્દ, કે જે વ્યુત્પત્તિસપન્ન હોય, તેવા શબ્દથી સૂચિત એવી કોઈ વસ્તુ છે ખરી, કે જે વસ્તુ કોઇ ક્ષેત્રે ને કોઈ કાલે બીલકુલ હયાત જ ન હોય? તમે તમારી બુદ્ધિને ગમે તેટલી કસશો, તો પણ તમે એવી કોઈ વસ્તુને શોધી શકશો જ નહિ જેનું કયા ય કદી પણ અસ્તિત્વ જ ન હોય, એવી વસ્તુનુ જ્ઞાન જ અસભ વિત છે તમે કહો કે–' માણસ નથી, ઢોર નથી, પુણ્ય નથી, પાપ નથી' વિગેરે વિગેરે, પણ એ નથી એમ જે બોલાય છે, તે જ એનુ ક્યાક ને કયારેક પણ અવશ્ય અસ્તિત્વ છે, એમ સાબિત કરે છે એવી જ રીતિએ, કોઇ પણ માણસ એમ બોલે કે–' આત્મા નથી' તો એનુ એ વચન, ' મારી મા વાઝણી છે '–એવુ બોલવા સમાન છે જેમ એવુ બોલનારને કહેવાય કે–' તુ પોતે જ તારી મા વાઝણી નથી એના પૂરાવા સમાન છો ' તેમ જેઓ એમ કહે કે–' આત્મા નથી' તેઓને કહી શકાય કે–' તમે જે નિષેધ કરી શકો છો, એ જ સૂચવે છે કે–આત્મા છે જો આત્માનુ અસ્તિત્વ જ ન હોત, તો આત્મા એવો શબ્દ અસ્તિત્વમા આવી શકત નહિ ' એટલે આત્માનુ અસ્તિત્વ પણ છે અને આત્મા એ શરીરથી ભિન્ન એવુ જ સ્વતન્ત્ર દ્રવ્ય છે–એવુ નક્કી કરવા સાથે, 'આપણે આત્મા છીએ '–એમ નક્કી આપણે કર્યું

જડ–ચેતનનો યોગ

આપણે પોતે શરીર નથી, પણ આત્મા જ છીએ–તેમ

છતા પણ, આપણે શરીરમા જ રહેલા છીએ ને? આપણું શરીર, એ ચેતનનો ને જડનો યોગ છે ને? શરીર સાથે અત્યારે આપણો કેવો યોગ છે? રોમ, વાળ અને નખ આદિ સિવાય શરીરમા એવુ કાંઈ સૂક્ષ્મમા સૂક્ષ્મ સ્થલ પણ છે ખરૂ, કે જે સ્થલમા આપણે વ્યાપક ન હોઈએ? તમે એક ટાંકણી લઈને શરીરના કોઈ પણ ભાગમા જરા મારી જૂઓ, તો તમને સર્વત્ર વેદનાનો અનુભવ થશે, અને એથી તમે સમજી શકશો કે-આપણે શરીરના સર્વ ભાગોમા છીએ આત્મા સમગ્ર લોકના સમગ્ર આકાશમા પણ વ્યાપ્ત બની શકે છે અને જે શરીર ચર્મચક્ષુથી જોવાઈ શકે નહિ જ તેવુ સૂક્ષ્મ હોય તમા પણ વ્યાપ્ત બનીને આત્મા રહી શકે છે આ વાતનો ખ્યાલ આવી શકે, એ માટે કીડીનુ ને કુંજરનુ દૃષ્ટાન્ત પણ અપાય છે કીડીનુ શરીર કેવુ? ઘણુ નાનુ છતા પણ તેમા આત્માનો વાસ હોય છે, અને કુંજર એટલે હાથીનું શરીર કેવુ? કીડી કરતા ઘણું જ મોટુ, છતા પણ તેમા આત્માનો વાસ હોય છે કીડી કરતા ઘણા ઘણા પ્રમાણમા નાના અને કુંજર કરતા ઘણા ઘણા પ્રમાણમા મોટા શરીરો પણ હોઈ શકે છે, પરન્તુ જે આત્મા અતિ નાના શરીરમા જેમ સર્વત્ર વ્યાપક રહી શકે છે, તે જ આત્મા અતિ મોટા શરીરમા પણ તેમ જ સર્વત્ર વ્યાપક રહી શકે છે આત્મા એ એવુ દ્રવ્ય છે કે-તે અતિશય સંકુચિતપણે પણ રહી શકે છે અને અતિશય વ્યાપકપણે પણ રહી શકે છે એ વખતે, આત્માનુ પોતાનુ જે પ્રમાણ છે, તે પ્રમાણમા જરી જ ન્યૂનાધિકતા નથી થતી મૂળભૂત જે

પ્રમાણ, તેમા ન્યૂનાધિકતા થવી–એ અસભવિત વસ્તુ છે તમને જિજ્ઞાસા થશે કે–આત્માનુ પ્રમાણ કેટલુ ? આત્મા એ એવુ કોઈ દ્રવ્ય છે જ નહિ, કે જેને ચર્મચક્ષુથી જોઈ શકાય એને સ્વતત્રપણે રૂપ-રગ આદિ કાઈ હોતુ જ નથી જ્ઞાનથી જ જાણી શકાય એવુ એ દ્રવ્ય છે અને જ્ઞાન ગુણ પોતે જ એના અસ્તિત્વને જણાવનાર છે જેમ આપણે જ્ઞાન છે કે નહિ–તેને જાણી શકીએ છીએ ખરા, પણ જ્ઞાનને જોઈ શકતા નથી, તેમ આપણે આત્માને જાણી શકીએ છીએ ખરા, પણ આત્માને જોઈ શકતા નથી આત્મા એવા આપણે, આજે, શરીરમા રહેલા છીએ શરીરમા કેવી રીતિએ રહેલા છીએ ? શરીરમા સર્વત્ર વ્યાપીને રહેલા છીએ શરીર જડ છે અને આત્મા ચેતન છે, છતા પણ જડનો અને ચેતનનો આવો એકમેક જેવો યોગ હોઈ શકે છે, એ વાત આપણે આપણા અનુભવથી જાણી શકીએ છીએ લોઢાને જો ખૂબ ખૂબ તપાવવામા આવે, તો એ લોઢાના સમગ્ર ભાગમા અગ્નિ વ્યાપી જાય છે, છતા પણ લોઢાથી ભિન્ન એવા એ અગ્નિને કોઈ લોઢાથી ભિન્ન તરીકે બતાવવાને સમર્થ બની શકતુ નથી દૂધમા પાણી ઉમેરવામા આવે છે, ત્યારે એ પાણીવાળા દૂધમાના નાનામા નાના બિન્દુમા પણ દૂધ અને પાણી બન્ને [illegible] જ આવે છે આ રીતિએ એકમેકતા આવ્યા [illegible] પણ લોઢુ અને અગ્નિ તથા દૂધ અને પાણી [illegible] છે–એ વાતનો તમારાથી ઇન્કાર કરી શકાશે નહિ [illegible] એકમેક જેવા બની જવા છતા પણ, પરસ્પરના યોગથી [illegible] એ વાતનો પણ તમારાથી [illegible]ઇન્કાર રહિત બની શકે છે.

ફરી શકાશે નહિ એવી જ રીતિએ શરીરમાં, સર્વત્ર વ્યાપ્ત એવો આત્મા, શરીરથી ભિન્ન છે અને શરીરના યોગથી રહિત બની શકે છે, એ વાતનો પણ તમારાથી ઈન્કાર કરી શકાશે નહિ આત્માનો અને જડનો એકમેક જેવો યોગ-એ જેમ સંભવિત છે, તેમ આત્મા અને જડ એ બન્ને ય પરસ્પરના યોગથી સર્વથા મુક્ત બની જાય, એ પણ સુસંભવિત છે આપણે પણ જડના યોગથી સર્વથા મુક્ત બની જઈએ, એ માટે જ પ્રયત્ન કરવાનો છે અને એ જ સાચો હિતસાધક પ્રયત્ન છે આત્માને કર્મ રૂપ જડનો યોગ છે અને માટે જ સ્થૂલ શરીરનો યોગ થયા કરે છે એટલે મૃત્યુ માત્રથી કાંઈ આત્માનો ને જડનો જે યોગ છે, તેનો અન્ત આવી શકે તેમ નથી ત્યારે એ માટે શું કરવું જોઇએ ?—એ વિચારવું જોઇએ



લેખાંક ચોથો

આપણે અત્યારે એક જ શરીરમાં નથી, પણ ત્રણ શરીરોમાં છીએ !

જગતમાં જીવ અને જડ સિવાય કાંઇ જ નથી અને જે સંસાર છે તથા સંસારની ઉપાધિઓ છે, તે જીવની સાથેના જડના એકમેક જેવા યોગને જ આભારી છે

'તમે ઇચ્છો તો તમને મળ્યા વિના રહે જ નહિ'—એવી જો કોઇ પણ વસ્તુ હોય, તો તે એક મોક્ષ જ છે !

તમારા પિતાની પરંપરા અનાદિકાલીન છે, પણ પિતા ન બનવું એ તમારા કાબૂની વાત છે, તેમ આત્માની સાથેના અનાદિકાલીન એવા પણ કર્મના યોગનો જો તમે ધારો અને મહેનત કરો, તો જરૂર અન્ત લાવી શકો છો

લેખક

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિ. સં. ૨૦૦૭ શ્રાવણ વદી ૦))
૯ - ૯ - ૧૯૫૧ રવિવાર

<u>આપણે કેવી રીતે કર્મનો બોજો વધારો કરે છે?</u>

જ્યારે આ આર્ય દેશમાં માનવજન્મને પામ્યા તે
પહેલાં પણ આ વિશ્વમાં આપણી હયાતી હતી અને આપણે
જ્યારે આ માનવભવમાંથી વિદાયને પામીશું, તે પછી
પણ આ દુનિયામાં આપણી હયાતી તો રહેવાની જ છે
આપણે પૂર્વના જન્મ-જન્માન્તરોમાં જે જે શુભ કર્મ ને
અને તે જે જે અશુભ કર્મોને બાંધેલા, ત કર્મો પૈકીના
કેટલાક કર્મોને આપણે આ માનવજન્મમાં ભોગવીએ છીએ
તેમ જ રીતે, આપણે આ ભવમાં જે શુભ કર્મોને અગર
... અશુભ કર્મોને બાંધીએ છીએ તે કર્મોનું ફળ આપણે
... પછીના આપણા જન્મોમાં ભોગવવું પડશે, એ નિર્વિ
... વાત છે જેમ આ ભવમાં આપણે આપણા પૂર્વભવોના
... સંચિત કર્મોને ભોગવી લઈને આ ર ના તપશ્ચ
... દ્વારા તે તે કર્મોને ખપાવી દઈ ને, માત્ર આ ભવમાં
... સંચિત કરેલા કર્મોએ સહિત રહેતા નથી, પરન્તુ પૂર્વ
... ન સંચિત કરેલાં પણ ઘણા કર્મોથી સહિત મૃત્યુને
પામીએ છીએ, તેમ આપણે આગામી ભવને અન્તે પણ,
આ ભવમાં સંચિત કરેલા તથા આ ભવની પૂર્વેના ભવોમાં
પણ સંચિત કરેલા અને એ આગામી ભવમાં બાકી
કર્મોએ સહિત, તેની પછીના ભવમાં જઈએ, એ શક્ય છે
તમે કહેશો કે – જો આમ જ ચાલે, તે પછી આમાં ઉપર
સદાને માટે કર્મના બોજો વધતો જ જાય વાત સાચી છે
સામાન્ય રી – એમ બને છે, પરન્તુ કેટલીક વાર આત્મા

કર્મોને બાંધે બહુ જ થોડા પ્રમાણમાં અને કર્મોને પોતાથી વિખૂટા પાડે ઘણા મોટા પ્રમાણમાં, એવું પણ બની શકે છે કર્મોને આવવાના જે દ્વારો છે, તેને બંધ કરી શકાય અને કર્મોને આત્માથી વિખૂટા પાડી દેવાની ક્રિયાને ખૂબ જોરદાર બનાવી શકાય એ પણ શક્ય છે આત્મા જો વિવેકપૂર્વકના જ્ઞાનનો સ્વામી બનીને સચ્ચારિત્રશીલ બની જાય અગર તો આત્મા જો વિવેકપૂર્વકના જ્ઞાનને ધરનારા સચ્ચારિત્રશીલ મહાપુરૂષોની નિશ્રાનો સ્વીકાર કરીને સચ્ચારિત્રશીલ બની જાય, તો એ આત્મા, પોતાના આત્માને પૂર્વે લાગેલા ઘણા ઘણા કર્મોની પણ, ઘણા જ અલ્પ સમયમાં, નિર્જરા સાધી શકે છે નિર્જરા એટલે આત્માને વળગેલાં જે કર્મો, તેને આત્માથી વિખૂટા પાડવા એ વખતે આત્માને જે કર્મબંધ થાય છે, તે ઘણો જ અલ્પ હોય છે, ઘણો બલહીન હોય છે, અલ્પ સમયમાં અલ્પ પ્રયત્ને જાય તેવો હોય છે અને પૂર્વે સંચિત કરેલા કર્મોની નિર્જરા તો થોક બંધ થયા કરે છે આમ કરતા કરતા, એક સમય એવો પણ આવી લાગે છે કે–આત્મા કર્મના યોગથી સર્વથા રહિત બની જાય છે જેમ દુનિયામાં આજે ઘણા જડો એવા છે, કે જે જીવના શરીર નથી આપણે જે શરીરમાં છીએ, તે શરીર વસ્તુત જડ છે ખરૂ, પણ તેમાં અત્યારે આપણો વાસ છે આપણે જ્યારે આ શરીરમાંથી અન્યત્ર ચાલ્યા જઈશું, ત્યારે અત્યારે આપણે જે શરીરમાં છીએ, તે કેવુ બની જવાનું ? એકલું જડ એવી જ રીતિએ, આપણે જ્યારે જડના યોગથી સર્વથા મુક્ત બની જઈએ, ત્યારે આપણે

કેવા બની જવાના ? એકલા જ આત્મા આપણે એકલા જ બની જઈએ, કર્મ રૂપ જડના યોગથી સર્વથા મુક્ત બની જઈએ, એનું નામ છે મોક્ષ પ્રત્યેક આત્માએ આ લક્ષ્યને જ નજર સમક્ષ રાખીને વિચાર, વાત ને વર્તન કરનારા બનવુ જોઈએ

કાળ જેટલુ પ્રાચીન વિશ્વ અને તેટલા પ્રાચીન આપણે

આવા મોક્ષને મેળવવાથી ફાયદો શો? જ્યા સુધી આપણને એમ લાગે નહિ કે-મોક્ષને મેળવવામા ખરેખરો ફાયદો છે, ત્યા સુધી આપણે મોક્ષને માટે પ્રયત્નશીલ બનીએ જ શી રીતિએ ? આ બાબતને સમજવાને માટે આપણે ઘણો વિચાર કરવો પડશે આપણે આત્મા તો છીએ, પણ આપણે આ વિશ્વમા ક્યારના છીએ ? તમે કહેશો કે-'જ્યા થી આ વિશ્વ છે, ત્યારથી આપણું આ વિશ્વમા અસ્તિત્વ છે' વાત તદ્દન સાચી છે જેટલુ વિશ્વનુ અસ્તિત્વ પ્રાચીન છે, તેટલુ જ પ્રાચીન આપણું અસ્તિત્વ પણ છે આ વિશ્વનું અસ્તિત્વ ક્યારનુ ? કહેવું પડશે કે-અનાદિકાળનુ ! કાળ જેટલુ પ્રાચીન અસ્તિત્વ વિશ્વનું છે અને વિશ્વ જેટલુ પ્રાચીન અસ્તિત્વ આપણુ છે કાળ કોઈ પણ સમયે નહોતો એમ નહિ, તેમ વિશ્વ પણ કોઈ પણ સમયે નહોતું એમ નહિ અને કાળની તથા વિશ્વની જેમ આપણે પણ કોઈ પણ કાળે નહોતા એમ નહિ એવી જ રીતિએ, એવો કોઈ સમય સભવિત છે ખરો કે જ્યારે કાળનું જ અસ્તિત્વ ન હોય ? નહિ જ જેમ કાળનું અસ્તિત્વ ન જ હોય-એવો સમય સભવિત નથી, તેમ

પણ સર્વથા અસ્તિત્વ ન હોય-એવો સમય સંભવિત ન
અને કાળ અને વિશ્વનું અસ્તિત્વ ન જ હોય-એવો સમય
સંભવિત નથી, તેમ આપણુ પણ અસ્તિત્વ ન જ હોય-એ
સમય સંભવિત નથી એટલે કાળે ય આદિ વગરનો ને
વગરનો, વિશ્વેય આદિ વગરનું ને અન્ત વગરનુ અને આપણે
આદિ વગરના ને અન્ત વગરના! આપણુ જીવન કેટલુ
લાબુ ? આપણે એવા જીવનવાળા છીએ કે-આપણા જીવ
કોઈ આદિકાળ પણ નથી અને આપણા જીવનનો
અન્તકાળ પણ નથી આપણે આવા નિત્ય છીએ, અ
આવા સર્વકાલીન જીવનવાળા છીએ, માટે આપણે એ
બિન્દુથી વિચાર કરવો જોઈએ કે-આપણે એવુ સ્થાન
લેવુ જોઈએ, કે જે સ્થાનમા આપણે એકસરખી સ્થિ
સદા કાળને માટે રહી શકીએ નિત્યજીવી એવા આ
અત્યારે તો, જન્મ-મરણાદિ દ્વારા રખડપટ્ટી કર્યા કરીએ
પણ આપણી આ રખડપટ્ટીનુ કારણ કર્મ છે અને તે
કોઈએ પણ બાંધેલુ નહિ, પણ આપણે જ બાંધેલુ કર્મ
જે આત્માઓ પોતપોતાના કર્મથી પરિપૂર્ણપણે મુક્ત
જાય, તે આત્માઓ જ એકસરખી સ્થિતિમા સદા
માટે રહી શકે, માટે મોક્ષનો પ્રયત્ન જરૂરી છે

આજે આપણે નવુ ગણનારા છીએ

એ પણ એક સનાતન નિયમ છે કે-જે ક્યાય
પણ ન હોય, તે ક્યાય કદી પણ ઉત્પન્ન થતુ નથી અ
હોય તેનો કદી પણ વિનાશ થતો નથી ન હોય તેવુ

પણ ઉત્પન્ન થાય નહિ અને જે હોય તેનો કદી પણ સર્વથા વિનાશ થાય નહિ જે હોય તેના રૂપકોમા ફેરફાર થયા કરે, પણ તે ય જેવો ફેરફાર સભવિત હોય તેવો જ ફેરફાર થયા કરે જીવ કદી પણ જડ બની જાય નહિ અને જડ કદી પણ જીવ બની જાય નહિ જીવ જડવત્ બની જાય-એ બને, પણ જીવ જડ જ બની જાય એમ બને નહિ એ જ રીતિએ, જડ કોઈ પણ જીવનું શરીર બનવાના યોગે સજીવ જેવું લાગે ખરૂ, પણ જડ કદી પણ જીવ બની જાય નહિ જીવ સદાને માટે જીવ જ રહે અને જડ સદાને માટે જડ જ રહે તમે કહેશો કે-'તમે માત્ર જીવની ને જડની જ વાત કેમ કરો છો?' પણ આ સસારમા જીવ અને જડ-એ સિવાયનો કોઈ પદાર્થ જ નથી જીવ પણ મુખ્યત્વે બે પ્રકારના છે અને જડ પણ મુખ્યત્વે બે પ્રકારના છે જડ એવા દેહમા રહેલા જીવો અને જડ એવા દેહના યોગ વિના જ રહેલા જીવો-એમ જીવના મુખ્ય બે પ્રકારો છે એવી જ રીતિએ જડના પણ મુખ્ય બે પ્રકારો એ છે કે-કેટલાક જડ પદાર્થો જીવના દેહસ્વરૂપ બનેલા પણ છે અને કેટલાક જડ પદાર્થો આ રીતિના જીવના યોગથી સર્વથા રહિત પણ છે આ વિશ્વમા જો માત્ર જીવનું અને માત્ર જડનું, સ્વતન્ત્ર, એટલે કે-એક બીજાના યોગથી રહિત એવું અસ્તિત્વ હોત, તો આ સસાર અને આ સસારની ઉપાધિઓ આદિનું અસ્તિત્વ જ ન હોત સસારનું સચાલન અને સસારની ઉપાધિઓનું અસ્તિત્વ, જીવના અને જડના યોગે જ થયા કર્યું છે, થયા કરે છે અને થયા કરશે આપણે જો જડ દેહમા ન હોત, તો આપણે કા

ઉપાધિ હોત જ નહિ આપણે આ બાહ્ય દેખાતા જડ શરીરમા અત્યારે વ્યાપ્ત છીએ, પણ આપણે અત્યારે એક શરીરવાળા નથી, પણ ત્રણ શરીરવાળા છીએ આ જે બહાર્થી દેખાય છે, તે શરીર ઉપરાન્ત, આપણે કાર્મણ અને તૈજસ્ નામના બીજા પણ બે શરીરોવાળા છીએ જો આપણે કાર્મણ અને તૈજસ્-એ બે પ્રકારના શરીરોવાળા ન હોત, તો આપણે આ શરીરમા પણ હોત નહિ આ બાહ્ય શરીર અને તૈજસ નામનુ આંતર શરીર પણ કાર્મણ શરીરને અગે જ છે આ બાહ્ય અને સ્થૂલ શરીરને આપણે જે સમયે છોડીએ, તે સમયે જો આપણે સાથે સાથે તૈજસ અને કાર્મણ શરીરથી પણ છૂટીએ, તો જ આપણે એકલા જીવ તરીકેના આપણા સ્વરૂપમા પરિપૂર્ણપણે આવી જઇએ આથી જ, આપણે આજે આત્મઘાત કરવા માત્રથી મુક્ત બની શકીએ તેમ નથી આ બાહ્ય અને સ્થૂલ શરીરથી છૂટવું, એ તો બહુ સહેલુ છે થોડા જ કાળમા આપણે આ શરીરને છોડી દેવાનું છે અને જો આપણે આજે આત્મઘાત કરીએ તો આજે જ આપણે આ શરી થી તો છૂટી જ જઈએ, પણ એમ થતા શરીરના યોગ માત્રથી મુક્ત બનાતુ નથી આત્મઘાત કરવાથી તો કાર્મણ શરીરનો યોગ ઊલટો મજબૂત બને છે એટલે, આપણે જે પ્રયત્ન કરવાનો છે, તે તો આપણે આપણને વળગેલા કાર્મણ શરીરથી મુક્ત બનાય, એવો જ પ્રયત્ન કરવાનો છે જે અ શરીરી આત્મા, તે મુક્તાત્મા, પણ અશરીરી બનવાને માટે કાર્મણ શરીરથી જ મુક્ત બનવાની જરૂર છે જે આત્માઓ ર્મણ શરીરથી સર્વથા મુક્ત બને છે, તે જ આત્માઓ

અશરીરાવસ્થાને પામી શકે છે કાર્મણ શરીર, એ પણ જડ જ છે, એટલે સ સારનું અસ્તિત્વ અને સ સારની ઉપાધિઓનું અસ્તિત્વ જીવના ને જડના યોગે જ છે

જીવને કોઈએ ઉત્પન્ન કર્યો નથી

આ વિશ્વમા જીવ નહોતો અને જીવને કોઈએ ઉત્પન્ન કરી દીધો, એવું છે જ નહિ જીવને જો કોઈએ ઉત્પન્ન કર્યો હોય, તો તે આટલો બધો દુ ખી કેમ થઈ ગયો ? ખરાબ કામો કરવાથી જીવ દુ ખી થયો, તો જીવમા ખરાબ કામોને ક વાની બુદ્ધિ આવી ક્યાથી ? અમુક જીવોને સાર કામ કરવાની બુદ્ધિ અને અમુક જીવોને ખરાબ કામ કરવાની બુદ્ધિ, એવો ભેદ શાથી પડ્યો ? જેણે જીવને ઉત્પન્ન કર્યો, તેણે જાતી જોઈને આવી બુદ્ધિ આપી ? પણ એવું છે જ નહિ જો જીવને કોઈએ ઉત્પન્ન કર્યાનું માનીએ, તો જેણે જીવને ઉત્પ ન કર્યો, તેના અસ્તિત્વને તો આપણે સ્વીકારી જ લઈએ છીએ પછી આપણે એ વિચારમા જવુ પડશે કે-એ ઉત્પન્ન કરનારને ઉત્પન્ન કરનાર કોણ ? પછી તો, આપણે જેને વિશ્વને ઉત્પન્ન ક નાર માનીએ, તેને અતિ નિશ્ચય માનવાની ફ જ પડશે જ્યારે જીવ નહોતો, તે સમયે શું હતુ ? પૃથ્વી, પાણી આદિ હતુ, તો શું પૃથ્વી, પાણી આદિ જીવરહિત છે ? તમને એ વાતની ખબર છે ખરી કે-પર્વતો પણ વિસ્તારને પામે છે ? પર્વતોની ખીણમા લગોલગ ક્યારો બનીને બરાબર એને પર્વતો સાથે મેળવી દેવામા આવે, તો જતે દિવસે એ ખીણ પત્થરમય બની જાય છે એટલે પૃથ્વી અને પાણી આદિ

મૂળ તો સજીવ જ હોય છે, પણ ત નિર્જીવ બની શકે છે, કારણ કે-એ વસ્તુત તો જીવના દેહ રૂપ જ હોય છે આથી તમે પૃથ્વી, પાણી આદિનું જ અસ્તિત્વ હતું-એમ જો કહો તો ય જીવનું ને જડનું અસ્તિત્વ હતું જ-એમ સાબિત થાય છે ગોટલા માથી આંબો ઉત્પન્ન થાય છે, તેમા આંબાને ઉત્પન્ન કરનારની જરૂર પડતી નથી માણસો આંબાના વૃક્ષને માટે ગોટલો જમી નમા દાટે છે બીજુ કાઈ દાટે તો આંબો ઉત્પન્ન થાય નહિ માણસોએ ગોટલો ન દાટયો હોય, એવી જગ્યાએ પણ આંબાનુ વૃક્ષ ઉત્પન્ન થઈ જાય છે, એટલે એમા માણસની જરૂર છે-એવુ પણ નથી અહીં તમે જરા આગળ વિચાર કરો પહેલો આંબો કે પહેલો ગોટલો? ગોટલા વગર આંબો સભવી શકે જ નહિ-એ જેટલી સુનિશ્ચિત વસ્તુ છે, તેટલી જ સુનિશ્ચિત વસ્તુ એ પણ છે કે-આંબા વગર ગોટલો સભવી શકે નહિ આંબાથી ગોટલો અને ગોટલાથી આંબો, એ એવી સ્થિતિ છે કે-એનો કોઈથી પણ ઈન્કાર કરી શકાય નહિ ગોટલાને ઉત્પન્ન થવાને માટે આંબા સિવાય કોઈ પણ વ્યક્તિની જરૂર પડતી નથી અને આંબાને ઉત્પન્ન થવાને માટે ગોટલા સિવાય કોઈ પણ વ્યક્તિની જરૂર પડતી નથી આંબાને જરૂરી હવા પાણી, પૃથ્વી આદિનો યોગ મળી જાય, એટલે તેના ઉપર જેમા ગોટલો હોય જ છે-એવુ કેરીનું ફળ ઉત્પ ન થવા પામે છે અને ગોટલાને જરૂરી હવા, પાણી, પૃથ્વી આદિનો યોગ મળી જાય, એટલે તેમાથી આંબાનું વૃક્ષ ઉત્પન્ન થવા પામે છે હવે તમે કોઈ ગોટલાને અનુ લક્ષીને વિચાર કરો કે-એનુ મૂળ કેટલુ પ્રાચીન? એ ગોટલો

જે આબે ઉત્પન્ન થયો, તે આબાનો ઉત્પન્ન કરનાર ગોટલો હતો જ અને એ ગોટલાને ઉત્પન્ન કરનાર પણ આબો હતો જ–એમ તમે વિચાર કરતા જાવ, તો તમારે એવા જ નિર્ણય ઉપર આવવું પડે કે–એવા પ્રકારની સ્થિતિ અનાદિકાળની છે આપણું અસ્તિત્વ પણ, એ જ રીતિએ, અનાદિકાલીન ઠરે છે

જીવનો જડ સાથેનો યોગ અનાદિકાળથી

જીવ અને જડ સિવાય, આ જગતમા કાંઈ છે જ નહિ જીવનું અસ્તિત્વ પણ અનાદિકાળથી અને જડનુ અસ્તિત્વ પણ અનાદિકાળથી, એટલે આ જગતનું અસ્તિત્વ પણ અનાદિકાળથી જીવનો ને જડનો જે યોગ છે, તે પણ અનાદિકાળથી છે એમા રૂપાન્તરો થયા જ કરે છે જીવ વસ્તુત જન્મતો નથી, જીવ વસ્તુત જુવાન કે ઘરડો બનતો નથી અને જીવ વસ્તુત મૃત્યુને પણ પામતો નથી એ બધી અવસ્થાઓ, જડના રૂપાન્તરોની જ છે જડનું રૂપાન્તર થાય છે ને જીવને પાછળ ઘસડાવું પડે છે આમ આપણે અનન્તો કાળ થયા ઘસડાતા આવ્યા છીએ આપણે જો જડથી બદ્ધ ન હોત, તો આપણે આમ ઘસડાવું પડત નહિ જે જીવો જડથી બદ્ધ ન રહ્યા, જે જીવોએ જડના બન્ધનને સર્વથા તોડી નાખ્યું, તે જીવો પછી કદી પણ જડથી બદ્ધ બન્યા નથી, જડથી બદ્ધ બનતા નથી અને જડથી બદ્ધ બનવાના પણ નથી જડમા જીવને ઘસડવાની તાકાત છે, પણ તે જડથી બદ્ધ એવા જીવને જ ઘસડવાની તાકાત છે બદ્ધ જીવ જડવી વધારે બધાય–ને બની શકે છે, પણ સર્વથા

મુક્ત જીવ જડથી બધાય-એ બની શકતું નથી એટલે આપણે કર્મબદ્ધ છીએ, તે ક્યારના છીએ ? ત્યાં પણ આપણે કહેવું જ પડશે કે-આપણે અનાદિકાળથી કર્મબદ્ધ છીએ જો મુક્તાત્મા પણ કર્મબદ્ધ બની શકતો હોય, તો પછી મુક્તાત્મા બનવાના પ્રયત્નનો વિશેષ અર્થ રહેતો નથી અને પાછી તો આપણે એમ જ માનવું પડે કે-આપણો આ રખડપટ્ટીમાંથી કદી પણ છૂટકારો થવાનો નથી પરન્તુ સાચી હકીકત એ છે કે-અનાદિકાળથી બદ્ધ એવા આપણે મુક્ત પણ બની શકીએ છીએ

કર્મનો યોગ અનાદિકાલીન હોવા છતાં ય, તેનાથી મોક્ષ શક્ય છે!

જે અનાદિકાલીન છે, તેનો પણ અન્ત આવી શકે ખરો ? આ જ લેખમાં, આપણે એ વાત વિચારી આવ્યા છીએ કે-જીવસ્વરૂપ કે જડસ્વરૂપ એવા જે કોઇ પણ પદાર્થો છે, તે નથી તો કદી પણ ઉત્પન્ન કરાએલા અને નથી તો તે કદી પણ વિનાશને પામવાના ! ન હોય તેવો કોઇ પણ પદાર્થ ઉત્પન્ન પણ થાય નહિ અને જે પદાર્થ હોય તે કદી પણ સર્વથા નષ્ટ થાય નહિ જીવોનું અસ્તિત્વ જેમ અનાદિકાલીન છે અને અનન્તકાલીન છે, તેમ જડનું અસ્તિત્વ પણ અનાદિકાલીન છે અને અનન્તકાલીન છે આ વાતને લઈને, કોઇ એમ પણ કહે કે-' જીવ અને જડ જેમ અનાદિકાલીન છે, તેમ જીવની સાથેનો જડનો જે યોગ છે, જીવની જ કર્મબદ્ધતા છે, તે પણ અનાદિકાલીન જ છે, માટે જીવની એ કર્મબદ્ધતા પણ, જીવની અને જડની જેમ અનન્તકાલીન

છે!' પણ આવો તર્ક કરવો, એ બરાબર નથી જીવની ને જડની જેમ જીવનો ને જડનો યોગ અનાદિકાલીન છે-એ સાચુ છે, પણ જીવ એ જેમ પદાર્થ છે અને જડ એ જેમ પદાર્થ છે, તેમ જીવનો ને જડનો યોગ-એ કોઈ પદાર્થ વિશેષ નથી જ જીવની ને જડની માફક, એ કોઈ દ્રવ્ય નથી બે ભિન્ન ભિન્ન સ્વભાવની વસ્તુઓનું જોડાણ, એ કોઈ ત્રીજી જ સ્વતંત્ર વસ્તુ નથી બીજી વાત એ છે કે-આ જે જીવનો ને જડનો યોગ છે, તે અનાદિકાલીન તો, પ્રવાહાત્મક રીતિએ જ છે અત્યારે જીવની સાથે જે જે જડોનો યોગ છે, તે બધા જ જડોનો યોગ અનાદિકાળથી નથી જીવની સાથેના યોગવાળા જડોમા ફેરફાર થયા જ કરે છે પુણ્ય ભોગવાય છે અગર પાપ ભોગવાય છે, એટલે શું થાય છે? આત્માની સાથે તેવા પ્રકારના પુણ્ય રૂપે અગર તો તેવા પ્રકારના પાપ રૂપે જે જડનો યોગ હતો, તે વિખરાતો જાય છે-આત્માથી તે વિછૂટો પડતો જાય છે એવી જ રીતિએ પુણ્ય બધાય છે અગર પાપ બધાય છે, એટલે શુ થાય છે? તેવા તેવા પ્રકારના જડોનો આત્મા સાથે યોગ થાય છે મૂળ વાત એ છે કે-જડોનો યોગ ઉભો ને ઉભો રહે છે, પણ જડો બદલાયા જ કરે છે જે દિવસે જડોનો યોગ સર્વથા નહિ રહે, તે દિવસે તો જડનો યોગ જ થઈ શકશે નહિ એટલે, જીવ સાથેનો જડોનો યોગ અનાદિકાળથી ટકેલો જ છે, પણ તેમા અનાદિકાળથી સમયે સમયે પરિવર્તન પણ થયા જ કર્યું છે, માટે જડનો યોગ છૂટી શકે એવો તો જ સંસારમા પણ, એવી તો ઘણી ય અનાદિકાલીન ચ

રાઓનો અન્ત આવી શકે છે આપણે ગોટલાની ને આબાના વૃક્ષની વાત વિચારી આવ્યા કોઈ પણ ગોટલાની પૂર્વકાલીન પરંપરા જૂઓ, તો આબો ને ગોટલો-એમ અનાદિકાળની એ પરંપરા છે એમ લાગશે, પણ અનાદિકાલીન એવી એ પરંપરાનો અન્ત અસંભવિત છે-એમ માનશો ખરા? નહિ જ, કારણ કે-બધા જ ગોટલાઓ આબાના વૃક્ષ રૂપે પરિણમતા નથી કેટલા ય ગોટલાઓને આબાના વૃક્ષ રૂપે પરિણમવાની સામગ્રી જ મળતી નથી કેટલાક ગોટલાને બાળી મૂકે છે, ફેંકી નાખે છે, તો એથી એ ગોટલાની જે ભાવી પરંપરા તે ત્યાં જ અટકી જવા પામે છે તમે તમારો જ વિચાર કરો તમારે પિતા હતા? હા તમારા પિતાને પણ પિતા હતા? હા એમ તમારે નક્કી કરવું પડશે કે-અહીં તમે અનાદિકાલીન પરંપરાવાળા છો, પણ હવે તમે નિર્ણય કરો કે-મારે પિતા નથી બનવું, તો? તમારા પિતાની અને તેમના ય પિતાની-એમ પિતાની અનાદિકાલીન પરંપરાનો તમે ઈન્કાર કરી શકો એવું છે જ નહિ, પરન્તુ તમને જો મન થાય અને તમે જો અગાઉથી કાળજીવાળા બની જાવ, તો તમે તમારાથી એ તમારી પિતાની પરંપરાનો અન્ત અવશ્ય લાવી શકો આવી જ રીતિએ, જીવની સાથેનો કર્મનો યોગ અનાદિકાલીન હોવા છતાં પણ, આપણે, આપણે માટે તેનો અન્ત અવશ્ય લાવી શકીએ છીએ, અને જીવની સાથેના જડના અનાદિકાલીન યોગથી સર્વથા મુક્ત બનવું, એનું જ નામ મોક્ષપ્રાપ્તિ છે આમ તો, પ્રત્યેક જીવ પ્રતિ

યે જડ એવા કર્મોની બાંધ-છોડ કર્યા જ કરે છે, પણ આપણે

તો આપણા અને જગતના આવા સ્વરૂપને સમજી લઈને, કર્મના યોગથી સર્વથા મુક્ત બનવાનો જ પ્રયત્ન કરવાનો છે

બધા મોક્ષને પામે તો શું થાય?

આવી રીતિએ, જ્યારે આત્માના સ્વરૂપની વિચારણા ચાલતી હોય, ત્યારે કોઈ એવો પણ તર્ક કરે કે-'આમ જો બધા ય આત્માઓ મુક્ત બનવાનો પ્રયત્ન કરવા માંડે, તો જતે દહાડે આ વિશ્વમાં રહે શું ?' પરન્તુ એવો કોઈ દિવસ આવે, એ સંભવિત જ નથી આ મોક્ષની વાત કાંઈ આજ-કાલથી ચાલતી નથી, પણ મોક્ષની વાતે ય અનાદિકાળથી ચાલે છે અને મોક્ષને પામવાનો પ્રયત્ન પણ ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ અનાદિકાળથી ચાલે છે અત્યાર સુધીમા અનન્તો કાળ ગયો અને અનન્તા કાળમા અનન્તા આત્માઓ મુક્તિને પામ્યા, તેમ છતા પણ જડ કર્મના યોગથી બદ્ધ એવા અનન્તાનન્ત આત્માઓ આજે આ વિશ્વમાં વિદ્યમાન છે કાળ કેટલો છે-એની તો કોઈથી પણ કલ્પના થઈ શકે તેમ નથી, છતા પણ જે અનન્તો કાળ, તેનો જે સમય નામનો સૂક્ષ્મમા સૂક્ષ્મ વિભાગ, તે સમયોની જો ગણના થઈ શકે, તો એ સંખ્યાથી પણ અનન્તગુણી સંખ્યા જીવોની છે એટલે કોઈ સમય એવો આવવાનો જ નથી, કે જે સમયે અનન્તાનન્ત જીવોથી ઓછા જીવો જડ કર્મથી બદ્ધ એવી અવસ્થામા હોય આમ છતાં પણ, કેવળ કલ્પના કરવાની ખાતર જ એવી કલ્પના કરો કે-આ વિશ્વમા જેટલા જીવો છે, તે બધાય કદાચ મોક્ષને પામી જાય, તો શું [illegible]

મુકશાન શુ થઇ જવાનું છે ? બધા ય જીવો કર્મના બન્ધ નથી મુક્ત બને અને એથી દુ ખથી પણ મુક્ત બને, તે તેમા આપણે તો ખૂશ થવાનું જ હોય ને ? આપણે તે જેમ આપણી મુક્તિને ઇચ્છીએ, તેમ સૌની પણ મુક્તિને જ ઇચ્છીએ ને ? આપણને મુક્તિ ગમતી હોય, મેળવવા જેવું લાગતી હોય, એથી જ આપણું દુ ખ ટળે અને આપણને સુખ મળે-એવુ આપણને લાગતું હોય અને દુ ખનું કારણ આપણો જીવ કર્મથી બદ્ધ છે એ છે-એવો આપણો નિશ્ચય હોય, તો આપણે કેવી ઇચ્છા કરીએ ? સૌ બન્ધનમુક્ત બનો એવી ? કે હું બન્ધનમુક્ત બનું અને બીજા બન્ધનમા પડયા રહો, એવી ? જો કે-સર્વ જીવો કોઈ પણ કાળે સર્વથા મુક્ત બની જાય એ શક્ય જ નથી, પરન્તુ આપણી ભાવના તો એ જ હોવી જોઈએ કે-સૌ બન્ધનમુક્ત બનો ! 'પછી આ વિશ્વનું શુ થશે ?'-એવો વિચાર કરીને, આપણે આપણા હૈયામા એવી ભાવના તો ન જ લાવીએ કે-' હુ બન્ધનમુક્ત બનું અને બીજાઓ બન્ધનમુક્ત બનો નહિ !'

જીવ એક નથી પણ જીવો અનન્તાનન્ત છે

આથી તમે એ વાત પણ સમજી શકયા હશો કે-આ વિશ્વમા જીવ એક જ નથી, પણ અનન્તાનન્ત જીવો આ વિશ્વમા છે આ વિશ્વમા જે અનન્તાનન્ત જીવો છે, તેઓમાના આપણે પણ એક છીએ આ વિશ્વમા જીવ તો એક જ અને બધા એ એક જીવના અશ રૂપ છે-એમ જો માનવામા આવે, તો જે સમયે એક જીવ મહા યાતનાને ભોગવી રહ્યો

હોય છે અને મહા દુ ખથી રીબાઈ રહ્યો છે, તે જ વખતે બીજો જીવ મહા સુખ ભોગવી રહ્યો હોય છે અને મહા સુખના આનન્દમા નિમગ્ન બની ગએલો હોય છે, તેનો શો ખૂલાસો કરશો? જે સમયે એક જીવ મહા પાપ કરી રહ્યો હોય છે, તે જ સમયે બીજો જીવ મહા પુણ્ય કરી રહ્યો હોય છે જે સમયે એક જીવ મહા ભોગોને ભોગવી રહ્યો હોય છે, તે જ સમયે બીજો જીવ ઘોર તપશ્ચર્યાને આચરી રહ્યો હોય છે અરે, જે સમયે એક જીવ જેનું મહા ભૂડું ચિન્તવી રહ્યો હોય છે, તે જ સમયે બીજો જીવ તે જ જીવનું મહા ભલું ચિન્તવી રહ્યો હોય છે જો આત્માઓ જૂદા જૂદા હોય નહિ, તો આ બધુ ઘટી શકે ખરૂં? જીવ એક અને એના અંશો સ્વર્ગમા ય ખરા ને નરકમા ય ખરા, મનુષ્યોમા ય ખરા ને પશુ-પક્ષી આદિ તિર્યંચોમા ય ખરા, આ તે કાઈ બની શકે તેવી ચીજ છે? નહિ જ એટલે દરેકે દરેક જીવ સ્વતન્ત્ર છે આમ છતા પણ, આપણે સાપેક્ષ રીતિએ સર્વ જીવોની સમાનતાને પણ જરૂર વર્ણવી શકીએ છીએ જીવનું લક્ષણ જે ચેતના છે, તે લક્ષણ સર્વ જીવોમા ઘટી શકે છે આથી એમ પણ કહી શકાય કે-જીવોનો જે મૂળભૂત સ્વભાવ છે, તે સર્વ જીવોમા એક સરખો જ છે અને આ જ મુક્તાત્માઓના જ્ઞાનાદિ ગુણોમા કશી જ તરતમતા હોતી નથી આ વિશ્વમા, જીવોમાં જે કાઈ જ્ઞાનાદિ ગુણોમા તરતમતા દેખાય છે, તે તો, તે તે જીવોની તથાપ્રકારની જે કર્મબદ્ધતા છે, તેને આભારી છે કર્મોના યોગથી જીવનો સ્વભાવ આવરાએલો છે એ કર્મોના ક્ષયોપશમાદિના ન્યૂનાધિકપણો

પ્રમાણે, જીવોના જે સ્વભાવિક ગુણો, તેના પ્રગટીકરણમા ન્યૂના ધિકતા જણાય છે સર્વ જીવો સ્વભાવે સરખા હોવા છતા, કર્મના યોગે જ, જીવોમા પરસ્પર અસમાનતાને ઉભી કરેલી છે

જ્ઞાન કેટલુ છે અને આપણે કેવા જ્ઞાની છીએ?

જીવ સદા જીવવાના સ્વભાવવાળો અને સ્વભાવે અન ન્તજ્ઞાનાદિ ગુણોથી યુક્ત છે આવા પણ જીવ ઉપર, આજે, કર્મસત્તાનુ સમ્રાજ્ય પ્રવર્તી રહ્યુ છે નિત્ય જીવવાના સ્વભાવ-વાળા આપણે જન્મીએ છીએ, અમુક કાળ જીવીએ છીએ અને મરીએ છીએ ફર પાછા જન્મીએ છીએ અને અમુક કાળ જીવીને મરીએ છીએ અનન્તજ્ઞાનાદિ ગુણોના સ્વામી આપણે, કેટલા બધા અજ્ઞાન આદિ છીએ? તમે ગમે તેટલુ ભણેલા હો, ગમે તેવા મોટા વિદ્વાન હો, પણ તમારૂ જ્ઞાન કેટલુ? જ્ઞાન કેટલુ હોઈ શકે-એ વિચારો અને તમને જ્ઞાન કેટલુ છે-એ વિચારો જગતના કોઈ પણ પદાર્થના, કોઈ પણ સૂક્ષ્મમા સૂક્ષ્મ પર્યાયનું પણ જ્ઞાન જેને ન હોય, તેને સર્વજ્ઞ કહી શકાય નહિ હવે અનન્તાનન્ત જીવો અને અન તાનન્ત જડો, એ સર્વનુ એવુ જ્ઞાન કે-એ સર્વમા જે એક એકના અનન્તાનન્ત પર્યાયો તેમાના એક પર્યાયનું જ્ઞાન નહિ એવું નહિ આટલા બધા જ્ઞાનની પાસે, આપણુ જ્ઞાન કેટલુ? સાગરમા બિન્દુ જેટલુ પણ નહિ! આમ છતા ય, કેટલાકોને પોતાના જ્ઞાનનો ઘમડ કેટલો મોટો? એટલે, આ બધુ એ સૂચવે છે કે-જીવ જેમ નિત્ય છે, તેમ પરિણામી પણ છે જીવનુ સ્વભાવ સિદ્ધ સ્વરૂપ સર્વથા નષ્ટ થઈ જતું નથી, પણ જીવનું સ્વ

રૂપ લગભગ નષ્ટ થઈ ગયુ હોય, એવી અવસ્થાવાળો પણ જીવ બને ખરો એ પ્રતાપ જીવની કર્મબદ્ધતાનો છે એટલે આપણે માટે જો કોઈ પણ વસ્તુ નિવારવાને યોગ્ય હોય, તો તે આપણી કર્મબદ્ધતા જ છે કારણ કે-આપણા સાચા સ્વરૂપને કર્મબદ્ધતાએ દાબી દીધુ છે સદા જીવતા રહેવાના સ્વભાવવાળા આપણને મરણ પામવું પડે છે, સદા સુખી રહેવાના સ્વભાવવાળા આપણને દુ ખી થવુ પડે છે અને સદા સ્થિર રહેવાના સ્વભાવવાળા આપણને દેવ-મનુષ્ય-તિર્યંચ-નરકગતિમા રખડવું પડે છે,-આ બધુ આપણી કર્મબદ્ધતાને જ આભારી છે

મોક્ષની ઇચ્છા માનમા પણ મોટો ગુણ છે!

આવી ભયંકર કોટિની કર્મબદ્ધતાથી આપણે સર્વથા મુક્ત બની જઈએ, એનું નામ મોક્ષ છે મોક્ષને તે જ જીવ પામી શકે છે, કે જે જીવ પોતાને ઓળખી શકે જે જીવ પોતાને ઓળખી શકે, તે જીવ જગતને પણ ઓળખી શકે આમ પોતાને અને જગતને પણ બરાબર ઓળખી લઈને, જે જીવને પોતાની કર્મબદ્ધાવસ્થા ખટકે છે તે જીવ, કર્મ બદ્ધ એવી જે પોતાની વર્તમાન પર્યાય રૂપ અવસ્થા, તેનાથી મુક્તિને મેળવવાના ઉપાયને શોધે છે આ રીતિએ, મુક્તિને માટે મુક્તિના ઉપાયને શોધનારો બનેલો આત્મા, શોધતે શોધતે મુક્તિનો એક માત્ર જે સાચો ઉપાય છે, તે ઉપાયને જાણે છે અને તે જ એક મુક્તિનો સાચો ઉપાય છે-એમ સદ્દહે છે આ પ્રમાણે જે જીવ મુક્તિના ઉપાયને જાણીને

સદ્દહે છે, તે જીવ પોતાની ચગ્યતાના પ્રમાણમા મુક્તિના એ ઉપાયને સેવનારો બને છે મુક્તિના એ ઉપાયને સેવતે સેવતે એ જીવ વીતરાગ બને છે, અનન્તજ્ઞાની બને છે અને અન્તે સર્વથા કર્મમુક્ત અવસ્થાને પામે છે આ રીતિએ જીવ મુક્તિને તો પામે છે, પણ બધા જ જીવો મુક્તિને પામવાની લાયકાતવાળા હોતા નથી મુક્તિને પામવાને માટે, સૌથી પહેલી જરૂર મોક્ષના અભિલાષની છે જે જીવ મોક્ષના અભિલાષને પામે છે, તે જીવ નિયમા જતે દિવસે મુક્તિને પામી શકે છે પરન્તુ જીવને સસારનો અભિલાષ ભૂડો લાગવો અને મોક્ષનો અભિલાષ જાગવો, એ અતિશય મુશ્કેલ છે ઇન્દ્રિયજન્ય સુખો અને ક્રોધ, માન, માયા ને લોભ–એ ચાર કષાયોથી જન્ય સુખો, એ સુખો વસ્તુત સુખો જ નથી–એમ લાગવુ અને આત્માના સ્વતન્ત્ર સુખની અભિલાષા જાગવી, એ કોઈ સહેલી વસ્તુ નથી આથી જ, જે જીવોમા મોક્ષનો અભિલાષ જાગવાની લાયકાત હોય છે, તે જીવોને શ્રી જૈન શાસનની પરિભાષામા 'ભવ્ય જીવો' તરીકે ઓળખવામા આવે છે અને જે જીવોમા મોક્ષનો અભિલાષ જાગવાની લાયકાત હોતી નથી, તે જીવોને શ્રી જૈન શાસનની પરિભાષામા 'અભવ્ય જીવો' તરીકે ઓળખ વામા આવે છે મુક્તિને તે જ જીવો પામી શકે છે, કે જે જીવો ભવ્ય હોય છે–આવી વાતને વાચીને અગર તો સાભળીને, જે જીવોને એવો વિચાર માત્ર પણ આવે કે–' હુ ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ ?' તે જીવો નિયમા ભવ્ય છે કારણ કે–એને ઉડે ઉડે પણ જો મોક્ષ રૂચે, તો જ

એવો વિચાર એના અતરમા ઉદ્ભવે અભવ્ય જીવોને તો કદી પણ એવો વિચાર ઉદ્ભવે જ નહિ, કારણ કે-જીવ મોક્ષને પામી શકે છે, એ વાતને માનવા જોગુ લાયક અત કરણ જ, તે જીવોનું હોતું નથી મોક્ષ રૂચે, એ પણ એક મોટો ગુણ છે દુનિયામા કોઈ વસ્તુ એવી છે ખરી, કે જેને માટે તમે ખાત્રીપૂર્વક એમ કહી શકો કે–'જેને એ વસ્તુની ઈ છા થાય, તેને એ વસ્તુ મળ્યા વિના રહે જ નહિ!'? દુનીયાની તુચ્છમા તુચ્છ વસ્તુ વિષે પણ તમે આવું નહિ કહી શકો, જ્યારે મોક્ષ એ કિમતીમા કિમતી વસ્તુ હોવા છતા પણ, એને માટે મહા જ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે–જે જીવોમા માત્ર એટલો વિચાર આવવા જોગી પણ મોક્ષની રૂચિ પ્રગટે કે–'હું ભવ્ય હોઇશ કે અભ ય હોઇશ?' તે જીવો નિયમા થોડા કાળમા મુક્તિને પામવાના! શ્રી જૈન શાસનમા કાળના પરિમાણના સૂચનમા 'પુદ્ગલપરાવર્ત્ત' એવું પણ એક કાલના પ્રમાણનું સૂચન આવે છે એક પુદ્ગલપરાવર્ત્ત કાલની અ દર અ દરના સમયમા જ મોક્ષની રૂચિવાળો જીવ મોક્ષને પામી શકે છે સસા રથી ચલચિત્ત બન્યા વિના, મોક્ષની રૂચિ પ્રગટી શકતી નથી અને મોક્ષની રૂચિ પ્રગટ્યા બાદ, જીવ એટલા અલ્પ કાળમા અવશ્ય મુક્તિને પામી શકે છે તમે સૌ મુક્તિની અભિલાષાવાળો બનો, એ જ એક શુભેચ્છા

જૈન પ્રવચન

—આ નામથી એક સાપ્તાહિક પ્રગટ થાય છે

—તા ૧ ૧ ૧૯૫૨ થી આ સાપ્તાહિકનું તેવીસમુ વર્ષ શરૂ થશે

—આ સાપ્તાહિકમા પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજાના પ્રવચનોનુ સારભૂત અવતરણ પ્રગટ કરવામા આવે છે

—આ સાપ્તાહિકનુ વાર્ષિક લવાજમ છ રૂપીઆ છે, પરન્તુ વર્ષ શરૂ થયા બાદ ગ્રાહક બનારાઓ પાસેથી પ્રવેશફીનો રૂા ૧-૮-૦ વધુ લેવાય છે

—વાર્ષિક લવાજમ ભરનાર ગ્રાહકોને એક ભેટ પુસ્તક આપવાનુ શરૂ કરવામા આવ્યુ છે

આ પુસ્તકમા અપાએલા લેખો જેવા સાહિત્યમા જો આપને રસ હોય તો આપ જરૂર ગ્રાહક બનો!

શ્રી જૈન પ્રવચન કાર્યાલય

ટંકશાળની પોળ અમદાવાદ

લેખાંક પાંચમો

સાચા સુખને માટે શ્રી વીતરાગ અને સર્વજ્ઞના શરણને સ્વીકારો !

'આપણે જે જે સાધનોને સુખના સાધનો માન્યા છે, તેમાંનું એક પણ સાધન એવું નથી કે જે સાધનના યોગે, આપણે જેવા સુખને ઇચ્છીએ છીએ તેવા સુખને પામીએ'
—એ વાતને તમે બરાબર સમજો છો !

જીવને દુઃખ ગમતું નથી અને સુખ જ ગમે છે, માટે ઇચ્છાઓ થયા કરે છે !

ઇચ્છાઓને કોઈ માપ પણ નથી અને ઇચ્છાઓની કોઇ એકસરખી સ્થિતિ પણ નથી !

લેખક

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિ. સં ૧૯૯૭, ભાદરવા સુદી ૧
તા ૨ ૯ ૧૯૪૧ રવિવાર.

આપણુ પગનન જીવન

આજે તમને એ વિચારમા મૂકવાની ભાવના છે કે-તમે શું ઇચ્છો છો, જે ઇચ્છો છો તે બરાબર છે કે નહિ અને એ જો ઇચ્છવા લાયક ન હોય, તો શું ઇચ્છવા લાયક છે? તમે વિચાર કરો કે-તમારી ઇચ્છાઓ કેટલી છે? કોઈ પણ માણસ, પોતાની ઇચ્છાઓને ગણાવી શકે તેમ છે? નહિ જ કારણ કે-ઇચ્છાઓને કોઈ માપ જ નથી જેમ ઇચ્છાઓને કોઈ માપ નથી, તેમ ઇચ્છાઓની કોઈ એકધારી સ્થિતિ પણ નથી સમય, સ્થાન ને સયોગ આદિ બદલાતા, ઇચ્છાઓમા પણ પલટો આવે છે બાળપણમા ધૂળના ઘર બનાવવાની ઇચ્છા થએલી આજે એવી ઇચ્છા થાય ખરી? આજે આપણને એવી ઇચ્છામા મૂર્ખતા લાગે, પણ તે સમયે તો એમા આનન્દનો અનુભવ થતો હતો આમ, આપણે જીવનમા કેટકેટલી ય ઇચ્છાઓની અથડામણો અનુભવી છે હવે તમને લાગતું હશે કે-'અમે ડાહ્યા થઈ ગયા છીએ અમે જ્ઞાનથી ને અનુભવથી ઘડાઈ ગયા છીએ' તો તમારે એ વાત કહેવી પડશે કે-'અત્યારે તમારી જે કોઈ ઇચ્છાઓ છે, તે ઇચ્છાઓમા તમારી મૂર્ખતા છે, એવું તમને ભવિષ્યમા લાગે તેમ નથી' તમે આવી વાત કહી શકશો ખરા? તમે ગમે તેટલા ડાહ્યા હો, તમે ગમે તેટલા અનુભવથી ઘડાએલા હો, પરન્તુ તમે આ વાત નહિ જ કહી શકો, કારણ કે-ઇચ્છાઓ સમય, સ્થાન અને સયોગ આદિને આધીન છે આજે કોઈ માણસ દુષ્ટ થઈ જાય અને તમને કહે કે-

'માગી લે, તારે જે ચીજોની જરૂર હોય તે ' તો તમે માગી માગીને કેટલુક માગો ? અને ગમે તેટલુ માગો તો ય કાઈ ને કાઈ બાકી રહી જ જાય આપણી આટલી બધી ઈચ્છાઓ શું સૂચવે છે ? આપણી પરવશતાનો એ સ્પષ્ટ ચીતાર છે કોઈ પણ ઈચ્છા શાથી ઉદ્ભવે છે ? આપણને જરૂર લાગે છે, આપણા હૈયે જરૂરીયાત ઉભી થાય છે, માટે ને ? જરૂરીયાત પણ બે પ્રકારની હોય છે જેમ અમુક ચીજને મેળવવાની ઇચ્છા થાય છે, તેમ અમુક ચીજને કાઢવાની પણ ઇચ્છા થાય છે ગમે તેના સયોગની ઈચ્છા અને ન ગમે તેના વિયોગની ઇચ્છા ઈચ્છાના ઉદ્ભવ અને તેના ટકાવ આદિમા, આમ રાગ અને દ્વેષ કામ કરે છે હવે જો આપણે જરૂરીઆત વગરના જીવન વાળા બની જઇએ તો ? તો કોઈ પણ વસ્તુની ઇચ્છાને અવ કાશ જ રહે નહિ ઈચ્છા, એ કાઈ સુખનું કારણ નથી ઈચ્છા માત્ર દુ ખનું કારણ છે ઈચ્છા પોતે જ દુ ખ રૂપ છે ઈચ્છા થઈ એટલે જે વસ્તુની ઈચ્છા, તેને માટે પરિશ્રમ કરવાની સ્થિતિ ઉભી થાય ઈચ્છાનું દુ ખ, પછી પરિશ્રમનુ દુ ખ અને એટલુ દુ ખ વેઠવા છતા પણ ઈચ્છા ફળે નહિ, તો વળી દુ ખનો પાર નહિ એટલે, જો આપણે એવા જીવનને પામી શક્તા હોઈએ, કે જે જીવનમા ઈચ્છ ને પેદા થવાને કોઇ કારણ જ ન હોય, તો આપણે એવા જીવનને પામવાને માટે પ્રયત્ન શીલ બનવું જોઇએ ને ? એ માટે જ, સર્વથા બન્ધનરહિત, એકાન્તે મુક્ત એવા જીવનની આપણે વાત કરી રહ્યા છીએ આપણું જીવન આજે તો પરતન્ત્ર છે, માટે આપણને ઇચ્છાની, ઇચ્છાને પૂરી કરવાના હેતુથી થતા પરિશ્રમની અને એ પરિ

શ્રમ નિષ્ફળ નિવડે તો તેની પણ પીડાને ભોગવવી પડે છે.
જો આપણું જીવન સર્વથા સ્વતન્ત્ર હોય, કોઈ પણ વસ્તુનો
ખપ જ પડે નહિ–એવું આપણું જીવન હોય, તો આપણે કોઈ
જ પીડા ભોગવવી પડે નહિ સાચુ આઝાદ જીવન જ આ
છે 'અમને સ્વતન્ત્રતા ગમે છે અને પરતન્ત્રતા ગમતી નથી'–
એવું તમે બોલો છો તો ખરા, પરન્તુ તમે તમારા જીવનની
પ્રત્યેક ક્ષણે પરતન્ત્રતાનો જે અનુભવ કરી રહ્યા છો, તેનો
તો તમને ખ્યાલ જ આવતો નથી

સૌને પસદ તો એકાન્તિક અને આત્યન્તિક સુખ છે

તમારી સઘળી ય ઈચ્છાઓની પાછળ લક્ષ્ય માત્ર એક જ
છે તમને દુ ખ ગમતું નથી અને સુખ ગમે છે માટે જ
તમે ઇ છાઓ કર્યા કરો છો તમારી કોઈ પણ ઈચ્છાને
તપાસો તેમા લક્ષ્ય સુખ વિનાનું કોઈ હશે જ નહિ
દુ ખ પ્રત્યેનો અણગમો પણ તમારી સુખની ઈચ્છાને જ
આધીન છે તમારા હૈયામા સુખનો રાગ છે, માટે જ દુ ખનો
દ્વેષ છે જીવ માત્રને સુખ જ ગમે છે જીવ માત્રને સુખ
જ ગમે છે, પણ તે કેવું સુખ ગમે છે? ઘણા પણ સુખમા
દુ ખનો જો થોડો પણ અશ હોય, તો એ દુ ખના થોડા
પણ અશ પ્રત્યે અણગમો ઉભો જ રહે છે આપણને જે
સુખ મળ્યુ હોય, તે સુખથી પણ અધિક સુખ હોઈ શકે
છે–એમ જો આપણને લાગે, તો આપણને આપણું સુખ
ઉણપવાળુ લાગે છે અને તે પણ દુ ખનું કારણ બને છે
એટલે આપણે ઇચ્છીએ છીએ [illegible] જ સુખને, કે જે

સુખ દુ ખના અશ માત્રથી પણ રહિત હોય અને પરિપૂર્ણ પણ હોય આવુ પણ સુખ જો અમુક કાળે ચાલ્યુ જવાની સભાવના હોય, તો તેથી પણ આપણને દુ ખનો અનુભવ થાય છે, એટલે આપણે શાશ્વતકાલીન સુખના અભિલાષી છીએ ખરેખર, તમે તમારી સુખની અભિલાષાનો ક્યાસ કાઢો, તો તમારે આ વા જ નિર્ણય ઉપર આવવું પડે કે-'મને મારૂ સુખ દુ ખવાળુ હોય તે તે ગમતું નથી, તે અધુરૂ હોય તો ય તે ગમતું નથી અને તે નાશ પામે તેમ હોય તો ય તે ગમતું નથી' તમે સમજુ અને સતોષી બનીને, સુખમા આવતા દુ ખના અશોનુ દુ ખ હૈડે ધરો નહિ-એ વાત જૂદી છે અથવા તો સુખની લાલસા તમારી એવી જો ઉત્કટ હોય કે-થોડુ પણ સુખ જો ઘણા કષ્ટે મળતું હોય, તો તમે એ ઘણા કષ્ટને પણ ગણકારો નહિ -એ વાત જુદી છે, એવી જ રીતિએ, તમે સતોષથી કે નિરૂપાયે ગીમાતે અને પણ બીજાઓને ઘણું સુખ હોય તે છતા તમારા થોડા સુખથી ચલાવી લો એ વાત પણ જુદી છે, અને મળેલુ સુખ જેટલા દહાડા ભોગવાય તેટલુ ખરૂ, પછી જે થવુ હશે તે થશે, એમ કરીને નાશવત એવા પણ સુખથી નિભાવી લ્યો, એ વાતે ય જૂદી છે, પરતુ તમને સુખ ગમે છે તો ઐકાન્તિક અને આત્યંતિક જ ઐકાન્તિક સુખ તે જ કહેવાય, કે જે સુખ દુ ખના અશ માત્રથી પણ રહિત હોય સપૂર્ણ સુખ જ, ઐકાન્તિક સુખ હોઈ શકે આત્યન્તિક સુખ તે જ કહેવાય, કે જે સુખ કદી પણ નાશ પામનારૂ ન હોય જેને દુ ખનો અણુગમો

હોય, તેને આવું એકાન્તિક અને આત્યન્તિક સુખ જ પસંદ હોય અને જીવ માત્રને દુ:ખ વેઠવું પડે છે, પણ દુ:ખનો અણગમો તો છે જ. તમે તમારી સઘળી ય ઈચ્છાઓની પાછળ, આવા એકાન્તિક અને આત્યન્તિક સુખનો આશય, તત્વરી ગ્હેલો જોઈ શકશો. આ વાતમાં કાંઈ જ વિશેષતા કે નવીનતા નથી, ઊલટું, આ વાત તો રોજના અનુભવની છે, આમ છતાં પણ, તમને અથવા તમારામાંના કેટલાકોને, આ પણ એક નવી વાત લાગશે. કારણ કે-માણસોમાંનો ઘણો મોટો ભાગ આ રીતિએ વિચારતો જ કરતો નથી અને ગતાનુગતિકપણે જ જીવનનિર્વાહ કરે છે.

સંસારનું સુખ એ વસ્તુતઃ સુખ જ નથી

જો તમે વિચાર કર્યો હોત અને વિચાર કરીને આ રીતિએ નિર્ણય કર્યો હોત કે-'મને તો એકાન્તિક અને આત્યન્તિક સુખ જ પસંદ છે' તો તમે જે સાધનોને સુખના સાધનો માન્યા છે, તે સાધનોને કદી પણ સુખના સાધનો માન્યા જ ન હોત. આજે તમે બહારના સાધનો દ્વારા જ સુખની કલ્પના કરી છે, પણ એમાં મૂળમાંથી જ તમે એ ભૂલ કરી છે કે-તમે તમારા સુખને પરાધીન બનાવી દીધું! પરાવલંબી સુખ તો, પરની અનુકૂળતા પહેલી માગે. સુખ ભોગવવું તમારે અને તમારું સુખ અવલંબે પરને!-એ દશામાં તમે, કદી પણ, સર્વદા દુ:ખરહિત સુખના અને કદી પણ નષ્ટ ન થાય એવા સુખના ભોક્તા બની શકો ખરા? તમે ભોગમાં ને ધનમાં સુખ માન્યું છે, પણ ભોગસુખ તો

પ્રિયના સયોગથી અને યૌવનના યોગ આદિથી જ ભોગવી શકાય ને ? પ્રિયનો સયોગ કેવો છે ? બીજાના સારા પ્રિય સયોગને જોવાના યોગે ઇર્ષ્યા ઉત્પન્ન કરે એવો મારો પ્રિયસયોગ જશે, એવી ભીતિથી શોક ઉત્પન્ન કરે એવો ભોગની ક્રીડા પણ માણસ આવેગને આધીન બનીને કરી શકે છે બાકી તો, એ, તિરસ્કાર ઉપજાવે એવું કુત્સિત આચરણ છે પ્રિયનો સયોગ પણ અન્તવાળો જ હોય છે સયોગની સાથે વિયોગ જોડાએલો જ હોય છે એક તરફ દુ ખનો અનુગમો છે અને બીજી તરફ સુખનુ સાધન જ એવું શોધવું કે–દુ ખને પેદા કર્યા વિના રહે જ નહિ, એમા કયી બુદ્ધિમત્તા છે ? ભોગસુખ દુ ખ વગર ભોગવાતુ નથી અને દુ ખને પેદા કર્યા વિના પણ રહેતુ નથી, ત્યારે ધનના યોગમા કેટલું દુ ખ છે, એ તમને સમજાવવું પડે તેમ છે ? ધનને મેળવવાને માટે માણસોને કેટકેટલા કષ્ટો વેઠવા પડે છે ? ધન આવ્યા પછી ધન લૂટાઈ જાય નહિ, ચા'યું જાય નહિ, એ માટે કેટકેટલી ચિન્તાઓ થાય છે ? અને એ ધનનો યોગ સદા તો બન્યો રહેતો નથી, એટલે વિયોગનું દુ ખ તો ઉભુ જ છે આવી વસ્તુઓને તમે સુખના સાધનો તરીકે માનો, એમા ડહાપણ જેવું શુ છે ? તમે કહેશો કે–' પણ બીજુ કાઈ સુખનું સાધન દેખાતુ નથી, એટલે આને અમે ન વળગીએ તો કરીએ શુ ?' એ એક જૂદી વાત છે, પણ તમે પહેલા એ વાતમા તો સમત થાઓ છો ને કે–જેવું સુખ તમારે જોઈએ છે, તેવું એકાન્તિક અને આત્યન્તિક સુખ તો, આ સાધનોથી મળી શકે તેમ નથી જ ? શ્રી જૈન શાસનના

મહાપુરૂષોએ, ધર્મદેશનાની આદિમા મુખ્યત્વે એ જ વાત કરી છે કે-'આ સ સાર અસાર છે' સમાર અસાર છે, એનો અર્થ એ નથી કે-સ સારનું દુ ખ જ અસાર છે સ સાર દુ ખ મય છે, દુ ખફલક છે અને દુ ખપરપરક છે સ સારનું જે સુખ છે તે પણ દુ ખમય છે, દુ ખફલક છે અને દુ ખપર પરક છે સસારનું એકે એક સુખ દુખ મિશ્રિત જ છે સસારનું કોઈ સુખ એવું નથી જ, કે જેમા દુ ખનો અભાવ હોય એવી જ રીતિએ, તમે સ સારના સુખને ઈચ્છો, મેળવો ને ભોગવો, તો એના ફલ તરીકે પણ દુ ખ જ મળે, કેમ કે-પાપ સેવાય છે અને એવા પાપના યોગે જે દુ ખ આવે તે પરપરાવાળુ આવે સસારનું સુખ, એ વસ્તુત સુખ જ નથી-આ વાત જો તમારા ધ્યાનમા આવે, તો તમારા હૈયામા આનાથી પ્રતિપક્ષી એવા સુખની વાતને ઠસાવી શકાય, એ માટે આ વાત છે

સુખ ભોગવવા દુ ખનો અનુભવ કરવો પડે

સ સારનું કોઈ પણ સુખ, તમને એ સુખ રૂપે ત્યારે જ લાગે છે, કે જ્યારે તે પહેલા તમે દુ ખનો અનુભવ કરો તમારે જો ખાવાનું સુખ ભોગવવું હોય, તો એ માટે તમારે એ પહેલા ભૂખના દુ ખનો અનુભવ કરવો જ પડે ભૂખનું દુ ખ પેદા થયા વિના, ભોજનના સુખને ભોગવી શકાય નહિ પીવાનું સુખ, તરસના દુ ખનો અનુભવ કર્યા વિના ભોગવી શકાય નહિ ભોગનું સુખ, કામાવેગના દુ ખનો અનુભવ કર્યા વિના ભોગવી શકાય નહિ ખાવાના યોગે, પીવાના યોગે ને

ભોગના યોગે જ્યા ભૂખનું દુ ખ ટળી જાય, તૃષાનું દુ ખ ટળી જાય ને કામાવેગનુ દુ ખ ટળી જાય, પછી એ સુખને છોડી દીધા વિના છુટકો થાય નહિ, એટલે એ બધા સુખો એવા પણ નથી કે-સતત્ એ સુખોને ભોગવી શકાય વળી એ સુખો જીવને આરામ આપી શકે છે, તો પણ તે અલ્પ સમયને માટે જ ! થોડોક વખત જાય છે ને પાછા ભૂખ આદિ રૂપ દુ ખો ઉત્પન્ન થઇ જાય છે એટલે તમે માનેલા સુખના સાધનો એવા નથી જ, કે જે સાધનોના યોગે તમે એકાન્તિક ને આત્યન્તિક એવા સુખને ભોગવી શકો

સુખ માટે મેળવેલા માલનો જ બાળનાગ નિવડે છે

આ ઉપરાન્ત, તમે જેને સુખના સાધનો માનેલા છે, તે સૌને મળી શકે એવા છે? એ સાધનોને જે ઇચ્છે, તેને એ મળે? એ સાધનોને જે ઇચ્છે અને એને મેળવવાને માટેની જે મહેનત કરે, તેને એ મળે? નહિ જ, એ સાધનો તો એવા છે કે-જેનુ તેવા પ્રકારનુ પુણ્ય ઉદયવર્તી બને, તેને એ મળે સાધનો મળવા જોગુ પુણ્ય ઉદયવર્તી હોય, પણ એ સાધનો ભોગવવા જોગુ પુણ્ય જો ઉદયવર્તી હોય નહિ, તો શુ થાય? માણસને જ્યારે ગમતા સાધનો મળ્યા હોય છે અને એ સાધનોના ભોગોપભોગની તીવ્ર ઇચ્છા હોય છે, એવા વખતે જો એવા સાધનોનો ભોગોપભોગ કરી શકાય નહિ-એવું શરીર હોય છે અગર તો એવા જ કોઈ બીજા વિષમ સયોગો ઉપસ્થિત થઈ જાય છે, તો એવું

માનેલા સુખના સાધનો, એને જ આળનારા નિવડે છે અહુ હોશે હોશે એ સાધનો મેળવ્યા હોય, પણ એ સાધનોને ભોગવી શકાય તેવી કા તો તે સાધનોની સ્થિતિ ન હોય ને કા તો પોતાની તેવી સ્થિતિ ન હોય, તો પછી એ સુખના માનેલા સાધનો જે વેદના ઉપજાવે છે, અન્ત ફ્ગ્ગુમા દુ ખનો જે આતશ પ્રગટાવે છે, તેની કોઈ સીમા રહેતી નથી એટલે એ સાધનો સુખ જ આપે-એવો ય નિયમ નહિ અને એ સાધનો મળવાનું પુણ્ય ઉદયવર્તી હોય પણ જો એ સાધનોને ભોગવવાનું પુણ્ય ઉદયવર્તી ન હોય તો એ ભોગવાય નહિ એ પણ શકય આ સાધનો મળ્યા પછી અને એ ભોગવાતા હોય તો પણ, આ સાધનો ઉપર કોઈની કુદષ્ટિ થાય નહિ, એની કેટલી ચિન્તા ને કેટલી કાળજી રહે છે? એ પણ દુ ખ જ છે ને? આ સાધનોને ટકાવવાને માટે, આ સાધનોને તમારી પાસે સાચવી રાખવાને માટે, તમે ગમે તેટલી ચિન્તા કરો અને ગમે તેટલી કાળજી રાખો, તે છતા પણ એ સાધનોનો વિયોગ તો સુનિશ્ચિત છે રાજા રંક બની જાય, ધનપતિ ભિખારી બની જાય, પ્રિય વ્યક્તિ મરી જાય, પ્રિય વ્યક્તિને છોડીને દૂર ચાલ્યા જવું પડે, પ્રિય વ્યક્તિને ફ્ગ્જીઆત દૂર ધકેલી દેવી પડે,–આ બધી શકયનાઓ પણ ઉભી જ છે ને? એટલે તમે જે સાધનોને સુખના સાધનો માન્યાં છે, તે સાધનો તો સુખના સાધનો છે જ નહિ જ્ઞાનિઓ તો કહે છે કે-'સુખ બીજા કોઈ સાધનમા નથી સુખ આત્મામા જ છે આત્મા બ ધનમા પડેલો છે, માટે જ એ સુખનો અનુભવ દુર્લભ બની ગયો છે'

જીદગીભર મહેનત કરીને મેળવેલા સાધનો ય છોડવા પડે

તમે માનેલા સુખના સાધનો આવા વ્યભિચારી સ્વભાવના હોવા છતા પણ, તમને કદાચ એમ થશે કે- તો ય એ સાધનોથી થોડુ પણ સુખ તો મળે છે ને ?' તમારી એ વાત કબૂલ રાખીએ, તો પણ આપણે આપણી અત્યારની કર્મબદ્ધ સ્થિતિ પસદ કરવા લાયક છે જ નહિ માનો કે- તમારૂ પુણ્ય એવુ ઉદયવર્તી છે કે-તમે જે ઇચ્છો તે તમને મળી જાય છે, તમે જેને જેને જ્યારે જ્યારે ભોગવવાને ઇચ્છો, તેને તેને ત્યારે ત્યારે તમે ભોગવી શકો છો, તો પણ તેનું પરિણામ શુ ? સાસારિક સુખનો ભોગવટો હિંસાદિ પાપ વિના થઈ શકતો જ નથી સાસારિક સુખના રસથી પણ પાપ બધાય છે અને સાસારિક સુખના ભોગવટાથી પણ પાપ બધાય છે, એટલે થોડા કાળના સુખને પરિણામે ઘણો કાળ દુ ખ ભોગવવાનો વખત આવી લાગે છે આ વાતને હમણા જરાક બાજુએ રાખીએ, તો પણ અહીથી આપણે મરવાનુ, એ તો નક્કી છે ને ? આ સસારમા, કયા ય, જીવને ઠરીને ઠામ બેસવાની જગ્યા છે ખરી ? જે જન્મ્યો તે નિયમા મરવાનો જન્મની સાથે મરણ સકળાએલુ જ છે એવું મરણ સભવિત છે, કે જે મરણને પામ્યા પછીથી જન્મ પામવાપણું ન હોય, પરન્તુ એવો જન્મ તો અસભવિત જ છે કે-જે જન્મને પામ્યા પછીથી મરણને પામવાપણું ન હોય અહી તમે ગણત્રીના વર્ષો જીવવાના એટલા વર્ષો તમે એવા સુખના સાધનોને મેળવવામા, ભોગવવામા અને સઘરવામા ગાળો છો, કે જે સાધનો વસ્તુત સુખનાં સાધનો નથી, પણ

પાપના સાધનો છે અને એથી પણ દુઃખના જ સાધનો છે. પરંતુ ધારો કે-પાપની અને એથી આવનાના દુઃખની [illegible] કર્યા વિના, તમે જીવનભર એ સાધનોની પૂંઠે જ લાગી રહ્યા, પણ અન્તે તો તમારે એ સાધનોને છોડવા જ પડશે [illegible] એ સાધનોને છોડીને બીજા જન્મમાં ચાલ્યા જવું પડશે [illegible] મેળવેલા ને સંઘરેલા સાધનોમાંથી એક પણ સાથે [illegible] આવે આવું આપણા અનન્તકાલીન જીવનમાં કેટલીક [illegible] બન્યું હશે? કદાચ અનન્તી વાર પણ! સુખના જે [illegible] માટે ન જોઈએ રાત્રિ કે ન જોઈએ દિવસ, ન જોઈએ [illegible] કે ન જોઈએ પાપને, ન જોઈએ સગપણને કે ન જોઈએ [illegible] ધને, ન જોઈએ ભૂખને કે ન જોઈએ [illegible], આવી અનેક વિધ યાતનાઓને વેઠી વેઠીને પણ જે સાધનોને [illegible], તે સાધનોને પણ મૂકીને જવું પડે નવા જન્મમાં પાછી નવે સરથી મહેનત કરવાની રહે આવી દશા તારક [illegible] પેદા ન થાય? વિચાર કરનારને જરૂર લાગી જાય એવી આ વાત છે, પણ આજે તો આત્માને માનવા [illegible] નારાઓ પણ મોટે ભાગે આત્માને નહિ માનનારા [illegible] વર્તી રહ્યા છે 'હું ક્યાંકથી આવ્યો છું, અહીં [illegible] ક્યાંક જવાનું છે અને અહીં જે [illegible] સામગ્રીને ભેગી કરી છે, તેમાંની [illegible] મારી સાથે આવવાની નથી [illegible] આજે બાહ્ય સુખસામગ્રીને [illegible] છે, તે કોઈક કદાચ [illegible] આવે કે-'અહીં [illegible]

કહ્યું શું ?' પણ, આજે તો, અજ્ઞાનથી કારમી વિચારજડતા આવી જવા પામી છે

પુણ્ય પણ આખરે તો કર્મ જ છે

પરલોકના હિતનો વિચાર આવે, એટલે માણસ કરે શું ? પહેલા તો જેમ બને તેમ પાપને નહિ સેવવાનો અને પુણ્યને આચરવાનો વિચાર કરે, પરન્તુ એવો વિચાર પણ બુદ્ધિની સ્થૂલતાનો સૂચક છે સૂક્ષ્મ બુદ્ધિવાળો તો આગળ વિચાર કરે એ એવો વિચાર કરે કે–' આપણે પુણ્ય ઉપાર્જ્યું, પણ પછી શું ? જો કેવળ દુન્યવી સુખને માટે પુણ્યોપાર્જન કર્યું, તો એ પુણ્ય જ્યારે ઉદયમા આવશે, ત્યાર સુખની સામગ્રી તો મળશે, પણ એ સુખની સામગ્રીના ભોગવટાથી પાપ બધાશે તેનુ શું ? જે પાપને હુ ઇચ્છતો નથી, તે પાપ તો પાછુ મારે પલ્લે જ પડી જશે વળી, પુણ્ય એ પણ આખર તો એક પ્રકારનું કર્મ જ છે શુભ કર્મ છે–એ વાત ખરી, પણ બેડી તો સોનાની હોય કે લોહાની હોય, પણ બેડી એટલે બેડી, માટે મારે પુણ્યની પણ ઇચ્છા જ કરવી નહિ ઇચ્છા તો મારે એક જ રાખવી કે–હું પોતે હાલ જે કર્મબદ્ધ છુ, તેમાથી મુક્ત ક્યારે બની જાઉ ? એટલે મારે પુણ્યોપાર્જનને માટે મહેનત નહિ કરવી, પણ એક માત્ર મુક્તિને મેળવવાને માટે જ મહેનત કરવી !' મુક્તિની સાધના કરવાને માટે પણ આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ આદિ ઘણી સામગ્રીનો યોગ આવશ્યક છે અને જે આત્માઓ મહા પુણ્યશાળી હોય છે, તેઓને

જ એ બધી સામગ્રીનો ઉપયોગ કરી શકે છે, એટલે પુણ્ય સર્વથા અનાવશ્યક જ ચીજ છે એવું નથી, પરન્તુ જેઓ એક માત્ર મુક્તિની જ અભિલાષાથી મુક્તિના સાધક સાધનોને સેવવા માંડે છે, તેઓને જ્યાં સુધી મુક્તિ મળતી નથી, ત્યાં સુધી સુંદર પુણ્યનો યોગ થયા જ કરે છે શ્રી જૈન શાસનમાં પુણ્ય પણ બે પ્રકારનું હોય છે એમ જણાવેલું છે એક પાપાનુબંધી પુણ્ય અને બીજું પુણ્યાનુબંધી પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય દુન્યવી સામગ્રી ઉચ્ચ પ્રકારની આપે છે, પરન્તુ એવા પુણ્યના ઉદયકાળમાં જીવનો વિરાગ હાનિને પામતો નથી પણ વૃદ્ધિને પામે છે કેટલાક માણસો એવા નબળા હોય છે કે-હૈયામાં એક માત્ર મુક્તિની સાધનાની જ અભિલાષા હોય, પરન્તુ પોતાની નબળાઈના કારણે એ માણસોને એમ થયા જ કરે કે-'આપણે અમુક અમુક પ્રકારની અનુકૂળતા વિના તો મોક્ષને સાધી શકીએ તેમ જ નથી' આથી તેઓ મુક્તિની સાધના [illegible] માટે પુણ્યની ઈચ્છા કરે, એ પણ બનવાજોગ છે, [illegible], તેઓ એમ તો સમજે જ કે-પુણ્ય એ પણ [illegible] જ છે અને મારે તો ક્રમશઃ કર્મરહિત અવસ્થા જ પામવી છે એટલે પુણ્યની ઈચ્છા પણ દુન્યવી [illegible] ની, એ તો એક પ્રકારનું પાપ જ છે

મોક્ષ એટલે દુઃખનો અન્ત અને અનન્ત સુખની પ્રાપ્તિ

આપણે જે એકાન્તિક અને આત્યન્તિક સુખને ઇચ્છીએ છીએ, તે સુખ પુણ્યથી પણ મળી શકે તેવું નથી. આપણે

નિરૂપાધિક સુખ જ જોઈએ નિરૂપાધિક સુખ, આપણે જ્યા સુધી નિરૂપાધિક બનીએ નહિ, ત્યા સુધી મળી શકે એવું નથી આજે આપણને સુખનો વિચાર આવે છે ને તેની સાથે જ ઉપાધિનો વિચાર પણ આવે છે આ હોય, આમ હોય, અમુક ન હોય, તો જ સુખ ભોગવાય-એમ આપ ણને થાય છે, જ્યારે અનન્તજ્ઞાનિઓ ફરમાવે છે કે-જ્યા સુધી કોઈ પણ વસ્તુના કે કોઇ પણ વ્યક્તિના યોગમા સુખ માનો છો, ત્યા સુધી તમે સુખને ઓળખી શકયા જ નથી સતોષી માણસ સુખનો અનુભવ કરે છે, તે સુખ કેવું છે? પાસે કાઈ પણ સાધન નથી અને સતોષનું સુખ અનુભવી શકાય છે ક્ષમાશીલતાનુ સુખ પણ કોઈના ય યોગ વિના અનુભવી શકાય છે જીવ કર્મબદ્ધ દશામા હોય, ત્યારે પણ એ જો વિવેકી અને જ્ઞાની બનીને, કશા પણ પરના યોગ વિના સુખ અનુભવી શકે છે તો પછી જ્યારે તે પરિપૂર્ણ-પણે કર્મમુક્ત બની જાય, ત્યારે તે સુખનો અનુભવ ન કરી શકે-એ શકય જ નથી આત્મા સ્વભાવે જ જેમ સદા જીવનારો છે અને અનન્તજ્ઞાની આદિ છે, તેમ આત્મા સ્વભાવે જ અનન્ત સુખવાળો છે દુખનો યોગ કર્મના યોગે છે કર્મબદ્ધતાના યોગે જે દુખ છે, તે મુક્તાવસ્થા મળતાની સાથે જ નષ્ટ થઈ જાય છે મુક્ત બનવુ એટલે દુખાભાવને પેદા કરવો અને મુક્તાવસ્થા એટલે અનન્ત સુખમય અવસ્થા આત્માની જે સ્વાભાવિક એવી અનન્ત સુખમય અવસ્થા છે, તે કર્મથી જ આવરાએલી છે અને તે કર્મનું આવરણ જ્યારે સર્વથા ટળી જાય છે, ત્યારે તે

કર્મે જન્માવેલા દુઃખનો સર્વથા અન્ત આવી જાય છે તેમ જ આત્માની પોતાની અનન્ત સુખમય અવસ્થા પરિપૂર્ણપણે પ્રગટ થઇ જાય છે એ વખતે આત્મા એકાન્તે નિરૂપાધિક સુખ ભોગવે છે

શત્રુને સ્પીમરવાની જરૂર

આપણને નિરૂપાધિક સુખને પામવાની ઇચ્છા થઈ અને એ માટે આપણે નિર્ણય પણ કર્યો કે-'આપણે મોક્ષને મેળવવો છે' પરન્તુ મોક્ષ મળે શી રીતિએ ? મોક્ષને મેળવવાનો ઉપાય કયો ? સામાન્ય રીતિએ વિચાર કરતા, આપણે એટલુ તો સમજી શકીએ કે-મોક્ષ મેળવવો, એટલે આપણે આપણી વર્તમાન કર્મબદ્ધ દશાથી સર્વથા મુક્ત બની જવુ ! માટે આપણે જો મોક્ષનો ખપ હોય, તો આપણે બે પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ એક પ્રકારનો પ્રયત્ન એ કે-આત્માને કર્મનો યોગ થવા પામે નહિ તેવી રીતિએ પ્રવર્તવુ અને બીજા પ્રકારનો પ્રયત્ન એ કે-આત્માને જે કર્મો વળગેલા છે, તેને આત્માથી વિખૂટા પાડી દેવા આ બે પ્રકારનો પ્રયત્ન જોડી સાથે જ આરભવો જોઈએ અહીં આપણને માર્ગદર્શકનો ખપ પડયા વિના નહિ રહે અત્યાર સુધી તો આપણે ગમે તેમ આથડયા આપણે આથડી રહ્યા છીએ-તેનો પણ આપણને અત્યાર સુધી તો ખ્યાલ નહોતો પણ હવે આપણે સમજ્યા કે-'આપણે આ વિશ્વમા અનન્તો કાળ થયા આથડી રહ્યા છીએ અને આપણને આ રીતિએ વિશ્વમા અથડાવનાર કર્મનો યોગ જ છે આટલી

ખબર પડી, માટે આપણે હવે એવાનુ શરણુ સ્વીકારવુ જોઈએ, કે જે આપણને કર્મથી કેમ છૂટાય, તેનો સાચો ઉપાય બતાવી શકે સામાન્ય રીતિએ આપણને એમ લાગે કે-કર્મથી છૂટવાને માટે આપણે અધર્મનો ત્યાગ કરવો જોઈએ અને ધર્મનો સ્વીકાર કરવો જોઈએ હિંસાદિ એ અધર્મ છે અને અહિંસાદિ એ ધર્મ છે-એમ પણ જો આપણે વિચારીએ તો લાગે પરન્તુ ધર્મના નામે ય અધર્મના ઉપાસક બની જવાય એ ય શક્ય છે અને અજ્ઞાનના યોગે આપણે ધર્મને જ અધમ માની લેવાની ભૂલ કરીએ, એ પણ આપણે માટે શક્ય છે આથી આપણે એવાના શરણને સ્વીકારવુ જોઈએ, કે જેના શરણને સ્વીકારવાના યોગે આપણે કદી પણ ભૂલાવામા પડીએ નહિ અને મોક્ષમાર્ગે જ ગતિમાન બનીએ

<u>સર્વજ્ઞનુ શરણ સ્વીકારવુ ૫૩</u>

આવી રીતિએ જીવો નિશ્ચિન્તપણે અને શ્રદ્ધાપૂર્વક કોના શરણને સ્વીકારી શકે ? આપણે એવા જ્ઞાનીના શરણને સ્વી કારવુ પડે, કે જે જ્ઞાની જેમ રૂપી પદાર્થોને પોતાના જ્ઞાન બળે જાણવાને સમર્થ હોય, તેમ અરૂપી પદાર્થોને પણ પોતાના જ્ઞાનબળે જાણવાને સમર્થ હોય કોઈ પણ પદાર્થને પરિ પૂર્ણપણે જાણ્યો ત્યારે કહેવાય, કે જ્યારે તેના વર્ત્તમાન-કાલીન પર્યાયની જેમ જ તેના ભૂતકાલના સર્વ પર્યાયોને અને તેના ભવિષ્યકાળના સર્વ પર્યાયોને પણ જાણી શકાય ભૂતકાળ પણ અનન્તો છે અને ભવિષ્યકાળ પણ અનન્તો છે, એટલે એક પણ પદાર્થના સર્વ પર્યાયોને તે જ જાણી

શકે, કે જેનું જ્ઞાન અનન્ત હોય આ પણ એક નિયમ છે કે– જે એકને જાણે તે સર્વને જાણે અને જે સર્વને જાણે તે જ એકને જાણે એકનું પરિપૂર્ણ જ્ઞાન, સર્વના પરિપૂર્ણ જ્ઞાનની અપેક્ષા રાખે છે જ્ઞાન એ આત્માનો સ્વાભાવિક ગુણ છે આત્માનો આ સ્વાભાવિક એવો ગુણ, જ્ઞાનાવરણીય કર્મથી આવરાએલો છે જ્યારે એ જ્ઞાનાવરણીય કર્મ સર્વથા ક્ષીણ થઈ જાય છે, ત્યારે આત્માનો સ્વાભાવિક એવો જ્ઞાનગુણ પરિપૂર્ણપણે પ્રગટે છે એ જ્ઞાનમા કાઇ પણ ઉણપ હોતી જ નથી આથી જ, એવા આત્માઓને સર્વજ્ઞ કહેવામા આવે છે આપણે જે હેતુને ખર લાવવાને ઈચ્છીએ છીએ, તે હેતુને ખર લાવવાને માટે આપણે સર્વજ્ઞ બનેલા પરમ આત્માના શરણને જ સ્વીકારવુ પડે તેમ છે, કારણ કે– અસર્વજ્ઞ આત્માઓ સ્વતન્ત્રપણે મુક્તિનો માર્ગ યથાસ્થિતપણે બતાવી શકે એ શક્ય જ નથી

<u>પરમાત્મા વીતરાગ અને સર્વજ્ઞ જ હોય</u>

જ્યા સુધી આત્મા રાગી અને દ્વેષી હોય છે, ત્યા સુધી આત્મા સર્વજ્ઞ બની શકતો જ નથી સર્વ પદાર્થોને સર્વ પ્રકારે યથાસ્થિતપણે જાણવામા, રાગ અને દ્વેષ અન્તરાય કરે છે રાગ અને દ્વેષવાળા પણ આત્માઓ, ઘણી ઘણી યોગ્ય તાઓને મેળવીને, સર્વજ્ઞની વાણીના પ્રતાપે સર્વ પદાર્થોને સર્વ પ્રકારે યથાસ્થિતપણે જાણી શકે છે, પરન્તુ સર્વજ્ઞપણાની પ્રાપ્તિ તો રાગ અને દ્વેષનો સર્વથા ક્ષય થયા પછીથી જ થાય છે દ્વેષ તો રાગની અનુગામી વસ્તુ છે રાગના અસ્તિ

ત્વમાં જ, રાગના અસ્તિત્વના યોગે જ દ્વેષ સંભવે છે અમુકનો રાગ, એના પ્રતિપક્ષી પ્રત્યેના દ્વેષનું કારણ બને છે એટલે જેનો રાગ નાશ પામે છે, તેનો દ્વેષ તો આપોઆપ નાશ પામે છે એટલે જેણે સર્વજ્ઞ બનવું હોય, તેણે વીતરાગ દશાને પ્રાપ્ત કરવી પડે છે આપણે માટે શરણ યોગ્ય સર્વજ્ઞ જ છે, એટલે આપણે વીતરાગને તો શરણ યોગ્ય માની જ લીધા કહેવાય રાગી અને દ્વેષીથી જેમ ભૂલ થઈ જવાનો સંભવ છે, તેમ અજ્ઞાનીથી પણ ભૂલ થઈ જવાનો સંભવ છે આથી, આપણે તો વીતરાગ અને સર્વજ્ઞના શરણને સ્વીકારવું, એ જ હિતાવહ છે સામાન્ય રીતિએ એમ કહેવાય કે–માણસે મોક્ષને માટે પરમાત્માનું શરણ સ્વીકારવું જોઈએ, પરન્તુ પરમ આત્મા કેવો હોય, તે પણ આપણે જાણવું જોઈએ પરમ આત્મામાં રાગ-દ્વેષનો અંશ પણ સંભવે નહિ અને અજ્ઞાનનો અંશ પણ સંભવે નહિ આપણે જેમને પરમાત્મા તરીકે સ્વીકારીએ, તેમનામાં વીતરાગતાની અને સર્વજ્ઞતાની અપેક્ષા જરૂર રાખીએ

આપણો મોક્ષ આપણે જ સાધવાનો છે

આજે આ ક્ષેત્રમાં શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓનો સુયોગ મળી શકે તેમ નથી ક્ષેત્રાન્તરમાં શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા આત્માઓ હાલ સદેહે વિહરમાન છે, પરન્તુ આ ક્ષેત્રમાં આ કાળમાં એવા આત્માઓનો યોગ મળી શકે, એ શક્ય નથી આમ છતાં ય, શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓની વાણીનો સંગ્રહ તો,

આજે પણ, આ દેશમા ઉપલબ્ધ છે આ ક્ષેત્રમા કેટલાક સકાઓ પૂર્વે શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓ સદેહે વિહરમાન હતા અને હાલ એ તારકો મુક્તાવસ્થામા છે એ તારકોએ જે મોક્ષનો ઉપાય બતાવેલો, તે શાસ્ત્રોમા લખાએલો છે એ ઉપાયનુ અવલબન લેવાને માટે ઉત્સાહિત બનીને, જે પુણ્યાત્માઓ એ ઉપાયને જાણવાનો અને સેવવાનો પ્રયત્ન કરે છે, તે પુણ્યાત્માઓ આ કાળમા અને આ ક્ષેત્રમા પણ મુક્તિમાર્ગના આરાધકો બની શકે છે અહીં આપણે એ વાત પણ સમજી જ લેવી જોઇએ કે–મોક્ષ, એ કોઈ હાથમા લઇ શકાય કે હાથમા દઈ શકાય–એવી વસ્તુ નથી તેમ જ કોઈ કોઈના પુરુષાર્થથી મોક્ષને પામી શકે–એ પણ શકય નથી પરમાત્માના શરણને સ્વીકારીને પણ, આપણે તો એ તારકોએ મુક્તિનો જે ઉપાય બતાવ્યો છે, તે ઉપાયને સેવવાને માટે જ પુરૂષાર્થશીલ બનવુ પડશે પરમાત્મા જો કોઈને ય ઉચકીને મોક્ષે પહોંચાડી શકતા હોત, તો આપણે અથવા તો કોઈ પણ જીવ સસારમા હોત જ નહિ, પરન્તુ મોક્ષ એ પણ આત્માનો પોતાનો એક પર્યાય જ છે અને આત્માએ પોતે જ એ પર્યાયને પ્રગટ કરવાનો છે [illegible] મોક્ષ આપણે જ સાધવાનો છે આપણે [illegible] સ્વીકારવાનુ છે, તે તો એ તારકોએ [illegible] જાણવાને માટે અને એ મોક્ષ[illegible] [illegible] બનવાને માટે જ !

આપને જો આ પુસ્તકમા અપાએલા લેખોમા જે જે વાતોનું પ્રતિપાદન કરવામા આવ્યુ છે તે ગમી ગયું હોય અને એથી આપને જો આવા સાહિત્યને વાચવાની ઇચ્છા હોય, તો અમે આપને ભલામણ કરીએ છીએ કે–

જૈન પ્રવચન

નામના સાપ્તાહિકના આપે ગ્રાહક બની જવું આ સાપ્તાહિક બાવીસ વર્ષોથી પ્રગટ થાય છે તા ૧–૧–'પર થી તેવીસમુ વર્ષ શરૂ થશે વર્ષ શરૂ થતા પહેલા વાર્ષિક લવાજમ છ રૂપીઆ ભરશો તો આપને પ્રવેશફીનો રૂા ૧–૮–૦ નહિ ભરવો પડે તા ૧–૧–'પર પછી પ્રવેશ ફી સાથે વાર્ષિક લવાજમના રૂા ૭–૮–૦ ભરવા પડશે વાર્ષિક લવાજમ ભરનાર ગ્રાહકોને એક પુસ્તક ભેટ મળશે

શ્રી જૈન પ્રવચન કાર્યાલય
ટંકશાળની પોળ અમદાવાદ

લેખાંક છઠ્ઠો

પરમાત્માની મૂર્તિનું દર્શન, સ્પર્શન અને સેવન મન ઉપર કેવી અસર નિપજાવે છે?

સાધુજનોની સદાને માટે બહુમાનપૂર્વકની સેવા, પ્રાણી માત્ર પ્રત્યે બદલાની આશા વગરનો પ્રીતિભાવ અને બાહ્ય સંગનો ત્યાગ,–આ ત્રણ ગુણોના ઉપાસક બનો!

મુમુક્ષુ બનેલા આત્માઓએ પણ શુદ્ધ મોક્ષમાર્ગને સેવવાની લાયકાત પહેલા કેળવવી જોઈએ

જેઓ શુભ ઉપદેશને આપનાર નથી,
ધર્મધારી નથી પણ પાપધારી છે, અને
વિષયો ને કષાયને વિજય કરનારા નથી
–તેઓ સાધુવેષમાં હોય તો ય કુસાધુઓ છે

લેખક
પૂ પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

એવું લોકોને લાગે, એવી રીતિએ વર્તવામાં એ પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે આજે દુનિયામા જે માણસો ઉત્પાત મચાવી રહ્યા છે, અનેકોના સહારોને સર્જી રહ્યા છે, અને કોના સહારના સાધનોને ઉત્પન્ન કરી રહ્યા છે, સત્તાના બળે અનેકોને રંજાડી રહ્યા છે, ધનના બળે મગરૂખોરી કરી રહ્યા છે, અનીતિથી લૂંટ ચલાવી રહ્યા છે અને ગરીબ અથવા જરૂરવાળા વર્ગની સામાન્ય સ્થિતિનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે,-એવા બધા માણસો કાંઈ અભણ નથી ઘણ ભણેલા છે અને ઘણા હુશીઆર છે, પણ એ જ્ઞાન કુપાત્રે પડી ગયું છે જ્ઞાનનો એવો ગુણ છે કે-જેને જ્ઞાન મળે, તેનું પણ કલ્યાણ થાય અને તેના યોગે અનેકોનું પણ કલ્યાણ થાય કાયદો જાણનારો તે કહેવાય, કે જે પોતે કાયદા વિરૂદ્ધ વર્તે નહિ અને બીજાઓને ભૂલથી પણ કાયદા વિરૂદ્ધ વર્તતાં બચાવી લે એને બદલે, કાયદાના જ્ઞાનનો ઉપયોગ કાયદાનો હેતુ મરી જાય એવી રીતિએ એ કરે તો ? આવી તો ઘણી વાતો છે, કે જે આજે માન કુપાત્રતાના યોગે જ કેટલુ બધુ નુકશાન થાય છે, તેને જણાવે છે તમે પોતે તમારા જીવન ઉપર દૃષ્ટિપાત કરશો, તો એમાંથી પણ તમને કહાચ આ વિષયમા ઘણુ જાણવાનું મળશે આથી જ, મોક્ષમાર્ગને દર્શાવીને મોક્ષમાર્ગને સેવવાની ભલામણ કરનાર મહાપુરૂષોએ, મોક્ષમાર્ગને સેવવાને માટે લાયક બનવાની સૌથી પહેલી ભલામણ કરી છે

મોક્ષમાર્ગની સાધનાને લાયક બનાવનારા ત્રણ ગુણો

દુ ખ પાપથી અને સુખ ધર્મ થી-એ વાત આર્ય દેશમા

સુપ્રસિદ્ધ છે કે દુઃખ આવે તો તે પાપથી જ આવે અને સુખ મળે તો તે ધર્મથી જ મળે-આની વાત, એ તો આસ્તિકોના જગતમાં સર્વમાન્ય વાત છે આથી, દુઃખના અર્થી જીવોએ પાપથી બચવું જોઈએ અને ધર્મને સેવવો જોઈએ અહિંસાદિ, કે જે ધર્મના હેતુઓ છે, તે હેતુઓને સેવનારા બનવાને માટે, જે લાયકાત મેળવવી આવશ્યક છે, તે લાયકાતને અંગે મહાપુરૂષોએ અનેક ગુણોનું વર્ણન કરેલું છે એ લાયકાતનો સંગ્રહ, એક સ્થળે ત્રણ ગુણોમાં કરવામાં આવ્યો છે પહેલો ગુણ એ કે-ભક્તિપૂર્વક સાધુજનોની સેવા કરવી, બીજો ગુણ એ કે-પ્રાણિ માત્ર પ્રત્યે ભાવથી મૈત્રીને ધરનારા બનવું અને ત્રીજો ગુણ એ કે-દુન્યવી સઘળાય પદાર્થોના મમત્વનો ત્યાગ કરવો આ ત્રણ ગુણો એવા છે, કે જે અહિંસાદિ ધર્મહેતુઓને પમાડયા વિના રહે જ નહિ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને ધન-ધાન્યાદિ પરિગ્રહ, તથા જીવ, અજીવ આદિ પદાર્થો જેવા સ્વરૂપવાળા છે, તેવા જ સ્વરૂપવાળા તે જીવ, અજીવ આદિ પદાર્થોને નહિ માનવા તે, તેમ જ ક્રોધ, માન, માયા અને લોભ-આ બધા પાપના હેતુઓ છે એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ તાત્ત્વભૂત જીવાજીવાદિ પદાર્થોને તેના સાચા સ્વરૂપે માનવા તે, ક્ષમા, મૃદુતા, સરલતા અને તૃષ્ણારહિતપણું-એ બધા ધર્મના હેતુઓ છે જે સુખના અભિલાષી આત્માઓએ, પાપના હેતુઓનો ત્યાગ કરવા પૂર્વક, ધર્મના હેતુઓને નિરંતર વિધિપૂર્વક સેવવા જોઈએ પાપના હેતુઓનો સર્વથા ત્યાગ કરી શકાય અને ધર્મના હેતુઓને સતત સમ્યક્ પ્રકારે

સેવી શકાય, એ માટે મુમુક્ષુ આત્માઓએ ત્રણ સાધનોનો યોગ સાધવો, એ જરૂરી છે એ ત્રણ સાધનો, તે જ આ સાધુસેવા આદિ ત્રણ ગુણો છે આપણુ લક્ષ્ય પાપના હેતુઓના ત્યાગનું અને ધર્મના હેતુઓના સેવનનું છે, પરન્તુ એ લક્ષ્યને સફલ કરવાને માટે, સાધુસેવા આદિ આ ત્રણ ગુણોથી સમ્પન્ન બનવાની પરમ આવશ્યકતા છે જે આત્માઓ આ ત્રણ ગુણોને પામતા નથી, તે આત્માઓને મોક્ષ રૂચ્યો પણ હોય અને તે આત્માઓને મોક્ષના માર્ગનું જ્ઞાન પણ હોય, તો પણ તેઓ મુક્તિમાર્ગના સાચા સાધક બની શકતા નથી અને એથી તેઓ મોક્ષને પામી શકતા નથી આ ત્રણ ગુણો તો એવા છે કે–મોક્ષની રૂચિને નિર્મળ અને પ્રબળ બનાવે છે, પાપના હેતુઓ કયા છે તથા ધર્મના હેતુઓ કયા છે–તેનું ભાન કરાવે છે, પાપના હેતુઓને તજવાને માટે તથા ધર્મના હેતુઓને સેવવાને માટે આત્માને ઉત્સાહિત બનાવે છે, પાપના હેતુઓના ત્યાગમા તથા ધર્મના હેતુઓના સેવનમા આવતી વિઘ્નપરંપરાઓને વટાવી જવાની બુદ્ધિ તથા શક્તિ આપે છે અને અન્તે આત્માને અનેક આત્માઓના તારક બનાવીને મોક્ષને મેળવનારો બનાવે છે આથી, મુમુક્ષુ આત્માઓએ તો અવશ્ય આ ત્રણ ગુણોને પામવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ જેઓના હૈયામા મોક્ષની અભિરૂચિ ન પણ પ્રગટી હોય, પરન્તુ જેઓ મોક્ષની અભિરૂચિને પામવાની ઈચ્છાવાળા પણ બન્યા હોય તેઓને ય આ ત્રણ ગુણો ખૂબ જ ઉપકારક નિવડે છે આ ત્રણ ગુણો, એ તો આત્માના બીજા સર્વ ગુણોની જનેતા સમાન છે જે આત્માઓ

દોષોથી મુક્ત બનવાને ઈચ્છતા હોય, તે આત્માઓ ભલે વર્તમાનમા દોષોથી ભરેલા હોય અને ગુણોથી રહિત હોય, પરંતુ તેઓ જો આ ત્રણ ગુણોને સેવવાને માટે પ્રયત્નશીલ બને છે, તો તેઓ પરિણામે સર્વ દોષોથી મુક્ત અને સર્વ ગુણોથી સમ્પન્ન અવશ્ય બની શકે છે સંસારના સુખના અતિ લોભી અને મોક્ષના દ્વેષી આત્માઓમા તો, આ ત્રણ ગુણો આવી શકતા જ નથી સંસારના કહેવાતા સુખનો લોભ એ ખરાબ છે-એમ લાગ્યું હોય અને મોક્ષની વાત સાભળવામા આવે ત્યારે, ક્રમથી ક્રમ, હૈયામા એ વાત પ્રત્યે અનુરાગ પેદા ન થતો હોય, તો તેઓ ક્રમે કરીને મોક્ષના અભિલાષી, મોક્ષમાર્ગના ઉપાસક અને મોક્ષને પામનારા બન્યા વિના રહેતા જ નથી

સાધુસેવા કરવાને માટે સાધુ પ્રત્યે બહુમાન જોઈએ

અહીં આપણે આ ત્રણ ગુણોથી નિષ્પન્ન થતા સીધાં પરિણામો અને પારંપરિક પરિણામોને અંગે થોડોક વિચાર કરીએ પહેલો ગુણ છે-સાધુજનોની સદાને માટે હૈયાના બહુમાનપૂર્વક સેવા કરવી સેવા જો હૈયાના બહુમાનપૂર્વક ન કરાય, તો તે વસ્તુત સેવા જ નથી, એટલે સૌથી પહેલા તો આપણા હૈયામા સાધુજનો પ્રત્યે બહુમાનનો ભાવ પેદા થવો જોઈએ માણસો તો ઘણા છે, પરંતુ ખરેખર સેવવા લાયક તો આ જ માણસો છે-એમ લાગવુ જોઈએ સાધુતા પામવા લાયક છે-એમ લાગ્યા વિના, સાધુજનો પ્રત્યે બહુમાનનો સાચો ભાવ જાગે નહિ, એટલે સાધુજનો પ્રત્યે જો હૈયામા બહુમાનના ભાવને પેદા કરવો હોય તો સાધુતા પ્રત્યે હૈયામાં બહુમાનનો ભાવ પેદા કરવો જોઈએ સાધુતા પ્રત્યે હૈયાનું

સમ્ભવ છે ' આવું જો બહુ નહિ ભણેલા એવા પણ બુદ્ધિ શાલી મુમુક્ષુ આત્માઓ સમજી શકે, તો સાચા સાધુજનો આ વાતને સમજી શકે નહિ, એ બને જ શી રીતિએ? સાચા સાધુજનો તો સમજે કે-'કહેવા લાયક, સાભળવા લાયક, સમજવા લાયક, જીવનમા આચરવા લાયક અને સદા રટણ કરવા લાયક જો કોઇના પણ વચનો હોઈ શકે, તો તે શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બનેલા પરમ આત્માઓએ કહેલા ઉત્તમ વચનો જ હોઈ શકે ' આવું સમજનારા સાધુજનો જ્યારે જ્યારે ઉપદેશ આપે, ત્યારે ત્યારે પ્રતિપાદન તો શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બનેલા પરમ આત્માઓએ કહેલા ઉત્તમ વચનોનું જ કરે સાધુસેવાના યોગે જીવને નિરન્તર આવો જ ઉપદેશ સાભળવાને માટે મળે જેટલો સમય આપણે સાચા સાધુજનોની સેવામા રહીએ, તેટલો સમય આપણને જો સાભળવાને મળે તો તે આવા જ વચનો સાભળવાને મળે અને નુકશાનકારક એવું એક પણ વચન સાભળવાને મળે નહિ

શુભ ઉપદેશથી જ્ઞાન અને ચારિત્ર મળે

આવો ઉપદેશ સાભળવાને મળે, એનું પરિણામ શું આવે? જ્ઞાન પણ મળે અને ચારિત્ર પણ મળે શું તજવા લાયક છે-તેનું પણ જ્ઞાન થાય, શું આચરવા લાયક છે-તેનુ પણ જ્ઞાન થાય અને શુ માત્ર જાણવા લાયક છે-તેનું પણ જ્ઞાન થાય તજવા લાયક શુ છે અને ગ્રહણ કરવા લાયક શુ છે-એનું જ્ઞાન થવાથી, તજવા લાયકને તજવાને માટે અને ગ્રહણ કરવા લાયકને ગ્રહણ કરવાને માટે પણ ઉત્સાહિત બનાય આમ, મોક્ષમાર્ગના સ્વરૂપનું જ્ઞાન પણ થાય

અને મોક્ષમાર્ગને સેવનારા પણ બની શકાય મોક્ષમાર્ગના સ્વરૂપનું જ્ઞાન થાય અને મોક્ષમાર્ગને સેવવાનું મન થાય, પરન્તુ એવા બધા જ આત્માઓ, તત્કાલ, મોક્ષમાર્ગના એકાન્ત આરાધકો બની શકતા નથી મોક્ષ જ મેળવવા લાયક છે-એમ લાગે અને મોક્ષને મેળવવાનો જે સાચો માર્ગ છે, તે માર્ગ ઉપર પણ એવી શ્રદ્ધા થઈ જાય કે-'મારે માટે સેવવા લાયક તો આ જ માર્ગ છે' તેમ છતા પણ, એવા બધા જ આત્માઓ, તત્કાલ ચારિત્રધર્મને સેવનારા બની શકતા નથી જે કાઈ નુકશાનકારક લાગે, તેને બધા તરત જ તજનારા બની શકે અને જે કાઈ હિતકારક લાગે, તેને બધા તરત જ સેવનારા બની શકે-આવુ બની શકતું નથી તજવા લાયક શુ અને ગ્રહણ કરવા લાયક શુ-એની સાચી સમજ હોય અને એ તજવા લાયકને તજવાની તથા ગ્રહણ કરવા લાયકને ગ્રહણ કરવાની વૃત્તિ પણ હોય, તે છતા પણ એ વસ્તુને અમલી બનતા અટકાવનાર કર્મ હોઇ શકે છે એવા કર્મને શ્રી જૈન શાસનની પરિભાષામા 'ચારિત્રમોહનીય' કર્મ કહેવાય છે એ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમાદિના યોગે જ, મુમુક્ષુ અને શ્રદ્ધાળુ આત્મા, તજવા યોગ્યને તજનારો અને ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરનારો બની શકે છે મુમુક્ષુ અને શ્રદ્ધાળુ એવા પણ આત્માઓનું, જ્યા સુધી એ ચારિત્રમોહનીય કર્મ જોરદાર હોય છે, ત્યા સુધી મુમુક્ષુ અને શ્રદ્ધાળુ એવા પણ આત્માઓ, પોતાની તજવા યોગ્યને તજવાની અને ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરવાની, એટલે કે-પાપના હેતુઓને તજી જ દેવાની અને ધર્મના હેતુ

ઓને જ સેવવાની અભિલાષાને, અમલી બનાવી શકતા નથી મોક્ષની ઈચ્છા છે અને મોક્ષને માટે ખરેખર જે ઉપાય સેવવા લાયક છે, તેની શ્રદ્ધા પણ છે, પરન્તુ ચારિત્રમોહનીય કર્મ એ શ્રદ્ધાને અમલી બનવામા અન્તરાય કરે છે આ ચારિત્રમોહનીય કર્મ પણ, સાચા સાધુજનોની નિરન્તર હૈયાના બહુમાનપૂર્વક સેવા કરવાના યોગે, ક્ષયોપશમાદિને પામી શકે છે અને એથી જીવને ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે આથી જ, સાચા સાધુજનો દ્વારા દેવાતા ઉપદેશને 'શુભ' કહેવામા આવે છે જે ઉપદેશ મોક્ષનું કારણ બને અને જ્યા સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી પણ આત્માના અભ્યુદયનું કારણ બને, તે જ ઉપદેશ એ વસ્તુત શુભ ઉપદેશ છે

ધર્મચારી આત્માઓનુ દર્શન.

નિરન્તર શુભ ઉપદેશની પ્રાપ્તિ-એ જેમ સાધુસેવાનું તાત્કાલિક ફળ છે, તેમ ધર્મચારી આત્માઓનું દર્શન એ પણ સાધુસેવાનું તાત્કાલિક ફળ છે જે આત્માઓ હિંસાદિ પાપના હેતુઓને સદાને માટે સર્વ પ્રકારે તજી ચૂકયા હોય અને અહિંસાદિ ધર્મના હેતુઓને સેવવામા જ મન, વચન અને કાયા-એ ત્રણે ય યોગોનો ઉપયોગ કરતા હોય એવા જે આત્માઓ-એ જ વસ્તુત ધર્મચારી આત્માઓ છે સાચા સાધુજનો સિવાય કોઇ જ આવો ધર્મચારી હોઈ શકે નહિ ઉત્તમમા ઉત્તમ ગૃહસ્થ પણ, એકલો ધર્મચારી હોઈ શકતો નથી એ પાપચારી તો હોય જ છે એવા પાપચારી ગૃહસ્થો પણ જ્યારે સાધુજનોની પાસે આવ્યા હોય, ત્યારે તો સામાન્ય તયા ધર્મચારી જ હોય એટલે જે પુણ્યાત્માઓ સાધુસેવામા

રક્ત બન્યા હોય, તે પુણ્યાત્માઓને પ્રભુ અશુભ દર્શન કર્યું નથી અને ધર્મચારી આત્માઓનું શુભ દર્શન સદા જ કરે છે તમે કહેશો કે-ધર્મચારી આત્માઓના દર્શનથી શો લાભ? એની સામે, તમે પોતે જ એટલો વિચાર કરો ને કે-એ કોઈ પણ વસ્તુને કે કોઈ પણ વ્યક્તિનું તમને દર્શન થાય છે, તો તેથી તમારા મન ઉપર કાંઈ અસર થાય છે કે નહિ? આપ આનંદ અથવા દુઃખ અનુભવે, એથી મન પણ આનંદ અથવા દુઃખ અનુભવે અને આગળ વધીને કહીએ તો બીજી ઇન્દ્રિયો પણ કોઈક ને કોઈક પ્રકારનું જોર કરે, એવું બને છે કે નહિ? આ તો તમારા પોતના અનુભવનો વિષય છે મનને ગમતી ચીજનું દર્શન, સ્પર્શન અને સેવન તથા મનને નહિ ગમતી ચીજનું દર્શન, સ્પર્શન અને સેવન, મનો ભાવની શાન્તિ-અશાન્તિ આદિ ઉપર કેટલી બધી અસર કરે છે? આથી તો, પરમાત્માની મૂર્તિના દર્શનનું સાધુજનોને માટે પણ વિધાન છે, જ્યારે ગૃહસ્થોને માટે તો, પરમાત્માની મૂર્તિના દર્શન, સ્પર્શન અને સેવનનું વિધાન છે. મનને અશુદ્ધ ભાવોથી મુક્ત બનાવવાને માટે અને મનને શુદ્ધ ભાવોમાં યોજવાને માટે, એ પણ એક પરમ આલમ્બન છે તે વખતે જીવ પરમાત્માના અને પોતાના સ્વરૂપના ચિન્તનમાં ઉતરીને, પરમાત્મ-સ્વરૂપને પામવાને માટે પ્રયત્નશીલ બનવાની પ્રેરણા મેળવી શકે છે આવી જ રીતિએ, ધર્મચારી આત્માઓનું દર્શન પણ, પાપના હેતુઓને તજવાની અને ધર્મના હેતુઓને સેવવાની વિચારણામાં નિમિત્ત બને છે ઉપરાન્ત, એ દર્શન આત્માને પોતાને ધર્મચારી

માટે ઉત્સાહિત બનાવે છે 'આ જો આવા ધર્મચારી બની શક્યા છે, તો હું પણ આવો ધર્મચારી કેમ બની શકું નહિ ?'–એવો વિચાર પણ, ધર્મચારી આત્માઓના દર્શન યોગે ઉત્પન્ન થવા પામે છે ધર્મચારી આત્માઓના દર્શન યોગે, સાચો જે મોક્ષમાર્ગ છે, તેના ઉપર મુમુક્ષુ આત્માઓને શ્રદ્ધા પ્રગટે છે અને જે આત્માઓ શ્રદ્ધાળુ હોય છે, તેઓની શ્રદ્ધા નિર્મલ બન્યા કરે છે

વિનય યોગ્ય સ્થાને વિનય

આ ઉપરાંત, મોક્ષમાર્ગના પ્રરૂપક શાસ્ત્રોએ જે જે સ્થાનોએ વિનયને આચરવાની જરૂર દર્શાવી છે, તે તે સ્થાનોએ વિનયને આચરવા રૂપ ફલ પણ સાધુસેવાના યોગે પ્રાપ્ત થાય છે વિનય એટલે હૈયામાં બહુમાન સાથે હાથ જોડીને માથું નમાવવું, એ વિગેરે રૂપ ક્રિયા વિનય જે જે સ્થાને જે જે રીતિએ કરવા જેવો હોય, તે તે રીતિએ તે તે સ્થાને સાધુઓ વિનય કરતા જ હોય સાધુજનો તો વિનયની મૂર્તિ સમા હોય સાચા સાધુઓ પરમાત્માનો, ગુરૂનો, વડિલ સાધુજનોનો, જ્ઞાન તથા ચારિત્રનો અને જ્ઞાન તથા ચારિત્રના સાધનો આદિનો વિનય આચરનારા હોય અને એને જોઈને, સાધુસેવા કરનારને, કયા કયા કેવો કેવો વિનય કરવો જોઈએ, એનો ખ્યાલ આવે છે તેમ જ તે તે સ્થાનોએ વિનય કરાવે એવો તે તે સ્થાનો પ્રત્યે હૈયાનો બહુમાનભાવ પ્રગટે છે આ વિનય પણ જ્ઞાનનો, ચારિત્રનો અને ક્રમે કરીને પરમાત્મ-પદનો પ્રાપક બની શકે છે અને તે સાધુસેવાના યોગે સહેલાઈથી પામી શકાય છે

<u>સુગુરૂ અને કુગુરૂ</u>

નિરન્તર શુભ ઉપદેશ, ધર્મચારી આત્માઓનું દર્શન અને સ્થાને વિનય, એ સાધુસેવાનું મોટું ફળ છે આ વાત જો તમને ગમી જાય, તો તમે એવા સાધુજનોની સેવા કરવાને જ ઈચ્છો, કે જે સાધુજનોની સેવાના યોગે આ ત્રણ પ્રકારના ફલની પ્રાપ્તિ થાય જે સાધુજન, શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓએ દર્શાવેલ મોક્ષમાર્ગથી વિપરીત માર્ગનો ઉપદેશ આપતો હોય, એ પરમ આત્માઓએ કહેલા વચનોનું પ્રતિપાદન કરવાને બદલે, એ પરમ આત્મા-ઓએ નિષેધેલા વચનોનું જ પ્રતિપાદન કરતો હોય, એવો સાધુજન વસ્તુત સુસાધુ નથી, પણ કુસાધુ છે એ જ રીતિએ, જે સાધુ એકાન્તે ધર્મચારી બનેલો હોય નહિ અને પાપ ચારી પણ હોય, તે સાધુ પણ વસ્તુત સુસાધુ નથી, પણ કુસાધુ છે સાધુ જેમ શ્રીજિનેન્દ્ર પ્રવચનના પ્રતિપાદક હોવા જોઈએ, તેમ ધર્મચારી પણ હોવા જ જોઈએ અને સાથે સાથે સાચા મુક્તિમાર્ગના દર્શક ધર્મશાસ્ત્રોએ જે જે સ્થાને જે જે પ્રકારના વિનયને આચરવાનો કહ્યો છે, તે તે સ્થાનોએ તે તે પ્રકારના વિનયને યથાશક્તિ આચરનાર પણ જોઈએ જ તે તે સ્થાનોએ વિનયનો અભાવ, એ સાધુપણાને માટે કલંક રૂપ છે તેમા ય, જો તે તે સ્થાનો પ્રત્યે હૈયામા સાચો બહુમાનભાવ જ ન હોય, તો તો એ સાધુ સાધુવેષને ધરનાર હોવા છતા પણ સુસાધુ નથી, પણ કુસાધુ જ છે

<u>સમ્યગ્દર્શન.</u>

આ વાતમા પણ, મુમુક્ષુ અને શ્રદ્ધાળુ આત્માઓએ,

બહુ જ ચકોર બનવું પડશે મુમુક્ષુ આત્માઓએ તો, શ્રદ્ધાળુ બનવાને માટે, આ વાતમા ખાસ સુનિશ્ચિત મતિવાળા બનવું જોઈએ દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વ-એ તત્ત્વત્રયીમા ગુરૂતત્ત્વનું સ્થાન, અમુક અપેક્ષાએ, બહુ જ મહત્ત્વનું છે દેવ તત્ત્વની અને ધર્મતત્ત્વની પિછાન, સદ્‌ગુરૂઓ દ્વારા થાય છે શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓના વિરહ કાળમા, મોટો આધાર, ગુરૂતત્ત્વ ઉપર છે ગુરૂતત્ત્વ બગડે, તો દેવતત્ત્વ પ્રત્યેની અને ધર્મતત્ત્વ પ્રત્યેની બુદ્ધિ વિપર્યાસને પામે, એમા નવાઈ પામવા જેવું કાઇ નથી સાચો શ્રદ્ધાળુ, એટલે કે-સમ્યગ્દષ્ટિ આત્મા તે જ કહેવાય છે, કે જે આત્માએ મોક્ષના આશયથી કુદેવનો, કુગુરૂનો તથા કુધર્મનો ત્યાગ કરવાપૂર્વક સુદેવનો, સુગુરૂનો અને સુધર્મનો સ્વીકાર કર્યો હોય દેવમા વસ્તુત કુદેવ હોતા જ નથી, પરન્તુ દેવ તરીકે પકાનારા અને પૂજનારાઓમા કુદેવો પણ હોઈ શકે છે ગુરૂમા વસ્તુત કુગુરૂ હોતા જ નથી, પરન્તુ ગુરૂ તરીકે પકાનારા અને પૂજનારાઓમા કુગુરૂઓ પણ હોઈ શકે છે એ જ રીતિએ, ધર્મમા વસ્તુત કુધર્મ હોતો જ નથી, પરન્તુ ધર્મ તરીકે ઓળખાતા અને સેવાતા માર્ગોમા કુધર્મો પણ હોઇ શકે છે આથી, મુમુક્ષુ બનેલા આત્મા ઓએ ખૂબ જ પરીક્ષક બની જવુ જોઈએ કોઈ પણ દેવને દેવ તરીકે સ્વીકારતા એ જોવુ કે-એ વીતરાગ અને સર્વજ્ઞ છે કે નહિ? જે વીતરાગ અને સર્વજ્ઞ નહિ તે સુદેવ નહિ સુગુરૂ અને કુગુરૂની વાત તો હમણા... ...કે આની ઉપરના ફકરામા [illegible] આવ્યા [illegible] મા તો

ટૂંકમા એમ કહી શકાય કે-શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓની આજ્ઞા એ જ સુધર્મ છે અને જે ધર્મ શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમ આત્માઓએ કહેલો ન હોય તે કુધર્મ છે આ રીતિએ વિચાર કરીને, મોક્ષના આશયથી કુદેવાદિનો ત્યાગ કરવો અને સુદેવાદિનો સ્વીકાર કરવો, એ જીવનુ સમ્યગ્ દર્શન છે અત્રે દેવતત્ત્વના સબધમા થોડાક વધુ ખુલાસાની આવશ્યકતા છે દેવ વીતરાગ અને સર્વજ્ઞ હોવા જ જોઈએ-એમા બે મત નથી, પરન્તુ સઘળા ય વીતરાગ અને સર્વજ્ઞ બનેલા આત્માઓનો સમાવેશ દેવતત્ત્વમા થતો નથી દેવતત્ત્વમા સઘળા જ મુક્તાત્માઓનો સમાવેશ થાય છે, પરન્તુ જે આત્માઓ વીતરાગતાને અને સર્વજ્ઞપણાને પામ્યા બાદ જ્યા સુધી અહિંહે વિચરતા હોય, ત્યા સુધી તે આત્માઓ પૈકી જે મોક્ષમાર્ગના સ્વતન્ત્ર પ્રરૂપક અને ધર્મતીર્થના સ્થાપક આત્માઓ હોય છે, તે આત્માઓ દેવતત્ત્વમા ગણાય છે, જ્યારે બાકીના શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બનેલા આત્માઓનો સમાવેશ ગુરુતત્ત્વમા થાય છે

<u>પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવવાળા બનવુ જોઈએ</u>

શુદ્ધ મોક્ષમાર્ગના સાચા આરાધક, એટલે કે-ધર્મચારી બનવાને માટે મુમુક્ષુ આત્માઓએ જેમ સદા સાધુ જનોની બહુમાનપૂર્વક સેવા કરનારા બનવાની જરૂર છે, તેમ મૈત્રીભાવના અભ્યાસવાળા પણ બનવાની જરૂર છે મૈત્રીભાવ એટલે પ્રત્યુપકારથી નિરપેક્ષ એવો પ્રીતિભાવ પ્રાણી માત્ર પ્રત્યે પ્રીતિભાવવાળા બનવું જોઈએ અને કોઈ પણ પ્રાણી તરફથી પોતાના એ પ્રીતિભાવના બદલાની અપેક્ષા

નહિ રાખવી જોઈએ એટલે, જે આપણા પ્રત્યે પ્રીતિભાવ વાળો હોય, તેના પ્રત્યે આપણે પ્રીતિભાવવાળા બનવું-એમ નહિ, પરન્તુ આપણા પ્રત્યે જે અપ્રીતિભાવવાળો હોય, તેના પ્રત્યે પણ આપણે તો પ્રીતિભાવવાળા જ બનવું આ મૈત્રી ભાવમા 'આ મારો અને આ મારો નહિ'-એવો પણ કોઈ ભેદ પાડવાનો નહિ, તેમ જ આ તો પશુ છે, આ તો પખી છે, એવો એવો પણ કોઈ ભેદ પાડવાનો નહિ સૂક્ષ્મમા સૂક્ષ્મ દેહને ધરનાર જીવ હોય, તો પણ તેના પ્રત્યે પ્રીતિભાવને ધારણ કરવાનો આવો મૈત્રીભાવ કાઈ સહેલાઈથી આવી શકતો નથી, એટલે રોજ આ મૈત્રીભાવને ભાવવાનો અભ્યાસ કરવાનો આ રીતિએ રોજ મૈત્રીભાવને ભાવવાનો અભ્યાસ કરતે કરતે આત્માનો દ્વેષ રૂપ અગ્નિ શમી જવા પામે છે, કારણ કે-મૈત્રીભાવને ભાવતે ભાવતે આત્મામા સમાન ભાવ પેદા થવા પામે છે વૈરભાવવાળા આત્માઓ મોક્ષમાર્ગની સાચી આરાધના કરી શકતા નથી કોઈના પણ અકલ્યાણની ભાવના રહે નહિ અને સૌના કલ્યાણની ભાવના આવે, ત્યારે જ સાચા ધર્મચારી બની શકાય છે દ્વેષભાવ ઉપશમી જાય અને મૈત્રીભાવ પ્રગટવા પામે, ત્યારે જ શુદ્ધ અહિંસામય ધર્મનું સુન્દર પ્રકારે પાલન થઈ શકે છે, માટે મુમુક્ષુઓએ આ ગુણ કેળવવો એ પણ જરૂરી છે

બાહ્ય સ ગોનો ત્યાગ ણ પરમ ઉપકારક

મુમુક્ષુઓએ ત્રીજો ગુણ જે કેળવવા લાયક છે તે મમત્વના ત્યાગનો છે ધન-ધાન્યાદિ જે પરિગ્રહ છે તેનો સ ગારના જે જે પદાર્થો ઉપર અને જે જે વ્યક્તિઓ

ઉપર મમત્વનો ભાવ છે તેનો પણ ત્યાગ કરવો, એ મોક્ષ-માર્ગની આરાધના કરવાને માટે જરૂરી છે આ ગુણને માટે આત્માએ બાહ્ય સંગોનો ત્યાગ કરવાનો છે 'અનુકૂળ એવા પણ બાહ્ય સંગો, સરવાળે તો, દુ ખના જ કારણ રૂપ છે' –એ વાત આપણે વિચારી આવ્યા છીએ મુમુક્ષુ બનેલા આત્માને બાહ્ય સંગો દ્વારા ભોગવાતા સુખાભાસમા રસ રહેતો નથી એને તો આત્મિક સુખનો અનુભવ કરવો છે મુમુક્ષુને, ઉપાધિજન્ય નહિ, પણ ઉપાધિરહિત સુખ ખપે છે બાહ્ય સંગો, એ પોતે જ ઉપાધિ રૂપ છે અને અનેકવિધ ઉપાધિઓના જનક છે બાહ્ય સંગોનો યોગ, મૈત્રીભાવમા પણ વિક્ષેપ ઉપજાવનારો બને છે અને સાધુસેવામા પણ વિક્ષેપ ઉપજાવનારો નિવડે છે હવે તો મુમુક્ષુ આત્માએ, આંતરિક સંગો ઉપર ઘસારો કરવાનો છે એ માટે, એણે, પહેલા શક્ય એટલો બાહ્ય સંગોનો ત્યાગ કરવો જોઈએ. બાહ્ય સંગોનો ત્યાગ કરવાથી, સૌથી મોટો લાભ તો એ થાય છે કે–આત્માની જે તૃષ્ણા છે એટલે કે–લોભવાસના છે, તે ક્રમે કરીને નાશ પામે છે વિષયનો સંગ, એ જીવની લોભવાસનાનો ઉદ્બોધક છે વિષયનો સંગ ન હોય, તો તેથી લોભવાસનાને જોર કરવાની જગા મળતી નથી અને મુમુક્ષુ આત્મા સંગ માત્રથી રહિત બનવાની ભાવનામા રમતો હોય છે, એટલે પહેલા લોભવાસના કાબૂમાં આવી જાય છે, તેને ઉદ્બોધક સામગ્રી નહિ મળવાથી તે નિર્બલ બની જાય છે અને જીવની સંગરહિત બનવાની ભાવનાના જોરથી તે અન્તે સર્વથા નષ્ટ પણ થઈ જાય છે આમ, બાહ્ય સંગોનો ત્યાગ

પણ મુમુક્ષુ આત્માઓને માટે ખૂબ જ ઉપકારક નિવ
તૃષ્ણા એ એવી ભયકર વસ્તુ છે કે-એને ઉપકારી
સઘળા ય દોષોની જનની તરીકે અને સઘળા ય ગુણોની
તરીકે ઓળખાવે છે તૃષ્ણાને આધીન બનેલો જી
મળતા, કયા દોષને સેવે નહિ-તે કહી શકાય ન
એથી જો પહેલા તેનામા કોઈ પણ ગુણો આવ્યા હે
તે નાશ પામી જાય અને જો ગુણો ન આવ્યા હો
તૃષ્ણા કોઈ પણ ગુણને આવવા દે નહિ આથી,
સેવવાને માટે, મુમુક્ષુ આત્માઓએ, મમત્વનો ત્યાગ
સઘળા ય બાહ્ય સંગોનો ત્યાગ કરવાને માટે ઉદ્યત
જોઈએ બહુ સાવધ આત્માઓને પણ, બાહ્ય સંગના
કોઈ કોઇ વાર બહુ ભયકર રીતિએ તૃષ્ણાના આવર્ત્તમાં
જાય છે, એટલે જેઓથી શક્ય હોય, તેઓએ તો
બને તેમ બાહ્ય સંગોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ
જ્યા સુધી એવા સર્વત્યાગી ન બની શકાય,
જેટલા બાહ્ય સંગોને તજાય તેટલા બાહ્ય સંગોને
અને શેષ બાહ્ય સંગોને તજવાના પ્રયત્નમાં રહીને,
બાહ્ય સંગો હોય-તેના પ્રત્યેના મમત્વભાવથી મુક્ત
રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ મુમુક્ષુ બનેલા જે
ત્માઓ આ ત્રણ ગુણોને સારી રીતિએ સેવનારા બ-
તેઓ મોક્ષમાર્ગના પાલક બનીને અનેક આત્માઓને મે
માર્ગે દોરનારા બનવા સાથે, પોતાના મોક્ષને મેળવ
બને છે અને સદાકાળને માટે સંપૂર્ણ સુખી બની

લેખાંક સાતમો

શ્રી જૈન શાસનમા સઘળા ય પર્વોનુ વિધાન એ માટે જ કરાયુ છે કે-એના આરાધન દ્વારા આત્મા કર્મથી મુક્ત બને.

શ્રી પર્યુષણપર્વ એ શ્રેષ્ઠ પર્વ છે, કારણ કે-કર્મના મર્મને ભેદવાનુ જેવુ સામર્થ્ય શ્રી પર્યુષણપર્વમા છે, તેવુ સામર્થ્ય અન્ય કોઇ પણ પર્વમા નથી

મંગળની ઇચ્છા સૌને છે, પણ સાચુ મંગળ આત્મશુદ્ધિ ઉપર આધાર રાખે છે.

શ્રી પર્યુષણપર્વના આઠ દિવસો મનાય છે, તે તો શ્રી પર્યુષણા અટ્ઠાઇને અંગે મનાય છે; બાકી તો, ભાદરવા સુદ ચોથના દિવસે જ શ્રી પર્યુષણપર્વ છે

શ્રી પર્યુષણા અટ્ઠાઇમાં ગોઠવાતી ભાષણ-શ્રેણિ અંગે પણ કેટલીક વિચારણા

લેખક

પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિ. સં ૨૦૦૭, ભાદરવા શુદી ૪
તા ૪ ૯ ૧૯૫૧ મ ગળવાર

સમ્યગ્દર્શન વિનાનુ ગમે તેવુ જ્ઞાન પણ અજ્ઞાન

શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બનીને ધર્મતીર્થની સ્થાપના કરનારા પરમ આત્માઓએ, જગતના જીવાજીવાદિ સઘળા ય પદાર્થોના સ્વરૂપનું વર્ણન કર્યુ છે, પરન્તુ પ્રતિપાદન તો એક માત્ર મોક્ષમાર્ગનું જ કર્યું છે સુખ કયા કયા છે, જ્યા સુખ છે ત્યા કેટલા પ્રમાણમા સુખ છે, તે સુખ પણ કેવા કેવા પ્રકારનું છે અને તે તે સુખ કોને કયા કયા ઉપાયે મળી શકે છે–તેનું તેમ જ દુ ખ કયા કયા છે, જ્યા દુ ખ છે ત્યા કેટલા પ્રમાણમા દુ ખ છે, તે દુ ખ પણ કેવા પ્રકારનું છે અને તે તે દુ ખ કોને કયા કયા કારણે મળે છે–તેનું પણ એ તારકોને, એ તારકો સર્વજ્ઞ હોવાથી, પરિપૂર્ણ જ્ઞાન હતું આથી જ, દુ ખના દ્વેષી અને સુખના અર્થી એવા જગતના જીવોને, એ તારકોએ, એક માત્ર મોક્ષમાર્ગની સાધના કરવાનો જ ઉપદેશ આપ્યો છે દુ ખનો સર્વથા અભાવ અને તે સાથે સુખની પરિપૂર્ણતા, એ વિના મોક્ષ સભવી શકે, એવી વસ્તુ જ નથી જગતમા કોઇ જીવ એવો નથી, કે જેને દુ ખ ખરે ખર ગમતું હોય, અને સુખની અભિલાષા પણ કોને નથી ? અભિલાષા હોય અને સુખની અભિલાષા ન હોય, એ પણ શક્ય જ નથી જગતના જીવો દુ ખથી રીબાય છે અને સુખને માટે તરફડીઆ માર્યા કરે છે આ રીબામણની અને તરફડીઆ મારવાની દુ ખમય હાલતનો અ ત આવે, એ મોક્ષ વિના અસભવિત હોવાના કારણે જ, એ પરમ આત્મા ઓએ મોક્ષમાર્ગનું પ્રતિપાદન કર્યું છે એ તારકોએ જગ

તના સ્વરૂપનું જે વર્ણન કર્યું છે, તે વર્ણન પણ એ માટે જ કર્યું છે કે–જે કોઈ જગતના સ્વરૂપનો સાચો જ્ઞાતા બને, તેને પોતાના મોક્ષને સાધવાની ઈચ્છા થયા વિના પણ રહે નહિ અને જગતના સઘળા ય જીવો મોક્ષને જ પામો–એવી ઈચ્છા થયા વિના પણ રહે નહિ જેના હૈયામા આ પ્રકારની ઈચ્છા જન્મતી નથી, તે ગમે તેટલુ ભણેલો હોય તો પણ તે વસ્તુત અજ્ઞાન છે તે તત્ત્વજ્ઞાની પણ સાચો તત્ત્વ જ્ઞાની નથી જ, કે જેના હૈયામા પોતાના મોક્ષની ઈચ્છા નથી તેમજ સર્વ જીવો મોક્ષને પામો–એવી ઈચ્છા નથી ભણતર એ જૂદી ચીજ છે અને જ્ઞાનનું હૈયામા પરિણમન એ જૂદી ચીજ છે જ્ઞાનનું હૈયામા પરિણમન થવું જોઈએ અને તે પણ સમ્યક્ પ્રકારે પરિણમન થવું જોઈએ આજે તત્ત્વના જ્ઞાતાઓ ઘણા ઓછા છે, પરન્તુ તત્ત્વના જ્ઞાતાઓમા પણ એવા આત્માઓ બહુ જ થોડા છે, કે જેઓના હૈયામા તત્ત્વભૂત પદાર્થોનું જ્ઞાન સમ્યક્ પ્રકારે પરિણમ્યુ હોય જીવ, અજીવ આદિ તત્ત્વોના સ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન, હૈયામા જ્યારે સમ્યક્ પ્રકારે પરિણમનને પામે છે, ત્યારે જ તે જ્ઞાન જ્ઞાનની કોટિમા ગણાય છે એ વિના તો, તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન પણ અજ્ઞાન અગર તો મિથ્યા જ્ઞાનની કોટિમા ગણાય છે જ્ઞાન પણ જ્ઞાનની કોટિમા ગણાય તેવું છે કે નહિ, એની પરીક્ષાનો આ જ ઉપાય છે કે–'મોક્ષની ઇચ્છા છે કે નહિ?' મોક્ષની ઇચ્છા હોવા છતા પણ, જ્ઞાન અજ્ઞાન કોટિનું હોઈ શકે છે અને તેનું કારણ, જીવાજીવાદિ પદાર્થોનુ જે સાચુ સ્વરૂપ તેનો સાચો

ખ્યાલ નહિ હોવો અને તેના સ્વરૂપનો ઊલટો ખ્યાલ હોવો, એ છે એટલે જીવાજીવાદિ પદાર્થોના સાચા જ્ઞાનની પણ આવશ્યકતા છે અને તે જ્ઞાન હૈયામાં સમ્યક્ પ્રકારે પરિણમન પામે, તેની પણ આવશ્યકતા છે આ જ્ઞાન સાથે જ્યારે તેને અનુરૂપ વર્તનનો સુયોગ થાય ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે આથી જ, ઉપકારિઓએ મોક્ષમાર્ગના સ્વરૂપને વર્ણવતા ફરમાવ્યું છે કે–' सम्यग् ज्ञान-ज्ञान-चारित्राणि मोक्षमार्ग । એવી જ રીતિએ ज्ञान-क्रियाभ्यां मोक्ष । –એમ પણ કહેવામા આવ્યુ છે સમ્યગ્દર્શન વિનાનુ જ્ઞાન પણ અજ્ઞાન અને સમ્યગ્દર્શન વિનાનું ચારિત્ર પણ કાયકષ્ટ! કેમ? સાચુ જ્ઞાન જ તે કહેવાય, કે જે જ્ઞાન દ્વારા જે જેવું હોય તેવું જ જણાય અને સાચુ ચારિત્ર પણ તે જ કહેવાય, કે જે સમ્યગ્જ્ઞાન પૂર્વકનું હોય! 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર–એ ત્રણેનો યોગ એ મોક્ષમાર્ગ છે'–એમ કહેવા પાછળ પણ આ જ આશય છે અને જ્ઞાન તથા ક્રિયાથી મોક્ષ'–એમ કહેનારા ઉપકારિઓએ પણ સમ્યગ્દર્શનવાળા જ્ઞાનને જ જ્ઞાન કહીને, તેવા જ્ઞાનથી અને તે જ્ઞાનને અનુરૂપ વર્તનથી મોક્ષ છે–એમ ફરમાવ્યુ છે મોક્ષની પ્રાપ્તિ નથી એકલા જ્ઞાનથી કે નથી એકલા ચારિત્રથી જ્ઞાન અને ચારિત્રનો સુંદર યોગ થાય, તો જ એના દ્વારા જીવ મોક્ષને મેળવી શકે આથી, મુમુક્ષુ આત્માઓએ જીવાજીવાદિ પદાર્થોના સ્વરૂપને યથાસ્થિતપણે જાણવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ અને એ જ્ઞાનને પોતાના મન-વચન-કાયાના યોગોમા અમલી બનાવવાને માટે પણ પ્રયત્નશીલ બનવુ જોઈએ આ જ્ઞાન અને

પર્વોમા પણ, શ્રી પર્યુષણાપર્વને સર્વ પર્વોમા શિરોમણિ ભાવને ભજનારૂ જે કહેવાયું છે, તે કયા હેતુથી કહેવાયું છે—એ વાત પણ આ ઉપરથી ઘણી જ સુન્દર રીતિએ સ્પષ્ટ થઈ જવા પામે છે મુમુક્ષુ આત્માઓ, પર્વોનું આરાધન કરવા દ્વારા, પોતાના આત્માને વળગેલા કર્મસમૂહને વિદારી શકે, એ માટે જ શ્રી જૈન શાસનમા પર્વોનું વિધાન કરવામા આવ્યુ છે અને મુમુક્ષુ આત્માઓનો પોતાને વળગેલા કર્મસમૂહને વિદારવાનો જે આશય, તે આશય સુન્દરમા સુન્દર રીતિએ બર આવી શકે—એવું સામર્થ્ય, શ્રી પર્યુષણાપર્વના યથા સ્થિત આરાધનમા રહેલુ છે, એ માટે જ શ્રી પર્યુષણાપર્વને પર્વાધિરાજ કહેવાય છે આથી એ જ ફલિત થાય છે કે—જે આત્માઓ પોતાને વળગેલા કર્મસમૂહને વિદારવાને ઈચ્છતા હોય, તે આત્માઓથી હમેશને માટે શુદ્ધ મોક્ષ માર્ગની આરાધના કદાચ ન થઈ શકે તો પણ અને શ્રી જિનાગમે ફરમાવેલા સકલ પર્વોમાથી અમુક પર્વોની કે એ પર્વો પૈકીના બીજા એક પણ પર્વની આરાધના કરવા દ્વારા મોક્ષમાર્ગની આરાધના કદાચ ન થઈ શકે તો પણ, દરેક મુમુક્ષુ આત્માઓએ, શ્રી પર્યુષણપર્વની તો અવશ્ય આરા ધના કરવી જોઈએ આરાધના કરવાનો ભાવ તો, સદાને માટે અને સકલ પર્વોને માટે જોઈએ, પરન્તુ આ એક એવું પર્વ છે કે—આ પર્વની તો અવશ્ય આરાધના કરવી જોઈએ આથી જ, જૈન સમાજમા વર્ષભરમા આવતા સખ્યાબધ પર્વો પૈકી બીજા પર્વોમા જે ઉત્સાહ અને ઉલ્લાસ નથી જણાતો, તે ઉત્સાહ અને ઉલ્લાસ આ શ્રી પર્યુષણાપર્વમા

જણાય છે રૂઢ એવા પણ ધાર્મિક કુળાચારોમા, હમણા હમણાંમા, ઘણી મન્દતા આવી જવા પામી છે અને પર્વાધિરા જનુ આરાધન પણ એ અસરથી મુક્ત રહેવા પામ્યું નથી, તેમ છતા પણ, હજુ ય જૈન સમાજમા અ ય સર્વ પર્વો કરતા આ પર્વાધિરાજ તરફ વધુ લક્ષ્ય દોરવાએલુ રહે છે આ રીતિએ જેઓ કુળાચારને અ ગે પણ આરાધના કરે છે, તેઓ જો આ પર્વાધિરાજની મહત્તાને સમજીને યથાયોગ્ય રીતિએ આરાધના કરવા માડે, તો આ પર્વાધિરાજની આરાધનામાથી, ક્રમશ , સર્વ પર્વોની અને સર્વ દિવસોએ આરાધના કરનારા બની શકાય એ શકય છે

કર્ત્તવ્યોના હાર્દને લક્ષ્યમા લો

અન્ય સર્વ પર્વોના કરતા, શ્રી પર્યુષણાપર્વમા કર્મોના મર્મનો ભેદ કરવાનુ સામર્થ્ય વિશેષ છે, તે કયા કારણે વિશેષ છે-એ વાત વિચારવા જેવી છે એ વાતને સમજવાને માટે, શ્રી પર્યુષણાપર્વને અ ગે જ્ઞાનિઓએ અવશ્યકરણીય એવા જે કર્ત્તવ્યો કહ્યા છે, તેનો વિચાર કરવો જોઇએ શ્રી પર્યુષણાપર્વને અ ગે, અવશ્યકરણીય એવા કર્ત્તવ્યોના હાર્દને જો બરાબર લક્ષ્યમા લેવામા આવે, તો જરૂર સમ જાય કે-આ પર્વાધિરાજમા કર્મોના મર્મનો ભેદ કરવાનુ અદ્દભૂત સામર્થ્ય છે વાત એ છે કે-માત્ર કુળાચારને અવલ બીને ગતાનુગતિકપણે જ એ કર્ત્તવ્યોને કરાય, તો એના યોગે આત્માને જે વાસ્તવિક કોટિનો લાભ થવો જોઇએ તે થાય નહિ, બાકી, વિધિપૂર્વક અને ભાવપૂર્વક જો આ કર્ત્ત

ઓને કરાય તો એના યોગે આત્માને અપૂર્વ કોટિનો લાભ થયા વિના રહે નહિ

શ્રી પર્યુષણાપર્વના દિવસ તો એ-જ છે

પર્યુષણા, એ પણ એક આચાર છે આચેલક્ય આદિ દશ પ્રકારના આચારો છે સાધુઓને માટેના દશ પ્રકારના એ આચારો પૈકી 'પર્યુષણા' નામનો જે આચાર છે, તેમાં સાધુઓને લગતા વાસ સબંધી આચારનો પણ સમાવેશ થાય છે અને વાર્ષિક પર્વનો પણ સમાવેશ થાય છે આ વાર્ષિક પર્વ, પહેલા, ભાદરવા સુદ પાચમે નિયત હતું, પરન્તુ યુગપ્રધાન આચાર્યભગવાન શ્રીમત્ કાલિકસૂરીશ્વરજી મહારાજાએ, સયોગવશાત્ ભાદરવા સુ ચોથે આ વાર્ષિક પર્વને નિયત કર્યું અને ત્યારથી માડીને ભાદ વા સુદ ચોથે વાર્ષિક પર્વ મનાય છે આ એક અતિ મહત્ત્વનો ફેરફાર છે, પરન્તુ આ ફેરફાર પાછળ ઘણું રહસ્ય રહેલુ છે એક રાજા, કે જે શ્રાવક હતો અને વાર્ષિક પર્વનુ આરાધન કરવાને ઇચ્છતો હતો, તેણે પોતાની મુશ્કેલીના કારણે યુગપ્રધાન આચાર્ય ભગવાન શ્રીમત્ કાલિકસૂરીશ્વરજી મહારાજાને વિનતિ કરી કે-ભાદરવા સુદ પાચમના બદલે ભાદરવા સુદ છઠના દિવસે પર્યુષણા ઠરવાની કૃપા કરો એ વિનતિના ઉત્તરમા, આચાર્ય ભગવાને ફરમાવ્યુ કે-પર્યુષણા કરવામા ભાદરવા સુદ પાચમની રાત્રિને ઉલ્લઘી શકાય જ નહિ આથી રાજાએ વિનતિ કરી કે-અનાગત ચતુર્થીએ પર્યુષણા કરવાની કૃપા કરો ભાદરવા સુદ પાચમની અપેક્ષાએ ભાદરવા સુદ છઠ અતિક્

મિત કહેવાય અને ભાદરવા સુદ ચોથ અનાગત કહેવાય યુગપ્રધાન આચાર્યભગવાનને રાજાની વિનતિનો સ્વીકાર કરવો વ્યાજબી લાગ્યો, અને એથી, તેઓશ્રીએ, રાજાની વિનતિને સ્વીકારીને, પર્યુષણાપર્વના દિવસ તરીકે ભાદરવા સુદ ચોથને પ્રવર્તાવી તત્કાલીન સર્વ સાધુઓએ પણ તેને અનુમતિ આપી આ ફેરફારના યોગે, ચોમાસી, કે જે પહેલા પૂનમની હતી, તે ચૌદશે ફેરવવી પડી આજે ઘણાઓ એવા ભ્રમમા છે કે–'વાર્ષિક પર્વ ગમે તે દિવસે થઈ શકે જ્યારે કરીએ ત્યારે લાભ જ છે' ખરેખર એમ જ હોત, તો યુગપ્રધાન આચાર્ય-ભગવાન શ્રીમત્ કાલિકસૂરીશ્વરજી મહારાજા તે વર્ષે ભાદરવા સુ૦ છઠે પર્યુષણા કરી લેત અને પછી પાછા ભાદરવા સુદ પાચમે સવત્સરીપર્વ કરવાનુ જારી રાખત પરન્તુ ભાદરવા સુદ પાચમે આગલે વર્ષે સવત્સરી કરેલી, તેથી જેમ તે વર્ષે ભાદરવા સુદ છઠે સવત્સરી થઈ શકે તેમ નહોતું, તેમ ભાદરવા સુદ ચોથે સવત્સરી કર્યા પછી, ભાદરવા સુદ ચોથની રાત્રિને ઉલ્લઘી શકાય તેમ પણ નહોતું ત્યા શાસ્ત્રની આજ્ઞાનો સવાલ હતો આથી, ત્યારથી પર્યુષણાપર્વ ભાદરવા સુદ ચોથે જ નિયત થયુ અને ચોમાસી ચૌદશે નિયત થઈ આ ઉપરથી તમે સમજી શક્યા હશો કે-પર્યુષણાપર્વ તો માત્ર એક જ દિવસે છે પર્યુષણાપર્વનો ભાદરવા સુદ ચોથનો દિવસ, એ આઠમો દિવસ આવે, એ રીતિએ પહેલાના સાત દિવસોને લઈને શ્રી પર્યુષણા અઠ્ઠાઈ ગણાય છે શ્રી પર્યુષણા પર્વની અઠ્ઠાઈ આઠ દિવસની છે, પણ શ્રી પર્યુષણા તો એક જ દિવસે અને તે પણ યુગપ્રધાન આચાર્યભગવાન શ્રીમત્

કાલિકસૂરીશ્વરજી મહારાજાએ જ્યાંથી ફેરફાર કર્યો ત્યારથી ભાદરવા સુદ ચોથે જ છે

શ્રી કલ્પસૂત્ર

શ્રી પર્યુષણાપર્વ આવ્યે છતે, મંગલ નિમિત્તે, શ્રી કલ્પસૂત્ર વંચાતું અને સંભળાવાતું શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા બાદ, ગીતાર્થ શ્રી કલ્પસૂત્રનું વાચન અને શ્રાવણ માત્ર સાધુઓ પૂરતું જ થતું હતું શ્રી કલ્પસૂત્ર સાધ્વીઓને પણ તે જ દિવસે દિવસના ભાગમાં વિધિ અનુસાર સંભળાવાતું હતું તે કાળમાં શ્રાવક-શ્રાવિકા સંઘને શ્રી કલ્પસૂત્ર સંભળાવાતું પણ નહિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માને નિર્વાણ પામ્યે, એક મતે ૯૮૦ વર્ષો વ્યતીત થયે છતે અને મતાન્તરે ૯૯૩ વર્ષો વ્યતીત થયે છતે, શ્રી કલ્પસૂત્ર સભા સમક્ષ મહોત્સવ પૂર્વક આનંદપુર નામના નગરમાં વંચાયું અને ત્યારથી આરંભીને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રીસંઘ શ્રી કલ્પસૂત્રના શ્રવણનો અધિકારી બન્યો છે આ રીતિએ સભા સમક્ષ શ્રી કલ્પસૂત્ર પાંચ દિવસોમાં નવ વિભાગો રૂપ નવ વ્યાખ્યાનો દ્વારા વંચાય છે એ પાંચ દિવસોમાં પંચમો દિવસ ભાદરવા સુદ ચોથનો જ આવવો જોઈએ ભાદરવા સુદ ચોથનો દિવસ, એ જ શ્રી પર્યુષણાનો દિવસ છે અને તે દિવસે ચતુર્વિધ શ્રીસંઘને માત્ર નવમું વ્યાખ્યાન જ નહિ સંભળાવતા, આખું ય શ્રી કલ્પસૂત્ર મૂળ સંભળાવાય છે આ શ્રી કલ્પસૂત્રની રચના, ચૌદ પૂર્વોના જ્ઞાનને ધરનારા યુગપ્રધાન આચાર્યભગવાન શ્રીમદ્ ભદ્રબાહુસ્વામિજીએ કરેલી

છે પ્રત્યાખ્યાનપ્રવાદ નામનું જે નવમું પૂર્વ, તેમાથી અમુક અમુક વસ્તુઓને ઉદ્ધૃત કરીને, તેના દ્વારા એ મહાપુરૂષે આ શ્રી કલ્પસૂત્રની રચના કરેલી છે આથી, આ શ્રી કલ્પ સૂત્રનું માહાત્મ્ય અસાધારણ કોટિનું છે મહાપુરૂષોએ શ્રી કલ્પ સૂત્રનું માહાત્મ્ય ખૂબ ખૂબ વર્ણવ્યુ છે અને ફરમાવ્યુ છે કે-' જેમ શ્રી અર્હંનથી પરમ કોઇ દેવ નથી, મુક્તિથી પરમ કોઈ પદ નથી અને શ્રી શત્રુંજયથી પરમ કોઈ તીર્થ નથી, તેમ શ્રી કલ્પસૂત્રથી પરમ કોઇ શ્રુત નથી ' શ્રી કલ્પસૂત્રને સાક્ષાત્ કલ્પવૃક્ષની ઉપમા આપીને, મહાપુરૂષોએ ફરમાવ્યુ છે કે-' આ શ્રી કલ્પસૂત્ર રૂપ કલ્પવૃક્ષનું બીજ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું ચરિત્ર છે, અંકુર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચરિત્ર છે, સ્કન્ધ શ્રી નેમિનાથ ભગવાનનું ચરિત્ર છે, શાખા સમૂહ તરીકે ભગવાન શ્રી ઋષભદેવ આદિ ભગવન્તોના ચરિત્રો છે, પુષ્પો તરીકે સ્થવીર એવા મહાપુરૂષોનું વર્ણન છે, સુગંધ તરીકે સાધુ-સાધ્વીઓએ જીવવાની જે સામાચારી-તેનું જ્ઞાન છે અને મોક્ષની પ્રાપ્તિ એ ફલ છે ' આથી જ સર્વોત્તમ પર્વમા સર્વોત્તમ સૂત્ર વચાય છે

ભાવમંગલથી તત્કાલ પણ લાભ અને પરિણામે પણ લાભ

શ્રી કલ્પસૂત્રની આટલી બધી મહત્તા શાથી ? એટલા જ માટે કે-શ્રી કલ્પસૂત્રમા દેવ, ગુરૂ અને ધર્મ-એ ત્રણેયનું વર્ણન છે એક તો નવમા પૂર્વમાથી ઉદ્ધૃત કરાએલી વસ્તુ એને ઉદ્ધૃત કરીને એની સૂત્ર રૂપે રચના કરનારા ચૌદપૂર્વી યુગપ્રધાન મહાપુરૂષ અને એમા વર્ણન દેવ-ગુરૂ-

આના જેવું મંગલમય અને મંગલકારી વાચન અને શ્રવણ બીજું કોઈ હોઈ શકે જ નહિ સામાન્ય રીતિએ 'મંગલ' શબ્દનો પ્રયોગ કલ્યાણસૂચક અર્થમા થાય છે, પરન્તુ સર્વોત્તમ મંગલ તો તે જ કહેવાય, કે જેના યોગે સર્વોત્તમ કોટિનું મંગલ સધાય જેઓને કોઈ પણ પ્રકારની અભિલાષા છે, તેઓને મંગલની અભિલાષા તો છે, છે ને છે જ અભિલાષા હોય અને મંગલની અભિલાષા ન હોય, એ બનવાજોગ નથી જગતના જીવો મંગલના તો એવા અભિલાષી છે કે-વાત વાતમા શકુન શોધે છે, ક્યાક જવું હોય તો દહી, ગોળ વિગેરે ખાઈ ને નીકળે છે એ બધા દ્રવ્ય મંગલો છે ભાવમંગળ તો આત્માની પોતાની સાચી શુદ્ધિ ઉપર આધાર રાખે છે આત્માની પોતાની સાચી શુદ્ધિ, એ જ સાચુ મંગલ છે અને એ જ કદી પણ નિષ્ફળ નિવડે નહિ એવું મંગળ છે આત્માની અશુદ્ધિ, એ પોતે જ અપમંગળ રૂપ છે પોતે અપમંગળ સ્વરૂપ હોવા છતા પણ, બહારના મંગલને શોધાય, એ એક પ્રકારની ઘેલછા જ છે, પરન્તુ અજ્ઞાન જીવો પાસેથી ઘેલછા સિવાયની આશા પણ શી રખાય ? પોતે અપમંગળસ્વરૂપ હોવા છતા પણ, બહારના મંગલને શોધે અને બહારના મંગલના યોગે સફળતા મળી-એવું પણ કેટલીક વાર લાગે, પરન્તુ, એ સફળતા ય વસ્તુત તો પૂર્વકૃત ભાવમંગલને જ આભારી હોય છે પુણ્ય વિના સફળતા મળતી જ નથી અને પુણ્ય બધાય છે કાઇક ને કાઈક ધર્મ કર્યો હોય તો જ ! એટલે જેઓ સૂક્ષ્મબુદ્ધિથી વિચારણા કરી શકે છે, [illegible] તો સમજી જ શકે છે કે-બહારના મંગળને પણ

જ્યારે આભ્યન્તર મંગલ એટલે કે ભાવમંગલ સહાયક બને છે, ત્યારે જ તે બાહ્ય મંગલ મંગલનું કારણ બની શકે છે એવી જ રીતિએ, ભાવમંગલને અંગે પણ સમજવાનું છે પૂર્વકાળમાં મહા અપમંગલરૂપ બહુ પાપકર્મોનો સંચય કરેલો હોય, તો ભાવમંગલ તત્કાલ ધાર્યું ફળ આપનારૂં ન પણ બની શકે વર્તમાનમાં પોતે આત્માની સાચી શુદ્ધિના ભાવમાં રમતો હોય, પરન્તુ પૂર્વે સંચિત કરેલાં જોરદાર પાપકર્મો ઉદયમાં વર્તતાં હોય, તો એ પરમ મંગલને આચરનારા પુણ્યાત્માને પણ મહા આપત્તિઓમાં મૂકાયા કરવું પડે એ સહજ છે આમ હોવા છતાં પણ, ભાવમંગલ પોતાનું ફળ તો આપે જ છે આત્માની સાચી શુદ્ધિના ભાવમાં રમતા આત્માઓ એ મહા વિપત્તિઓના કાળમાં પણ, અદ્ભુત એવા સમાધિસુખમાં મહાલતા હોય છે બહારના એટલે બીજા જીવો જાણે કે-'આમને માથે આપત્તિઓનો પાર નથી' અને પોતે માને કે-'હું સંપત્તિઓથી વિંટળાઈ રહ્યો છું !' કારણ કે-એ આત્માઓને દુઃખો દુઃખ ઉપજાવી શકતા નથી, પરન્તુ દુઃખોના કારણરૂપ પોતાના જે પાપકર્મો, તે એ રીતિએ આત્માથી વિખૂટા પડતા જાય છે, તેનાથી એ આત્માઓ સુખને અનુભવે છે એ આત્માઓ એ રીતિએ પણ સુખનો અનુભવ કરે છે કે-'આ બધા દુઃખો બહુ સારા કાલમાં આવ્યા મારા આ પાપકર્મો જો મારા અજ્ઞાન આદિના કાલમાં ઉદયમાં આવ્યા હોત, તો હું આટલો ધીર રહી શકત નહિ, દુઃખોને સુખે સહી શકત નહિ, દુર્ધ્યાનના દાવાનળમાં સળગ્યા કરવાના

વધારાના દુખને હુ જાતે ઉભુ કરત અને દુખથી ત્રાસીને મન-વચન-કાયા દ્વારા એવી એવી પ્રવૃત્તિઓ કરત કે-ભવિષ્યમા મને આના કરતા પણ કેઈ ગુણા વધુ પ્રમાણુ વાળા અને કેઈ કાલ પર્યન્ત ટકે તેવા દુખોને આપે એવા પાપકર્મોને ઉપાર્જત! આજે હુ સાવધ છુ અને સાચી શુદ્ધિમા રહી શકુ છુ, તેથી આ દુખો મને મુઝવી શકતા નથી અને આ નિમિત્તે મારા બીજા પણ પૂર્વકાલીન થોક બધ કર્મો, મારા સારા ભાવના કારણે, મારા આત્માથી વિખૂટા પડી જાય છે ' ભાવમગલના યોગે, તત્કાળ, આવા સુન્દર સમાધિસુખની પ્રાપ્તિ થઈ શકે છે અને પરિણામે મુક્તિસુખની પ્રાપ્તિ થઈ શકે છે મગલના અભિલાષી આત્માઓએ, આવા જ મગલના અભિલાષી બનવું જોઈ એ મગલના વાસ્તવિક સ્વરૂપને વર્ણવતા, ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-' मा भवाद् गाल्यति इति मङ्गलम् । ' ભવ એટલે સસાર, એનાથી આત્માને જે ગાળે, તેને મગલ કહેવાય મગલ જો સાચી રીતિએ મગલ જ હોય, તો એ મગલથી જીવને પરમ્પરાએ પણ આ પરમ ફળ મળ્યા વિના રહે જ નહિ શ્રી કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ, ખરેખર આ કોટિનું મગલ છે, પરન્તુ શ્રી કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ કર નારાઓએ, પોતાના આત્માને આ મગલને યોગ્ય બનાવ વાનો પુરૂષાર્થ પોતે જ કરવા જોઈએ જડની જેમ કે વિપરીત ભાવથી અથવા તો આદરરહિતપણે જો શ્રી કલ્પસૂત્રનુ વાચન અને શ્રવણ કરાય, તો તેથી પરમ ફળ આપવાને સમર્થ એવી પણ એ ક્રિયા, પરમફળદાયિની બની શકે નહિ

આગમનથી આઠ ભવની અંદર મુક્તિ.

શ્રી કલ્પસૂત્રની મંગલમયતા દેવ-ગુરુ-ધર્મના વર્ણનને જ આભારી છે, અને જ્યાં દેવતત્ત્વને, ગુરુતત્ત્વને અને ધર્મતત્ત્વને કશું જ સ્થાન હોતું નથી, ત્યાં સાચું મંગલ હોઈ શકતું પણ નથી 'મોક્ષને પમાડે એનું નામ મંગલ, એટલે કે-એ જ સાચું મંગલ'-આ વાત જો બરાબર સમજવામાં આવી જાય, તો મંગલભૂત કોણ છે, તે પણ સમજાઈ જાય સાચા મંગલ માટે સાચા મંગલભૂતનું સેવન આવશ્યક છે સાચા દેવ અને સાચા ગુરુ, એ મંગલમૂર્તિઓ છે દેવ તે કહેવાય છે, કે જે મોક્ષને પામેલા હોઇને આત્માની પરમ શુદ્ધાવસ્થાને પામેલા હોય અથવા તો જે શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બનીને ધર્મતીર્થના સ્થાપક બન્યા હોય ગુરુ તે કહેવાય છે, કે જેઓએ બાહ્ય સંગોનો ત્યાગ કર્યો હોય, જેઓ અહિંસાદિના પાલક હોય અને જેઓ શુદ્ધ એવા મોક્ષમાર્ગની જ આરાધનામાં મન-વચન-કાયાને યોજી ચૂક્યા હોય આવા દેવ અને આવા ગુરુ મંગલમૂર્તિ ગણાય, તે સ્વાભાવિક છે શુદ્ધ ધર્મ તો પોતે જ મંગલસ્વરૂપ છે શ્રી કલ્પસૂત્રમાં આવા શુદ્ધ દેવોના ચરિત્રોનું વર્ણન છે આવા શુદ્ધ ગુરુઓનું વર્ણન છે અને શુદ્ધ દેવોએ પાળીને અને ધર્મતીર્થને સ્થાપીને દર્શાવેલા તથા શુદ્ધ ગુરુઓએ પાળેલા અને મુમુક્ષુ આત્માઓએ પાળવા લાયક ધર્માચારોનું વર્ણન છે એ વર્ણન પણ પાછું મૂળ અંગસૂત્રમાંથી ઉદ્ધરેલું એટલે એ વર્ણનના સઘળા ય પદો અને પાઠો મંગલમય હોય તે સ્વાભાવિક છે આથી તો મહાપુરુષોએ

કહ્યુ છે કે-'આ શ્રી કલ્પસૂત્રને વાચવા દ્વારા, આ શ્રી કલ્પસૂત્રના વાચન આદિમા સાહાય્ય આપવા દ્વારા અને આ શ્રી કલ્પસૂત્રના સર્વ અક્ષરોને સાભળવા દ્વારા પણ જો આ શ્રી કલ્પસૂત્રની વિધિપૂર્વક આરાધના કરવામા આવે, તો તેથી આરાધક આત્માને એ આરાધના માત્ર આઠ ભવોની અદર જ મુક્તિને આપનારી નિવડે છે' અને આ વાતમા પણ જરાય શકા લાવવા જેવુ નથી

શ્રી પર્યુષણમા ગોઠવાતી ભાષણશ્રેણિ

આજે આવા મગલમય અને મત્રાક્ષરોથી પરિપૂર્ણ એવા શ્રી કલ્પસૂત્રના શ્રવણથી જૈનો વચિત રહી જાય, એવી જાતિનો પ્રચાર અને એવી જાતિની પ્રવૃત્તિઓ પણ ચાલી રહી છે અને યુવક સઘો આદિના નામે યોજવામાં આવતી ભાષણશ્રેણિઓ, એ એના જ એક પ્રતીક રૂપ છે. પહેલા તો, આ શ્રી કલ્પસૂત્ર, શ્રાવક-શ્રાવિકાઓને સાભળવાને પણ મળતુ નહિ જ્યારે આજે મહાભાગ્યે એ શક્ય બનેલ છે, ત્યારે આના શ્રવણથી વચિત રહેવુ એ કમનશિબી છે કેટલાકો કહેશે કે-'વર્ષ વર્ષે એની એ વાતો સાભળવી કેમ ગમે?' આ પ્રશ્ન જ, મૂળ વસ્તુની પ્રીતિનો અભાવ છે, એમ સૂચવે છે પરમ તારક અને પરમ શુદ્ધ દેવોના ચરિત્રો બારે મહિને સાભળવાનો અવસર મળે, તેમા કટાળો કોને આવે? સર્વ પાપવૃત્તિઓથી મુક્ત અને કેવળ ધર્મચારી એવા મહાપુરૂષોનાં ચરિત્રો અને ગુરૂવર્ગની પરપરા આદિને સાભળવાનો બારે મહિને અવસર આવે, ત્યારે એ

તરફ અનુગમો કોને થાય ? દેવના સ્વરૂપનું અને ગુરૂના સ્વરૂપનુ ચિન્તન તો આત્માએ રોજ કરવું જોઈએ એના યોગે પણ આત્માની ઘણી શુદ્ધિ નથાય છે અને સદ્ધર્મના સુન્દર આચારોને પોતાના જીવનમા જીવવાની પ્રેરણા મળે છે શુદ્ધ દેવતત્ત્વ ઉપર, શુદ્ધ ગુરૂતત્ત્વ ઉપર અને શુદ્ધ ધર્મ-તત્ત્વ ઉપર શ્રદ્ધાને કેળવવાનો તેમ જ આત્મામા શ્રદ્ધા પ્રગટી હોય, તો તેને નિર્મલ બનાવવાનો એ સુન્દર ઉપાય છે આવા સુન્દર સયોગોથી કોઇ પણ આત્મા વચિત રહે અગર તો વચિત બને, એવી પ્રવૃત્તિને તો તે જ આત્માઓ આચરી શકે, કે જે આત્માઓને મોક્ષની અભિલાષા ન હોય અને એથી શુદ્ધ એવા મોક્ષમાર્ગની સાચી રૂચિ ન હોય જેઓ આજે એકની એક વાતથી કટાળ્યાની વાતો કરે છે, તેઓ એમ કહી શકશે ખરા કે-તેમને શ્રી કલ્પસૂત્રમા આવતી વિગતોની સાચી અને શકય એટલી પૂર્ણ માહિતી છે અને એથી હવે તેઓ નવી વિગતોની શોધમા નીકળ્યા છે ? જે લોકોને એમ લાગતુ હોય કે-' શ્રી કલ્પસૂત્રનાવાચન દ્વારા જે વાતો દેવ સબધી, ગુરૂ સબધી અને ધર્મ સબધી કહેવાય છે, તેમા કાઈ કમ નથી, અમે તેના કરતા સારૂ કહી શકીએ છીએ ' -આવી મનોવૃત્તિવાળા માણસોને માટે તો કહેવું જ શું ? એવા માણસો શ્રી પર્યુષણપર્વમા માનનારા પણ શાના હોય ? ત્યારે તેમણે તેમનું નવું કોઇ પર્વ શોધી કાઢવાને બદલે, શ્રી પર્યુષણાપર્વમા જ અને શ્રી પર્યુષણપર્વના નામે જ સાયણુએસિ ગોઠવવાનુ કેમ પસદ કર્યુ ? આ તો પ્રસગ પૂરતી સૂચના આપી દીધી, બાકી તો આને અગે ઘણું જ કહેવા જેવું

છે અહીં તો વાત એટલી જ છે કે–શ્રી પર્યુષણમા શ્રી કલ્પસૂત્રનુ શ્રવણ, એ ય અવશ્યકર્ત્તવ્ય છે આવતી કાલે ભાદરવા સુદ ચોથ છે અને શ્રી પર્યુષણાપર્વનો દિવસ ભાદરવા સુદ ચોથનો જ છે, એટલે આવતી કાલે જ્યા જ્યા સાધુ મહાત્માઓ હશે, ત્યા ત્યા આખુ ય શ્રી કલ્પસૂત્ર મૂળ વચાશે, માટે જેઓએ આગલા વ્યાખ્યાનો ન સાભળ્યા હોય, તેઓએ પણ શ્રી કલ્પસૂત્રના શ્રવણનો, સકલ સામગ્રીએ સહિત શ્રી કલ્પસૂત્રના શ્રવણનો લાભ લેવાને ચૂકવું જોઈએ નહિ

શ્રી પર્યુષણાના ખાસ કર્ત્તવ્યો

મહાપુરૂષો ફરમાવે છે કે–શ્રી કલ્પસૂત્રનુ શ્રવણ સકળ સામગ્રીએ સહિત કરવાથી જ, તે શ્રવણ વાછિત ફળને પમાડનારૂ બને છે એ કારણે, શ્રી કલ્પસૂત્રના શ્રવણના મહિમાને સાભળીને તપ, પૂજા અને પ્રભાવના આદિ ધર્મકાર્યો, કે જે કષ્ટસાધ્ય છે અને ધનવ્યયથી સાધ્ય છે, તેમા આળસ કરવી જોઈએ નહિ જેમ બીજ પણ વૃષ્ટિ અને વાયુ વિગેરે રૂપ સામગ્રીના સદ્‌ભાવથી જ ફળ નિષ્પન્ન કરવામા સમર્થ નિવડે છે અને તે સામગ્રી વિના ફળ નિષ્પન્ન કરવામા સમર્થ નિવડતું નથી, તેમ આ શ્રી કલ્પસૂત્રનુ શ્રવણ પણ દેવપૂજા, ગુરૂપૂજા, પ્રભાવના અને સાધર્મિકભક્તિ આદિ સામગ્રીના સદ્‌ભાવ યોગે જ યથોક્ત ફળની પ્રાપ્તિનુ કારણ બની શકે છે આથી, મુમુક્ષુ આત્માઓએ પોતાની શરીર સબધી શક્તિને અને ધન સબધી શક્તિને ગોપવ્યા વિના દેવપૂજા, ગુરૂપૂજા, પ્રભાવના, સાધર્મિકભક્તિ અને તપ

કરવા પૂર્વક શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરવું જોઈએ. શ્રી કલ્પ સૂત્રની 'સુબોધિકા' નામની ટીકામાં ફરમાવ્યું છે કે- 'अस्मिन् वार्षिकपर्वणि कल्पश्रवणवत् इमान्यपि पंचकृत्यानि अवश्यं कार्याणि । तद्यथा । चैत्यपरिपाटी, समस्तसाधुवन्दनं सांवत्सरिकप्रतिक्रमणं, मिथः साधर्मिकक्षामणं अष्टमं तपश्च । एषां अपि कल्पश्रवणवद्वाञ्छितदायकत्वं अवश्यकर्तव्यत्वं जिनानुज्ञातत्वं च ज्ञेयम् ।' ચૈત્યપરિપાટી, સર્વ સાધુઓને વંદન, સંવત્સરી પ્રતિક્રમણ, પરસ્પર સાધર્મિકો સાથે ક્ષમાપના અને અઠ્ઠમનો તપ-આ પાંચ કાર્યો પણ શ્રી પર્યુષણાપર્વમાં શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરવાની માફક અવશ્ય કરવા લાયક છે. આ કાર્યોનું પણ કલ્પશ્રવણની માફક વાંછિત ફળદાયકપણું અને અવશ્યકર્તવ્યપણું ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે.



બાવીસ વર્ષોથી પ્રગટ થતુ સાપ્તાહિક

શ્રી જૈન પ્રવચન

આ સાપ્તાહિકમા પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યા નવાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શ્રી જિનાજ્ઞાસારગર્ભિત પ્રભાવક પ્રવચનોનું સારભૂત અવતરણ પ્રગટ કરવામાં આવે છે

તા ૧ ૧ ૧૯૫૨થી, આ સાપ્તાહિકનું તેવીસમુ વર્ષ શરૂ થશે વર્ષમા નિયમ મુજબ ૪૮ અકો અપાય છે વાર્ષિક લવાજમ છ રૂપીઆ છે વાર્ષિક લવાજમ ભરનાર ગ્રાહકોને એક પુસ્તક ભેટ અપાય છે દરેક વાર્ષિક લવાજમ તે વર્ષના ડીસેમ્બરની ૩૧ મી તારીખે પૂરૂ થયેલુ ગણાય છે તા ૧ ૧ ૧૯૫૨ પછી વાર્ષિક લવાજમ ભરનારપાસેથી રૂા ૧-૮-૦ પ્રવેશ ફીનો લેવામા આવશે

તેવીસમા વર્ષમા, શકય હોય ત્યા સુધી, જાહેર પ્રવચનોનુ સારભૂત અવતરણ આપવાનું છે, એટલે જૈનેતર ભાઇઓને પણ તે વાચવું ઘણુ સરળ થઇ પડશે

આપ ગ્રાહક ન હો તો ગ્રાહક બનો અને બીજાઓને પણ લાભ થાય એ માટે ગ્રાહક બનાવો

શ્રી જૈન પ્રવચન કાર્યાલય
ઠે ટકશાળની પોળ અમદાવાદ.

લેખાંક આઠમો

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના જેવો અન્ય કોઈ ઉપકારી છે જ નહિ !

જેઓ આપણા પ્રત્યેના વૈરવિરોધને તજે નહિ, તેઓ પ્રત્યેના વૈરવિરોધને પણ આપણે તો તજી જ દેવો જોઇએ, કારણ કે–આપણે આપણા ભલાને માટે જ ઉપશાન્ત બનવાનુ છે, નહિ કે–માત્ર બીજા કોઈના જ ભલાને માટે ઉપશાન્ત બનવાનુ છે

શ્રી પર્યુષણ પર્વ, એ વર્ષભરમાં લાગેલા દોષોથી અને થએલા કલેશોથી આત્માને મુક્ત બનાવનારૂ વાર્ષિક પર્વ છે !

વૈરવિરોધથી ફાયદો કદી થતો નથી અને નુકશાન અવશ્ય થાય છે, છતા પણ એવી મૂર્ખાઇને આચરનારાઓ ઘણા છે અને એવી મૂર્ખાઇને આચરવામા ડહાપણ છે–એવુ સમર્થન કરનારા આત્માઓનો પણ આ જગતમા તોટો નથી !

: લેખક

પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વિ સં ૨૦૦૭ ભાદરવા શુદી ૪
તા ૫ ૯ ૧૯૫૧ બુધવાર

લાગેલા દોષોની શુદ્ધિ માટેના પ્રતિક્રમણો

શ્રી પર્યુષણા નામનું વાર્ષિક પર્વ, વર્ષભરમા લાગેલા નાના-મોટા દોષોથી મુક્ત બનવાને માટેનુ પર્વ છે મોક્ષના સાધક બનવાના માર્ગે ચડેલો આત્મા, જ્યા સુધી અમુક વિશિષ્ટ અવસ્થાને પામતો નથી, ત્યા સુધી તે દોષવાન બનવાનો સભવ રહે છે, પરન્તુ જે આત્માઓ કેવળ મોક્ષમાર્ગની જ આરાધનામા પોતાના મન-વચન-કાયાના યોગોને સમર્પી ચૂકયા હોય છે, તે આત્માઓ દોષથી બચવાની કાળજી રાખ્યા જ કરે છે દોષથી બચવાની કાળજી રાખવા છતા પણ, દોષ લાગી જવો એ સભવિત હોવાના કારણે, લાગેલા દોષોનું નિવારણ થઇ જાય, એ માટે પ્રતિક્રમણોનુ વિધાન કરવામા આવ્યું છે રોજ સૂર્યોદય પહેલા પ્રતિક્રમણ એ માટે કરવાનુ છે કે-રાત્રિમા લાગેલા દોષોનુ નિવારણ થઇ જવા પામે અને રોજ સૂર્યાસ્ત સમયે પ્રતિક્રમણ એ માટે કરવાનુ છે કે-દિવસમા લાગેલા દોષોનુ નિવારણ થઈ જવા પામે આ રીતિએ, રોજ સવારે રાત્રિના દોષોથી અને રોજ સાજે દિવસના દોષોથી મુક્ત બનવાની પ્રવૃત્તિ ચાલુ રાખવા છતા પણ, સર્વથા નિર્દોષ ન બનાયું હોય એ સભવિત છે આથી દરેક મહિનાના દરેક પક્ષની ચતુર્દશીના દિવસે પાક્ષિક પ્રતિક્રમણનું, કાર્તિક મહિનાની સુદ ચૌદશે, ફાગણ મહિનાની સુદ ચૌદશે અને અષાઢ મહિનાની સુ ચૌદશે-એમ એક વર્ષમાં ત્રણ ચૌદશોએ ચતુર્માસી પ્રતિક્રમણનું અને ભાદરવા સુદ ચોથે સાવત્સરિક પ્રતિક્રમણનું

વિધાન કરવામા આવ્યું છે ચાલુ અવસર્પિણી કાળમા થએલા ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજી આદિ ચોવીસ તીર્થપતિ ભગવન્તોમા, પહેલા તીર્થપતિ શ્રી ઋષભદેવસ્વામિજી ભગવાનના સાધુઓમાં ઋજુતા અને જડતા હોવાના કારણે અને ચોવીસમા તીર્થપતિ શ્રી મહાવીરસ્વામિજી ભગવાનના સાધુઓમા વક્રતા અને જડતા હોવાના કારણે, તેઓને દોષ લાગ્યો હોય કે ન લાગ્યો હોય તો પણ, ઉપર જણાવ્યા મુજબના રાત્રિક, દૈવસિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાવત્સરિક પ્રતિક્રમણો અવશ્ય કરવાના હોય છે, જ્યારે બીજા તીર્થપતિ શ્રી અજિતનાથ ભગવાનથી માડીને તેવીસમા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ ભગવાન સુધીના બાવીસ તીર્થપતિ ભગવન્તોના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોય છે, એટલે તેઓને તો જ્યારે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરવાનું હોય છે, તેથી એ કાળમા પાક્ષિક, ચાતુર્માસિક અને સાવત્સરિક-એ ત્રણ પ્રતિક્રમણો પ્રાય હોતા જ નથી

<u>સરળ અને સમજુ બનો</u>

આથી તમે સમજી શકશો કે-શ્રી જૈન શાસનમા દોષશુદ્ધિને માટે કેટલી બધી કાળજી રાખવામા આવી છે જેવો દોષ લાગ્યો, કે તરત જ તેનું નિવારણ થવુ જોઇએ, એ દૃષ્ટિ જ આમા પ્રધાનતા ભોગવી રહી છે દોષથી બચવાને ઈચ્છનારાઓએ જેમ વક્રતાથી અને જડતાથી સદાને માટે બચવાનો પ્રયત્ન કરવો જોઈએ, તેમ ઋજુ અને પ્રાજ્ઞ બનવાનો પણ સદાને માટે પ્રયત્ન કર્યા કરવો જોઇએ

[illegible]
તેન [illegible]
પાપથી [illegible]
વિન [illegible] છે [illegible]
હોવાના [illegible]
વાના [illegible] છે, [illegible]
માટે [illegible]
પોતે જેમ અને [illegible]
વાનો અને જેમ અને [illegible]
નાવવાનો પ્રયત્ન [illegible]
થવામાં [illegible] છે અને [illegible]
પાવન કે વામ [illegible]
બાવે શુદ્ધ [illegible]
આત્માઓએ, [illegible]
જોઈએ અને [illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible] અવશ્ય [illegible]
છે એટલે આ વાર્ષિક પર્વની [illegible]
માટે, આરાધક આત્માઓએ, વાર્ષિક પર્વના દિવસે તો વરે-
* મા લાગેલા હોવાથી અવશ્ય [illegible]
અને બની શકે તેટલી સાથે [illegible]

તેની સાથે સમજપૂર્વક સરળતાથી ક્ષમાપના કરી લેવી જોઈએ વાર્ષિક પર્વ વહી જાય અને કોઈની પણ સાથે જો કોઈ પણ પ્રકારનો વૈરવિરોધ રહી જાય, તો તે વાર્ષિક પર્વની આપણી આરાધનાની ખામીને સૂચવે છે વાર્ષિક પર્વની ઉત્તમ પ્રકારે આરાધના કરવાના અભિલાષી આત્માઓએ તો, જેમ વર્ષભરમા લાગેલા કે લાગી જવા પામેલા દોષોને યાદ કરી કરીને તેનાથી શુદ્ધિને પામવાના ભાવે શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું જોઈએ, તેમ જેની જેની સાથે વૈરવિરોધ થયો હોય અથવા થઈ જવા પામ્યો હોય, તેની તેની સાથે ક્ષમાપના કરી લઈ ને, તે તે વૈરવિરોધના ભાવનો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ વૈરવિરોધને અંગે કોઈની સાથે બોલવા વિગેરેનુ બંધ કર્યું હોય, તો વૈરવિરોધને તજી દઈને, તેની સાથે પૂર્વવત્ બોલવા વિગેરેનું શરૂ કરી દેવુ જોઈએ વાર્ષિક પર્વ, એ સર્વ પ્રકારે અન્તઃકરણની શુદ્ધિને માટેનું પર્વ છે અને એથી જ આ શ્રી પર્યુષણ પર્વને અંગે મહાપુરૂષોએ ફરમાવ્યુ છે કે-' શ્રી જિનાગમમા ઘણા પર્વો કહેવાયેલા છે, પરન્તુ આત્માના કર્મના મર્મનો ભેદ કરનારૂં જેવું શ્રી પર્યુષણાપર્વ છે, તેવું અન્ય કોઈ પર્વ નથી' આ વસ્તુને સમજનારા આત્માઓ, શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ કેવી રીતિએ કરે ? આજે શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણમા કેટલીક વાર કોઈ કોઈ ઠેકાણે જે નહિ ઈચ્છવા જોગ ગરબડ થઈ જવા પામે છે, તે આ વસ્તુની અણસમજને આભારી છે તમે ભલે સૂત્રોના અર્થોને ન જાણતા હો, પરન્તુ તમારે શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ તો એટલા બધા

આરાધકભાવે અને ઉપશાન્તભાવે કરવું જોઇએ કે-એના યોગે તમને સારામા સારો લાભ થવા પામે શ્રી સાવત્સરિક પ્રતિક્રમણ વખતે જેઓ નહિ ઇચ્છવાજોગ વર્તાવ કરે છે, તેઓ પોતે તરવાની ક્રિયાને પોતાને માટે ડૂબવાની ક્રિયા રૂપ બનાવે છે અને અનેક આરાધક આત્માઓની આરાધનામા વિઘ્ન કરવાના ઘોર પાપને પણ ઉપાર્જે છે જેઓ થોડા પણ સમજુ હોય, તેઓ આવી મૂર્ખતા તો ન જ આચરે

બીજાઓ ખરાબ કરે તો ય તમે સારૂ કરો

વૈરવિરોધનો ત્યાગ કરવાના સબધમા, એવો પ્રશ્ન ઉઠવાનો સભવ છે કે-'આપણે તો વૈરવિરોધનો ત્યાગ કરીને સામાને ખમાવવાને માટે પણ જઈએ અને તેને ખમાવીને તેની સાથે પૂર્વવત્ બોલવા આદિનો પ્રયત્ન પણ કરીએ, પરતુ સામો આત્મા આપણા પ્રત્યેના વૈરવિરોધને તજે નહિ, ખમાવવા છતા ખમે નહિ અને બોલાવવા છતા બોલે નહિ, તો તેવા સમયે શું કરવુ જોઇએ ?' તેવા પ્રસગને માટે પણ ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-'આપણે તો ઉપશમવું જ સામો વૈરવિરોધનો ત્યાગ ન પણ કરે, તો પણ આપણે તો વૈરવિરોધનો ત્યાગ અવશ્ય કરવો.' આપણે કાઇ કોઇને માટે ઉપશાન્ત બનવાનું નથી, પણ આપણા પોતાના જ ભલાને માટે ઉપશાન્ત બનવાનુ છે સામો વૈરવિરોધને ન તજે, એટલા જ ખાતર પણ જો આપણે આપણા વૈરવિરોધના ભાવને તજીએ નહિ, તો પણ આપણને આપણા વૈરવિરોધના ભાવથી નુકશાન જ થય ્બી

ગમે તેમ કરે, તો પણ આપણે તો સારૂં જ કરવું જોઈએ અને એમા જ આપણું હિત છે વૈરવિરોધને તજવાને માટે, આપણા પ્રત્યે સામાએ શું કર્યું અને તે હજુ શું કરે છે-એ જોવાને બદલે, આપણે તો એ જ જોવું કે-કોઈના પણ પ્રત્યે હું જો વૈરવિરોધ રાખુ, તો તેથી મને તો અવશ્ય નુકશાન થાય, માટે મારે તો કોઈના પણ પ્રત્યે વરવિરોધ કે વેરા અંગાર રાખવો જોઈએ નહિ એવી જ રીતિએ, સામો જો પોતાના વેરવિરોધને તજીને ક્ષમાપના કરતો હોય અને આપણો વૈરવિરોધનો ભાવ જતો ન હોય, તો સામાને અંગે વિચાર કરવો કે-' આ, કે જે તને દુશ્મન રૂપ લાગે છે, તે શુદ્ધ બની જાય છે અને તારી મૂર્ખાઈથી તૂ પોતે તારી અશુદ્ધિમા ઉમેરા કરે છે! જો તૂ ડાહ્યો હો, તો એનાથી પણ વધુ શુદ્ધ બનવાનો પ્રયત્ન તૂ કર!'

<u>તમે તમારા વેરવિરોધથી કોઈને ય નુકશાન કરી શકો નહિ</u>

કોઈના ય પ્રત્યે તમે તમારા મનમા વૈરવિરોધનો ભાવ રાખો, એથી તમને ફાયદો શો થાય ? સામો તમારા પ્રત્યે વૈરવિરોધનો ભાવ રાખે છે, એટલા જ ખાતર તમે સામા પ્રત્યે વૈરવિરોધનો ભાવ રાખો છો, બાકી તો તમે વૈરવિરોધનો ભાવ રાખવાને ઈચ્છતા જ નથી-આવું જો તમે કહેતા હો, તો પણ એ પ્રશ્ન છે કે-તમે તેના પ્રત્યે વૈરવિરોધનો ભાવ રાખો, તેથી તમને શો ફાયદો થાય ? તમે એમ માનો છો કે-તમે કોઈના ય પ્રત્યે વૈરવિરોધનો ભાવ રાખો, એટલા માત્રથી એનું ભૂડું થઈ જાય ? તમારામા શું ખરેખર બીજાનુ

પ્રત્યે ય તમને રોષ આવે નહિ અને રોષ આવે તો ત
તમારા પોતાના પાપકર્મ ઉપર જ રોષ આવે બીજા
ઉપર રોષ આવવાને બદલે પોતાના પાપકર્મ ઉપર
આવે, એ તો સારૂ છે ને? પોતાના પાપકર્મ પ્રત્યેનો
કેવા ફલમા પરિણમે? સામાન્ય રીતિએ રોષ એ પાપક
જ કારણ છે-એમ કહેવાય, પરન્તુ પોતાના પાપકર્મ પ્રત્યે
રોષ એ પાપનું કારણ નથી બનતો, પરન્તુ આત્માને પ
કર્મ તરફ જતા અટકાવવાનું કારણ બને છે જ્યારે
એ વાતને કબૂલ રાખો છો કે-તમારા પોતાના પૂર્વસં
પાપકર્મનો ઉદય જ્યા સુધી સહાયક બને નહિ, ત્યા સુ
ગમે તેટલા માણસો તમારૂ ભૂડુ ચિતવે અગર તો ત
ભૂડુ કરવાને મથે, પરન્તુ તેમાનો કોઇ તમારો એક
પણ વાકો કરી શકે નહિ, તો પછી, તમે એવો જ વિચ
જેના પ્રત્યે તમારા હૈયામાં વૈરવિરોધનો ભાવ છે, તેને
કેમ કરતા નથી? તમને એમ થવું જ જોઈએ કે-તે
પૂર્વસચિત પાપકર્મનો ઉદય જ્યા સુધી સહાયક નહિ બ
ત્યા સુધી તો હું કોઈ પણ રીતિએ તેનું ભૂડુ કરી શકવા
જ નથી તેનુ ભૂડુ થશે તો તેના પાપકર્મના ઉદય યોગે
થશે, પણ મારૂં કર્યું જ એનું ભૂડુ નહિ થાય જો
વિચાર તમને આવે, તો તમને લાગે કે-'કોઈના ય પ્ર
વૈરવિરોધ રાખવામા વસ્તુત મને ફાયદો તો કાઈ જ નથ

<u>તમારા વેરવિરોધથી તમને તો અવશ્ય નુકશાન થાય</u>

કોઈના ય પ્રત્યે વૈરવિરોધ રાખવામા ફાયદો તો કશો

નથી, પરન્તુ [illegible] અવશ્ય છે [illegible] હૈયામાં જે [illegible]
કેટલા [illegible] વૈરવિરોધનો [illegible], તે [illegible]
એ નિમિત્તે [illegible] મલિન બન્યો. એ નિર્વિવા-
વાત છે કે [illegible] વૈરવિરોધનો [illegible], એ
પોતે જ મલિન [illegible] કે [illegible] જે [illegible]
નથી છે, તે [illegible] મલિન [illegible] છે [illegible]
ધનો [illegible]
[illegible] અને વૈરવિરોધનો [illegible]. તેના
[illegible] વૈરવિરોધને
[illegible] જ એ [illegible] છે [illegible]
[illegible]
[illegible] છે, [illegible] મલિન [illegible]
છે [illegible]
છે, [illegible]
છે [illegible]
અને [illegible]
મલિનતાના [illegible] છે. [illegible]
વૈરવિરોધના [illegible]
આપણે વૈરવિ[illegible]
આપણે સામાને [illegible]
જ્યારે સામાને [illegible]
તેના પોતાના જ [illegible]
થશે, જ્યારે તેના [illegible]
ગુણસ્થાન [illegible]

છતા પણ, કોણ એવો મૂર્ખ હોય, કે જે કોઈના ય પ્રત્યેના વૈરવિરોધના ભાવને પોતામા પેદા થવા દે અગર તો પેદા થઈ ગયેલા એ વૈરવિરોધના ભાવને બનતી પહેલી તકે કાઢી નાખવાને માટે પ્રયત્નશીલ બન્યા વિના રહે ? પરન્તુ આ જગતમા આવી મૂર્ખાઈને આચરનારા આત્માઓ જ મોટા પ્રમાણમા છે

મૂર્ખ બનાવનારો ધંધો

જગતમા આવી મૂર્ખાઈને આચરનારા આત્માઓ તો ઘણા છે, પરન્તુ 'આવી મૂર્ખાઈને આચરવી એ ડહાપણ છે'–એવું સમર્થન કરનારા આત્માઓનો પણ આ જગતમા તોટો નથી 'ગાળ દેનારને ગાળ દેવી જ જોઈએ, ભૂડુ કરનારનુ ભૂડુ કરવું જ જોઈએ, ભૂડુ કરવાને ઇચ્છનારનું પણ ભૂડુ કરવું જ જોઈએ, રોગની જેમ દુશ્મનને ઉગતો જ ડામી દેવો જોઈએ'–આવી આવી તો ઘણી વાતો, જ્યારે ને ત્યારે બોલાતી અને શિખામણ રૂપે સભળાવાતી પણ સાભળવાને મળે છે તમે પણ કદાચ આવી વાતો સાભળી હશે અગર તો તમને પણ કેટલાકોએ આવી શિખામણ આપી હશે એવા વખતે તમને શું થયુ હશે, તે તો તમે જાણો કદાચ તમને એ વખતે એવી શિખામણ વ્યાજબી પણ લાગી હોય, કારણ કે–તમારા હૈયામા વૈરવિરોધનો ભાવ પ્રગટયો હોય, તો એવી શિખામણ વ્યાજબી લાગે દુનિયાએ તો, એટલા માટે, કહેવત બનાવી દીધી છે કે–'થાય તેવા થઈએ, તો ગામ વચ્ચે રહીએ' આથી તમે સમજી શકશો કે–ચારેય તરફ આત્માને મૂર્ખ બનાવવાનો ધધો તો ચાલી જ રહ્યો છે

એમાં તમે જો જરા પણ ગાફેલ બની જાવ, તો તમને પણ મૂર્ખ બની જાવ આ માટે જ, મહાપુરૂષોએ, જગતના જીવોને અકલ્યાણમિત્રોનો સંગ તજવાની ભલામણ કરી છે સંગ કરવો તો કલ્યાણમિત્રનો જ કરવો, પરન્તુ અકલ્યાણ મિત્રોનો સંગ તો કરવો જ નહિ, એ બાબતની નોંધ કાળજી રાખવાની જરૂર છે જગતમાં અકલ્યાણમિત્રો ઠામ ઠામ છે, જ્યારે કલ્યાણમિત્રો તો બહુ જ થોડા છે અકલ્યાણમિત્રોનો સંગ વગર શોધ્યે થઈ જાય છે, જ્યારે કલ્યાણ મિત્રોના સંગને તો પુરૂષાર્થ દ્વારા મેળવવો પડે છે એ માટે, કલ્યાણ કોને કહેવાય અને અકલ્યાણ કોને કહેવાય તથા કલ્યાણનો ઉપાય કયો અને અકલ્યાણનો ઉપાય કયો, એ વિગેરે બાબતોને સૂક્ષ્મ બુદ્ધિથી જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ એ માટે બહિર્મુખ મટીને અન્તર્મુખ બનવું જોઈએ

<u>ત્રણ ગુણોની ખાસ જરૂર</u>

આ કારણે જ, મુમુક્ષુ આત્માએ એ ત્રણ ગુણો મેળવવા જોઈએ, એ વાત આગળ કહેવાઈ ગઈ છે સદાને માટે સાધુજનોની બહુમાનપૂર્વકની ભક્તિ કરનારા બનવું, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને ધારણ કરવો અને મમત્વનો પરિત્યાગ કરવાપૂર્વક બાહ્ય સંગોનો ત્યાગ કરવો—આ ત્રણ ગુણો, અહિંસાદિ રૂપ સંપત્તિને પમાડનારા પણ છે, પ્રાપ્ત થએલી અહિંસાદિ રૂપ સંપત્તિને ટકાવનારા તથા વધારનારા તથા તેને નિર્મલ બનાવનારા પણ છે અને અહિંસાદિ રૂપ સંપત્તિના પરમ ફળને પામવામાં સુન્દર પ્રકારની મદદ...

કરનાર પણ આ ત્રણ ગુણો છે જેનામાં આ ત્રણ ગુણો આવે છે, તે સહેલાઇથી કલ્યાણના અને અકલ્યાણના સ્વરૂપને સમજી શકે છે, અકલ્યાણથી બચવાના તથા કલ્યાણને પામવાના ઉપાયને પણ સહેલાઈથી સારી રીતિએ જાણી શકે છે અને તે ઉપાયને સારી રીતિએ તે આચરી પણ શકે છે વૈરવિરોધનો ભાવ આત્માને સ્પર્શે નહિ અને વૈરવિરોધનો ભાવ આત્માને સ્પર્શ્યો હોય તો પણ તેવા મલિનભાવને ટકવા ન દે, એવુ પણ આ ત્રણ ગુણોના યોગે સુશક્ય બની જાય છે જે આત્માઓને નિરંતર શુભ ઉપદેશ સાભળવાને મળે, રોજ ધર્મચારી આત્માઓના દર્શનનો લાભ મળે અને વિનયને યોગ્ય સ્થાને યથાયોગ્ય વિનયને આચરતા આવડે, આ ઉપરાંત જે આત્માઓ પોતામાં નિરંતર પ્રત્યુપકારની ભાવનાથી તદ્દન નિરપેક્ષ એવો પ્રીતિભાવ સર્વ જીવો પ્રત્યે પ્રગટે એવા પ્રયત્નમાં હોય અને મમત્વના ત્યાગપૂર્વક બાહ્ય સંગોને તજીને તૃષ્ણાને છેદવાના લક્ષ્યમાં જે આત્માઓ રમતા હોય, તેઓને મોટે ભાગે તો વૈરવિરોધનો ભાવ સ્પર્શે નહિ અને કદાચ કોઈ જીવ પ્રત્યે વૈરવિરોધનો ભાવ સ્પર્શી જાય, તો પણ એ કલુષિત ભાવને કાઢવા તરફ જ તેઓનું લક્ષ્ય હોય

ક્ષમાપના માત્ર ઔપચારિક નથી કરવાની

આ વૈરવિરોધના ભાવને, છેવટમાં છેવટ વાર્ષિક પર્વ રૂપ શ્રી પર્યુષણાના દિવસે તો અવશ્ય તજવો જોઇએ એનો અર્થ એવો નથી જ કે-આજના દિવસ પૂરતો જ વર

વિરોધના ભાવનો ત્યાગ કરવાનો છે આજે તો, એ વૈર વિરોધનો ભાવ સદાને માટે જ જવો જોઈએ જે નિમિત્ત એ વૈરવિરોધનો ભાવ પેદા થયો હોય, તે નિમિત્ત ભવિષ્યમા કદી પણ એવી રીતિએ યાદ આવવુ જોઈએ નહિ, કે જે યાદના યોગે વૈરવિરોધનો ભાવ પ્રગટે વૈરવિરોધનુ એ નિમિત્ત, સદાને માટે, વિસરાઈ જવુ જોઈએ, વૈરવિરોધના ભાવને તજવા દ્વારા ઉપશાન્ત બનીને, જેની સાથે વૈરવિરોધ થવા પામ્યો હોય તેની સાથે ક્ષમાપના કરી લેવી જોઈએ, અને ભવિષ્યમા કોઇના ય પ્રત્યે વૈરવિરોધનો ભાવ પ્રગટે નહિ, તેવી રીતિએ વર્તવાની કાળજીવાળા બનવું જોઈએ જો આ રીતિએ ઉપશાન્ત બનાય અને ભવિષ્યમા ઉપશાન્ત બની રહેવાની કાળજીવાળા બનાય, તો જ શ્રી સાંવત્સરિક પ્રતિક્રમણ દ્વારા અને ક્ષમાપના કરવા રૂપ કૃત્યને આચરવા દ્વારા, વાર્ષિક પર્વના સાચા આરાધક બની શકાય માત્ર મોઢે 'માફ કરજો' એમ કહેવાથી અગર તો કેવળ મૌખિક રીતિએ 'મિચ્છા મિ દુક્કડ' દેવાથી આત્માની સાચી શુદ્ધિ થાય નહિ વાર્ષિક પર્વ એ આત્માને શુદ્ધ બનાવવાને માટે છે, નહિ કે-આત્માની શુદ્ધિની વાચાળતાને સેવવાને માટે છે

અટ્ઠમનો તપ

આ વાર્ષિક પર્વને અંગે અટ્ઠમનો તપ કરવો પણ એક અવશ્ય કરવા યોગ્ય કર્તવ્ય છે ત્રણ દિવસોએ ઉપવાસો કરવા, એને અટ્ઠમનો તપ

આવે છે ઉપવાસો દરમ્યાન, કોઈ પણ પ્રકારનો ખોરાક અથવા તો મુખવાસનું પણ કોઇ દ્રવ્ય મોઢામા મૂકી શકાય નહિ આમ આહારનો સર્વથા ત્યાગ કરવા સાથે, કેટલાકો ઉપવાસ દરમ્યાન પાણીનો પણ સર્વથા ત્યાગ કરે છે જેઓ પાણીનો સર્વથા ત્યાગ કરી શકતા નથી, તેઓ પણ અચિત્ત એટલે જીવરહિત પાણીનો, માત્ર દિવસના જ ભાગમા અને તે પણ શાસ્ત્રોએ સૂચવેલા વિધિપૂર્વક જ ઉપયોગ કરી શકે છે આ રીતિએ ત્રણ દિવસો સુધી લાગટ આહારના સર્વથા ત્યાગપૂર્વક અને બહુલતયા પાણીના પણ ત્યાગપૂર્વક કરાતો અઠ્ઠમનો તપ, મન-વચન-કાયાના દોષોનો શોષક બનવા દ્વારા, પરમાત્મદશાને પમાડનારો બને છે આત્માને વળગેલા કર્મોને આત્માથી વિખૂટા પાડવાને માટે, તપ અદ્દભુત સામર્થ્ય ધરાવે છે તપથી શરીર નિર્બળ બને છે, પણ આત્મા ઘણો શુદ્ધ બને છે શ્રી જૈન શાસનમા બાહ્ય તપ અને આભ્યન્તર તપ છ છ પ્રકારોએ વર્ણવાયો છે તેમા બાહ્ય તપના છ પ્રકારોમા પહેલો અનશન નામનો જે પ્રકાર છે, તેમા આ અઠ્ઠમ તપનો પણ સમાવેશ થાય છે શ્રી પર્યુષણાપર્વને અંગે અવશ્ય કરવા યોગ્ય તરીકે વિહિત કરાએલો આ અઠ્ઠમનો તપ, જેઓ આ રીતિએ લાગટ ત્રણ દિવસો સુધી ઉપવાસોને કરવા દ્વારા કરી શકે તેમ ન હોય, તેઓએ છૂટક છૂટક ત્રણ દિવસોએ ત્રણ ઉપવાસો કરવા દ્વારા પણ અઠ્ઠમનો તપ કરવાની શ્રી જિનાજ્ઞાનુ પાલન કરવુ જોઇએ કેટલાક જીવો એટલા બધા અસમર્થ હોય છે કે-એક ઉપવાસ પણ કરી શકે નહિ, તેઓએ છ આય

બિલો, તે ય ન બની શકે તેમ હોય, તો નવ નીવી, તે ય ન બની શકે તેમ હોય તો બાર એકાસણા, અને તે ય ન બની શકે તેમ હોય, તો ચોવીસ બેસણા કરવા દ્વારા પણ અટ્ઠમના તપની પૂર્તિ કરવી જોઈએ જેઓને માટે બેસણા કરવા એ પણ શકય ન હોય, તેવા અસમર્થ આત્માઓએ છ હજાર જેટલી ધાર્મિક ગાથાઓનો સ્વાધ્યાય કરવો જોઈએ અથવા તો એક સો ને આઠ નવકાર ગણવા રૂપ એક નવકારાવલિ-એવી કુલ સાઇઠ નવકારાવલિઓ ગણીને પણ અટ્ઠમના તપની પૂર્તિ કરવી જોઈએ અસમર્થમાં અસમર્થ એવો પણ આત્મા, જો આરાધક બની રહેવાને ઈચ્છતો હોય, તો તે આરાધક બન્યો રહી શકે અને અટ્ઠમના તપ દ્વારા જે આત્મશુદ્ધિને સાધવાની છે, તે આત્મશુદ્ધિને સાધનારો બની શકે, એ માટે જગતના જીવ માત્રના કલ્યાણની જ ભાવનામા રમતા મહાપુરૂષોએ, આ બધા ઉપાયોને દર્શા યા છે આ ઉપાયોનો તમે વિચાર કરો, તો પણ તમને લાગે કે-એ મહાપુરૂષોના હૈયામા જીવોના કલ્યાણ માટે કેટલી બધી કાળજી હતી? આપણા કલ્યાણને માટે જેઓના હૈયે આટલી બધી કાળજી હતી, તેઓના ઉપકારને આપણે કેમ જ વિસરી શકીએ?

ચૈત્યપરિપાટી અને ગુરુવંદન.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના અને સદ્ગુરૂઓના જીવ માત્ર પ્રત્યેના ઉપકારના ભાવની આપણને સ્મૃતિ થાય, વિનય કરવા યોગ્ય સ્થાને વિનયને આચરનારા આપણે

શકીએ અને આપણે વર્તમાનમા કેવા છીએ તથા આપણે જો આપણા કલ્યાણને ચાહતા હોઈએ, તો આપણે કેવા બનવુ જોઈએ-એનો પણ આપણને ખ્યાલ આવે, એ માટે શ્રી પર્યુષણાપર્વને અગે શ્રી કલ્પસૂત્રના શ્રવણની જેમ જે અવશ્ય કરવા યોગ્ય પાચ કાર્યો દર્શાવવામા આવ્યા છે, તેમા સૌથી પહેલુ કાર્ય 'ચૈત્યપરિપાટી' દર્શાવ્યુ છે અને બીજુ કાર્ય સમસ્ત સાધુઓને વન્દન કરવાનુ દર્શાવ્યું છે આપણે જે નગરમા અગર જે ગામમા હોઈએ, તે નગર અગર તો ગામમા જેટલા ય શ્રી જિનમન્દિરો હોય, તે સર્વ મન્દિરોએ જઈને, તે સર્વ મન્દિરોમા રહેલી સર્વ શ્રી જિન પ્રતિમાઓનો દર્શન અને વન્દન આદિથી વિનય કરવો, એ ચૈત્યપરિપાટી છે ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો આ જગતના જીવ માત્ર ઉપર એવો મોટો ઉપકાર છે કે-બીજો કોઈ પણ ઉપકારી, એ ઉપકારિઓની હરોળમા આવી શકે જ નહિ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ધર્મતીર્થને પ્રવર્તાવ્યુ અને એ દ્વારા શુદ્ધ એવા મોક્ષમાર્ગને સ્વતન્ત્રપણે દર્શાવ્યો, એ જ એ તારકોનો પરમ ઉપકાર છે એ તારકોના આત્માઓમા, મૂળથી જ, એવી યોગ્યતા હોય છે કે-એ તારકોના આત્માઓ પોતે જે ભવમા મુક્તિને પામવાના હોય છે, તે ભવથી પૂર્વના ત્રીજા ભવે અવશ્ય એ આત્માઓ શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના કરે છે શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના ઉત્કટ કોટિની ભાવદયાના યોગે જ થાય છે ઉત્કટ કોટિની ભાવદયા, જીવમાત્ર પ્રત્યેના દયાભાવમાંથી જન્મે છે જીવમાત્ર પ્રત્યેનો દયાભાવ હૈયામા પ્રગટે છે આ

જીવમાત્રનુ ભલુ કેવી રીતિએ થઇ શકે તેન છે, તેનુ તેઓને જ્ઞાન પણ છે આથી એ તારકો એવો દયામય વિચાર કરે છે કે–'જગતના જીવો પરમ શુદ્ધ એવા મોક્ષ માર્ગને પામ્યા નથી, માટે જ તેઓ દુખના દ્વેષી અને સુખના અભિલાષી હોવા છતા પણ, દુખથી રહિત અને સુખથી સહિત બની શકતા નથી જો મારામા શક્તિ હોય, તો હુ એક જ કામ કરૂ કે–જગતના સઘળા ય જીવોને પરમ શુદ્ધ એવો મોક્ષમાર્ગ પમાડી દઉં !' આ જાતિની દયામય વિચારસરણીમા એક્તાન બની જતા એ આત્માઓ, એ એકતાનતાના યોગે જે પુણ્યકર્મનો ગાઢ બધ ઉપાર્જે છે, તેને શ્રી તીર્થંકર–નામકર્મની નિકાચના કહેવાય છે આ રીતિએ ત્રીજા ભવે શ્રી તીર્થંકર–નામકર્મને નિકાચનારા પુણ્યાત્માઓ, પોતાના અતિમ ભવમા માતાના ગર્ભમાં આવે છે ત્યારથી જ જ્ઞાનપ્રધાન જીવનને જીવનારા હોય છે અને એથી જ એ તારકોના જીવનમા એક પણ અનુચિત પ્રવૃત્તિને સ્થાન હોતું નથી મહા વિરાગી એવા પણ એ આત્માઓ, જો પોતાના જ્ઞાનબળે એમ જાણે છે કે–'અમુક કર્મ પરણ્યા વિના અગર તો ભોગ ભોગવ્યા વિના આત્માથી વિખૂટુ પડે તેવુ નથી જ' તો જ એ તારકો લગ્નાદિ પ્રવૃત્તિને આચરે છે પોતાના જ્ઞાનબળે પોતાની દીક્ષાના સમયને જાણીને, એ તારકો દીક્ષાને ગ્રહણ કરે છે અને જ્યા સુધી એ તારકો પોતાના વીતરાગતા ગુણને તથા અનન્તજ્ઞાનાદિ ગુણોને પ્રગટાવી શકતા નથી, ત્યા સુધી જ પીને બેસતા નથી, પરન્તુ જરૂરી એવી ઉગ્ર સાધનાઓમાં પણ કપચિત્ત બન્યા રહે છે આ ર

શ્રી વીતરાગ અને સર્વજ્ઞ બન્યા બાદ, એ તારકો જે ધર્મ તીર્થને પ્રવર્તાવે છે, તે જ શ્રી જૈન શાસન છે હાલ આ શ્રી ભરત ક્ષેત્રમા જે શ્રી જૈન શાસન વિદ્યમાન છે, તે ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પ્રવર્તાવેલુ છે ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ ફરમાવેલા પરમ શુદ્ધ એવા મોક્ષમાર્ગને અનન્ત લબ્ધિનિધાન એવા શ્રી ગૌતમસ્વામિજી આદિ ગણધર ભગવાનોએ સૂત્ર રૂપે ગુથ્યો અને શ્રી જૈન શાસનમા થએલા સઘળા ય મહાપુરૂષોએ જે કાંઈ કલ્યાણકારી ઉપદેશ જગતને આપ્યો છે, તે પણ એને જ અવલબીને આપ્યો છે આથી, જગતના જીવ માત્રના કલ્યાણનુ મૂળ ભગવાન શ્રી જિનેશ્વરદેવો છે અને એ તારકોએ, આપણે જ્યારે કાંઈ જાણતા પણ નહોતા, તે વખતે ય આપણા પ્રત્યેની દયાને ચિન્તવીને આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે આથી, આપણે જો કૃતજ્ઞ હોઈએ, તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોના તેમજ શ્રી જૈન શાસનમા થએલા સઘળા ય મહાપુરૂષોના ઉપકારને કદી પણ વિસરી શકીએ નહિ આ કારણે, આ લેખમાળાના પ્રારભમા જ કૃતજ્ઞતા ગુણને પામવાની સૌથી પહેલી ભલામણ કરવામા આવી હતી આ લેખમાળામા જે કલ્યાણકારી વસ્તુ આપી શકાઈ છે, તે પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોને અને એ તારકોના શાસનમા થએલા મહાપુરૂષોને જ આભારી છે એ તો એ તારકોએ કહેલી વાતોની કાંઈક વાનકી આપવાનો જ પ્રયાસ કર્યો છે ભગવાન શ્રી જિનેશ્વર દેવોનો અને સદ્ગુરૂઓનો આવો ઉપકાર છે, એ વાતને સમજી શકનારા આત્માઓ, ચૈત્યપરિપાટી રૂપ કાર્યને અને સમસ્ત

સાધુઓને વન્દન કરવા રૂપ કાર્યને પણ સુન્દર પ્રકારે આચરી શકે છે ધર્મતીર્થના પ્રવર્ત્તક પુણ્યાત્માઓની પ્રતિમાઓના અને એકાન્તે ધર્મચારી એવા સદ્‌ગુરૂઓના સુયોગ્ય વિનયથી, આત્મા સઘળા ય મનોવાછિનોને સિદ્ધ કરી શકે છે આ રીતિએ સૌ મોક્ષમાર્ગને આરાધો અને સૌ મોક્ષસુખને પામો, એ જ એક અભિલાષા



આભાર દર્શન

આજે આ લેખમાળાનો છેલ્લો લેખ પૂરો થાય છે "સંદેશ"ની વિનંતિને માન આપી પૂજ્ય આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીએ 'સંદેશ'માં એક અઠવાડિયા સુધી તેમની આ મૌલિક લેખમાળા આપી અમને અને અમારા લાખો વાચકોને આભારી કર્યા છે એ માટે અમે પૂ. આચાર્યશ્રીનો તેમજ જૈન પ્રવચન કાર્યાલય જેના તરફથી આ લેખો નિયમિત મળતા કર્યા છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ આચાર્યશ્રી સંદેશના લાખો વાચકોને આવો લાભ આપતા રહે એવી નમ્ર વિનંતિ કરીએ છીએ. તંત્રી

['સંદેશ' તા. ૫-૬-૧૯૫૨ બુધવાર-માંથી]